પવિત્રતાને પંથે

યાને

આત્માના સ્વભાવને બીન અનુકુળ એવી વૃત્તિ ાનઃ
અઢાર વર્ગ અને તેમાંથી નિવૃત્ત થવાનો માર્ગ.

નગીનદાસ અમુલખરાય

પવિત્રતાને પંથે

યાને

આત્માના સ્વભાવને બીન અનુકુળ એવી
વૃત્તિઓના અઢાર વર્ગ અને તેમાંથી
નિવૃત્ત થવાનો માર્ગ.

લેખક
મણિલાલ નથુભાઈ દોશી.
અમદાવાદ

છપાવી ફેલાવનાર
નગીનદાસ અમુલખરાય
હોર્નબીરોડ-કોટ—મુંબાઈ.

આ. ૫ મી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૮૫ :: સને ૧૯૨૯

બે બોલ.

પવિત્રતા એ આત્માનો સ્વભાવ છે. સત્ય, પ્રેમ, દયા, મૈત્રી, પરોપકાર એ આત્માના સ્વભાવિક ગુણો છે. આત્મા પોતાની શક્તિ, જ્ઞાન અને પ્રેમ જગતમાં પ્રકટ કરવા માગે છે, પણ તે પ્રકટ કરવામાં કેટલીક અસ્વાભાવિક–વિભાવિક વૃત્તિઓ નડે છે, અને તે **અસ્વાભાવિક વૃત્તિઓ** પાપનાં સ્થાન–પાપસ્થાનકો છે. જીવાત્મા પોતાનું સત્ય સ્વરૂપ ભૂલી જઈ રાગદ્વેષ અને કષાયો (ક્રોધ, માન, માયા, લોભ) ને વશ થઈ અહંકાર અને મમત્વ ભાવથી પ્રેરાઈને પોતાના સ્વભાવને અનુચિત એવાં અનેક પાપકર્મો આચરે છે, તેને જૈનશાસ્ત્રકારોએ અઢાર વિભાગમાં વ્હેંચી નાખ્યા છે, અને તેમને પાપસ્થાનકો એવું નામ આપ્યું છે. તે પાપસ્થાનકોનું સ્વરૂપ શું છે, તેનાં કેવાં માઠાં પરિણામ આવે છે, અને તેમાંથી બચવાને કેવા પ્રકારના વિચારો તથા વર્તન રાખવું, એ આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે.

પરપરિવાદ, પૈશુન્ય, અભ્યાખ્યાન વગેરે એક સરખા લાગતા દોષો સંબંધી વિવેચન કરવામાં કોઈ સ્થળે પુનરુક્તિ થઈ હોય તે વાચક ક્ષંતવ્ય ગણશે.

આપણા આત્મામાં અનંત શક્તિ છે, તેનું આપણને ભાન નથી. આપણે **કર્મનો અને કર્મની** પ્રકૃતિઓનો બહુ વિચાર કરીએ છીએ, પણ **આત્માના એક પ્રદેશમાં અનંત કર્મસમુદાયને** તોડવાનું સામર્થ્ય છે, એ બાબત પર વિશેષ લક્ષ આપવાની જરૂર છે. એક નાની સરખી દીવાસળી લાંબા સમયનો અંધકાર નાશ કરી શકે છે, તેમ જો આપણને આત્માની પવિત્રતાનો, શક્તિનો અને પ્રકાશનો ખ્યાલ આવે, જો આપણે તેનું ચિંતવન કરીએ, તે અનુભવવા પ્રયત્ન કરીએ તો આપણામાં એટલી બધી શક્તિ સ્ફુરે કે જેના બળથી પાપસ્થાનકરૂપ દોષો આપણે ઘણી ત્વરાથી ટાળી

શકીએ. માટે આપણે સ્વભાવે **દિવ્ય છીએ, અને દોષો તે આપણા નહિ પણ પ્રકૃતિના છે,** એ વિચારનું ચિંતવન કરી આ પુસ્તકમાં વર્ણવેલા અઢાર પાપસ્થાનકોથી બચવા વાચકવર્ગ પ્રયત્ન કરશે તેમાં આ પુસ્તકની સાર્થકતા છે.

વાચકવર્ગને એજ વિનતિ છે કે આમાંના દરેક પ્રકરણનું હાર્દ સમજી જે દોષ પોતાનામાં હોય તે દોષોને ટાળવા માટે, તે તે દોષોનું સ્વરૂપ સમજી લઇ તેની સામેના સદ્ગુણો ખીલવવા. ક્ષમાનો સદ્ગુણ ખીલવવાથી ક્રોધ પોતાની મેળે ચાલ્યો જશે. તેમ સરળતા ખીલવવાથી માયા દૂર થઈ જશે. તેવી રીતે દરેક દોષને ટાળવા **તેના વિરોધી સદ્ગુણોનું જેમ બને તેમ વધારે ચિંતવન કરવું અને તે પ્રમાણે વર્તવા નિશ્ચય કરવો** કે જેથી તે **સદ્ગુણ સમય જતાં સ્વાભાવિક થઈ જશે.**

મણિલાલ નથુભાઇ દોશી.

ભાઈ મણીલાલ નથુભાઈ દોશીએ લખેલું આ પુસ્તક ગામડાંની જૈનેત્તર પ્રજા જેની પાસે તે, વાંચી, વીચારી, તેમાં જણાવેલા સિદ્ધાંતો ક્રિયામાં મુકવાને ઘણી શાંત પળો છે, તેમના આત્મ કલ્યાણ અર્થે આખા દેશમાં મીઠાઇને બદલે જ્ઞાનની લહાણીઓ કરવા નીમીત્તે લેખકની રજા મેળવી આ સસ્તી આવૃત્તિ છપાવવામાં આવે છે.

તા. ૨૩ ફેબ્રુઆરી ૧૯૨૯.
માહા સુદી ૧૫–સંવત ૧૯૮૫.

નગીનદાસ અમુલખરાય.

અનુક્રમણિકા.

પાપસ્થાનક.	વિષય.
૧	પ્રાણાતિપાત
૨	મૃષાવાદ
૩	અદત્તાદાન
૪	મૈથુન
૫	પરિગ્રહ
૬	ક્રોધ
૭	માન
૮	માયા
૯	લોભ
૧૦	રાગ
૧૧	દ્વેષ
૧૨	કલહ
૧૩	અભ્યાખ્યાન
૧૪	પૈશુન્ય
૧૫	રતિઅરતિ
૧૬	પરપરિવાદ
૧૭	માયા મૃષાવાદ
૧૮	મિથ્યાત્વ શલ્ય

પવિત્રતાને પંથે

અથવા

આત્માના સ્વભાવને બીન અનુકુળ એવી વૃત્તિઓના અઢાર વર્ગ અને તેમાંથી નિવૃત્ત થવાનો માર્ગ.

૧
પ્રાણાતિપાત.

પહેલું પાપસ્થાનક–આત્માના પ્રકાશને રોકનારૂં કારણ–પ્રાણાતિપાત છે.

જીવમાત્ર સુખને શોધે છે. જ્યાં સુધી આત્માને પોતાના ખરા સ્વરૂપનો અનુભવ ન થાય, ત્યાંસુધી તેને કદાપી ખરી શાન્તિ મળી નથી અને મળવાની નથી. આત્મા પોતે જ્ઞાન સ્વરૂપી છે. તેનામાં અનંતજ્ઞાન, અનંતશક્તિ અને અનંત આનંદ રહેલાં છે. તે આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપે જગતના તમામ પદાર્થોને–તે પદાર્થોના ગુણ અને પર્યાયો સહિત જાણે છે અને અનુભવે છે. તે બાહ્ય પદાર્થોને તેમજ પોતાના શરીરોને સાધનો તરીકે વાપરે છે, પણ પોતે પોતાના સ્વરૂપમાંજ આનંદ માને છે. ઇન્દ્રિયોના આવેશો અને મનના વિચારો રૂપી તરંગો તેના પગ આગળ આવીને ભલે અથડાય પણ તે તો પોતાના ઉચ્ચ સ્વભાવરૂપ ખડક ઉપર સ્થિર રહે છે. કારણકે ઇન્દ્રિયો તથા મનને બળ આપનાર પણ પોતેજ છે; માટે જ્યાં આત્મા પોતાનું બળ ખેંચી લે છે, ત્યાં મન તથા ઇન્દ્રિયો શિથિલ બની જાય છે, અને તે આત્માપર પોતાનો પ્રભાવ દર્શાવી

શકતાં નથી. આત્મા તો ઇન્દ્રિયો, મન અને વાસનાઓનો સેવક નહિ પણ સ્વામી છે. આત્માના બળનો શો ખ્યાલ આપી શકાય ?

આ વિશ્વને પ્રકાશ આપનાર આત્મા અનંત શક્તિવાળો છે; તે પોતાની ધ્યાનશક્તિના પ્રભાવથી ત્રણ ભુવનને હલાવવા સમર્થ છે. આ આત્મશક્તિને દેવો અને અસુરો પણ વશ થાય છે, તો પછી સામાન્ય મનુષ્યો અને પશુઓની તો વાતજ શી ? આ આત્મશક્તિ આગળ મોટા મોટા નરેન્દ્રો અને ચક્રવર્તીઓ પણ નમી પડે છે. આત્માનું પ્રેમસ્વરૂપ જ્યારે પ્રકટ થાય છે, ત્યારે તે સ્વરૂપ પ્રકટ કરનારની સમીપમાં આવનારા વિરોધીઓનો વિરોધ ટળી જાય છે, એટલુંજ નહિ પણ સ્વભાવથી વિરોધી પશુઓ પણ પોતાનો વૈરભાવ ટાળી શાન્ત થઈ જાય છે. તેના પ્રેમની પ્રભા આગળ વૈર વિરોધનું વાદળ ટકી શકતું નથી. તે આત્મા પોતાના જ્ઞાનબળ વડે ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના બનાવોને હસ્તાકમલવત્ પોતાની દૃષ્ટિ સમીપ એકજ સમયે જોઈ શકે છે. તેના શુદ્ધ હૃદયમાં દરેક બાહ્ય વસ્તુનું પ્રતિબિંબ પડે છે, અને તેથી કોઈપણ જાતના પ્રયાસ સિવાય તે સર્વ પદાર્થો અને બનાવોને જોઈ શકે છે, જાણી શકે છે, અને અનુભવી શકે છે. વળી પ્રબુદ્ધ આત્મા સ્વસંતુષ્ટ હોવાથી પોતાના સુખ વાસ્તે તેને બહારના પદાર્થો કે મનુષ્યો પર આધાર રાખવો પડતો નથી. મનુષ્યોને પોતાના આત્માના દિવ્ય આનંદનું ભાન જેટલા પ્રમાણમાં ઓછું, તેટલા પ્રમાણમાં તે આનંદ મેળવવા માટે બાહ્ય પદાર્થો વિશેષ રૂપમાં મેળવવા ઇચ્છે છે અને મથે છે, પણ ખરા આત્મજ્ઞાનીનો આનંદ પોતાનામાં રહેલો હોવાથી તે બાહ્ય વસ્તુઓના સદ્‌ભાવ કે અભાવમાં એકસરખી પ્રસન્નતા જાળવી શકે છે. તે અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં—જગત જેને સુખદુઃખનાં પ્રસંગો કહે છે તેવાં પ્રસંગોમાં—આનંદમાં રહી શકે છે. આત્મા અમર હોવાથી અંતવાળી વસ્તુઓના સદ્‌ભાવે શું રાચે ? તેમજ અંતવાળી વસ્તુઓના અભાવે ખિન્ન પણ શું થાય ? અનંત કાળનો પ્રવાસી આત્મા આ બધા

સંસાર રૂપી નાટકનો પ્રેક્ષક છે, દ્રષ્ટા છે—સાક્ષી છે, પણ ભુલથી પ્રેક્ષક મટી એકટર—નાટકનો પાત્ર બનવા જાય છે, એટલે લેપાય છે. અને સંસાર નાટકમાં તેને પણ અનેક ભાગ ભજવવા પડે છે.

આત્મા, ઉપર જણાવ્યા પ્રમાણે, અનંત આનંદમય, અનંત શક્તિમય અને અનંત જ્ઞાનમય છે. છતાં શા સારૂ ખિન્ન, અલ્પશક્તિવાળો અને બહુજ ન્યૂન જ્ઞાનવાળો જણાય છે? તેની શક્તિ, જ્ઞાન અને આનંદને રોકનારાં કારણો કયાં છે? જેમ સૂર્યના પ્રકાશને વાદળ રોકે છે, તેમ આત્માના પ્રકાશને રોકનારાં વાદળો કયાં છે? વળી આપણે પોતેજ આ આત્મા હોવાથી અને આત્મા પોતે શક્તિ, જ્ઞાન અને આનંદના સમૂહરૂપ હોવાથી શા સારૂ તે શક્તિ, જ્ઞાન અને આનંદનો આપણને અનુભવ થતો નથી?

હાલનું વિજ્ઞાનશાસ્ત્ર આપણને જણાવે છે, તેમજ આપણે અનુભવથી જાણીએ છીએ કે આપણી ચારે બાજુએ હવા આવેલી છે, પણ જે વસ્તુ ચારે બાજુએ આવેલી હોય તેનું આપણને ભાન હોતું નથી. વળી આ હવાને વજન પણ છે, **અને તે દરેક ચોરસ ઇંચ (square inch) ઉપર પંદર રતલ છે.** છતાં આપણને તે વજનનો ભાર લાગતો નથી. પણ જો કોઈ પણ બાજુથી હવા લઈ લેવામાં આવે અને ત્યાં જગ્યા ખાલી થાય, તો હવાના દબાણનું તરતજ આપણને ભાન થાય. જો એક શીશામાંથી હવાના પંપ વડે હવા ખેંચી લેવામાં આવે, અને જો તે શીશાપર હાથ મૂકવામાં આવે તો હાથ ઉપર હવાનું દબાણ એટલું બધું થાય કે હાથમાંથી લોહીની સેરો નીકળે; કારણકે ઉપરના દબાણને રોકનારૂં હવાનું નીચેનું દબાણ તે વખતે હોતું નથી. તેજ રીતે આત્માની પૂર્ણ શક્તિઓ આપણામાં છે. પણ આપણાં હૃદયો બહારના પદાર્થો, વાસનાઓ અને વિચારોથી એટલાં બધાં ભરેલાં છે, કે તે આત્માની શક્તિઓનું દબાણ આપણને લાગતું નથી. જે પળે હૃદય ઉપરથી પાપ તરફ દોરી જતી વાસનાઓ અને વિકારોનો ભાર ઓછો થઈ જશે, તેજ પળે

તે સ્થળે આત્માની શક્તિઓ પ્રકટ થઇ પોતાનો પ્રભાવ દર્શાવશે. આત્માની શક્તિઓ ખીલવવાની નથી, **તે તો ખીલેલીજ છે.** પણ તેને પ્રકટ થવામાં જે **અંતરાયભૂત કારણો છે તે દૂર કરવાનાં છે.**

આત્માની શક્તિઓને પ્રકટ થવામાં જે અંતરાયભૂત કારણો છે, તેને પાપસ્થાનકો કહેલાં છે. તે પાપના—અશુભ પ્રવૃત્તિના હેતુઓ છે. અને જ્યાંસુધી પાપ પ્રવૃત્તિના હેતુઓ વિદ્યમાન હોય ત્યાં સુધી અશુભ પ્રવૃત્તિ થવાની અને તેના પરિણામે જે કર્મરૂપ વાદળ પ્રગટે તે આત્મસૂર્યને પ્રકટ થવા દે નહી. માટે જો આત્માની ખરી શક્તિઓ પ્રગટ કરી પોતાના આનંદમાં મ્હાલવું હોય તો મનુષ્યે અઢાર પાપ-સ્થાનકોનું સ્વરૂપ સમજી જેમ બને તેમ તેનો ત્યાગ કરવા પ્રવૃત્ત થવું. આ અઢાર પાપસ્થાનકો જૈન શાસ્ત્રોમાં વર્ણવેલા છે, અને તે નીચે પ્રમાણે છે.

(૧) પ્રાણાતિપાત. (૨) મૃષાવાદ. (૩) અદત્તાદાન. (૪) મૈથુન. (૫) પરિગ્રહ, (૬) ક્રોધ. (૭) માન. (૮) માયા. (૯) લોભ. (૧૦) રાગ. (૧૧) દ્વેષ. (૧૨) કલહ. (૧૩) અભ્યાખ્યાન. (૧૪) પૈશુન્ય. (૧૫) રતિ અરતિ. (૧૬) પરપરિવાદ. (૧૭) માયામૃષાવાદ. (૧૮) મિથ્યાત્વશલ્ય.

આ અઢાર પાપસ્થાનકો આત્માના પ્રકાશને પ્રકટ થતો અટ-કાવે છે. આ અઢારમાં પ્રથમના પાંચ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદ-ત્તાદાન, મૈથુન અને પરિગ્રહ મુખ્ય છે, બીજાં તેર ગૌણ છે. પણ આ પાંચને પુષ્ટિ આપી વધારે પ્રબળ બનાવે છે, તે અપેક્ષાએ તે તેર પણ પાપસ્થાનકો છે. વળી આ પાંચમાં પણ મુખ્ય પાપસ્થાનક હિંસા છે. તે બધા દોષોનું મૂળ છે. કહ્યું છે કે સર્વ જીવો પ્રત્યે અહિંસા—પ્રેમ (મૈત્રીભાવ) કરીને જીવ શાન્તિરૂપ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

અહિંસા જગતની માતા છે, અહિંસા આનંદની શ્રેણી છે. અહિંસા એજ ઉત્તમગતિ—માર્ગ છે. અને અહિંસા એજ શાશ્વતી લક્ષ્મી છે. યોગ સૂત્રના રચનાર શ્રી પતંજલિ ઋષિ કહે છે કેઃ—

" જ્યારે મનુષ્યને અહિંસા સિદ્ધ થાય છે ત્યારે તેવા મનુષ્યની સમીપમાં વિરોધી પ્રાણીઓ પણ પોતાનો વૈર વિરોધ તજી દે છે." આપણે શાસ્ત્રોમાં પણ સાંભળ્યું છે કે જ્યારે શ્રી મહાવીર સમોવસરણમાં બેસી ઉપદેશ આપતા હતા, તે સમયે સર્વ પશુ પંખીઓ પણ પોતાનો સ્વાભાવિક વિરોધ તજી એક બીજા સાથે પ્રેમભાવથી બેસતા હતા.

જે અહિંસાનો આવો પ્રભાવ છે તેનું સ્વરૂપ આપણે સમજવું જોઇએ, અને તેની **પ્રતિપક્ષી** હિંસાનો ત્યાગ કરવો જોઇએ.

પ્રાણાતિપાતનો અર્થ એજ થાય છે કે કોઈ પણ જીવને તેના પ્રાણથી વિમુક્ત કરવો અથવા તેને મારી નાંખવો. મનુષ્યને અથવા પશુને સર્વથા મારી નાખવું, એટલામાંજ હિંસા સમાઈ જતી નથી, પણ પશુપર અતિશય ભાર ભરવો, તેની ચામડી છેદવી, તેને બાંધી રાખી તેને ઘાસ પાણી ન આપવાં, તેને સખ્ત ચાબકાથી મારવું, અથવા અણીવાળો પરોણો ગ્રોંચી તેની ચામડીમાં છિદ્ર પાડવાં—આ સર્વનો પણ હિંસામાં સમાવેશ થાય છે. તેવી જ રીતે નોકર ચાકરને લાતો મારવી અથવા કોઈ નો એક પણ અવયવાદિક નાહક કાપી નાખવો તે પણ હિંસા છે. હાથ નીચે મૂકાયેલાં બાળકોને સોટીથી મારવાં અથવા કોઇ પણ શારીરિક શિક્ષા કરવી તે પણ હિંસા છે. જ્યારે બાળકોને—કુમળા બાળકોને ગૃહમાં કે શાળામાં શિક્ષા કરવામાં આવે છે ત્યારે તેમાંથી ચાર અનર્થો ઉપજે છે. (૧) બાળકો બીકણ થાય છે. (૨) તેઓ ભયને લીધે અસત્ય બોલતાં શીખે છે. (૩) તેઓ મારનારા પ્રત્યે દ્વેષ રાખે છે, અને (૪) તેઓ જાતે પણ નિર્દયતાનો પાઠ શીખી સમય જતાં પોતાના હાથ નીચે આવતાં બાળકો તરફ ઘાતકી બને છે.

પોતાના પ્રાણ જેટલા પોતાને પ્રિય છે, તેટલાજ સામાના પ્રાણ તેને પ્રિય છે, પણ મનુષ્યો ક્રોધ કે લોભ કે કામના આવેશમાં

આવી બીજાઓને હેરાન કરતાં, અથવા બીજાઓના શરીરને અનેક પ્રકારનો ત્રાસ ઉપજાવતાં જરા પણ ડરતા નથી. માંસાહારનો પણ હિંસામાં સમાવેશ થાય છે. માંસ પશુના વધ શિવાય મળતું નથી. માટે જે લોકો માંસાહાર કરે છે, તેઓ હિંસાના પાપના ભાગી બને છે. માંસાહારી મનુષ્ય પશુના વિકાસક્રમમાં અડચણ નાખે છે, તેટલે અંશે કુદરતી નિયમ પ્રમાણે તેના પોતાના વિકાસમાં અંતરાયો આવે છે. પશુને લાગુ પડેલા ક્ષય, ચાંદી, વગેરે રોગોના જંતુઓ પણ તે માંસમાં હોય છે. અને તેથી તે માંસ ખાનાર મનુષ્યને તે રોગો લાગુ પડવાનો સંભવ છે. વળી પશુને જ્યારે મારવામાં આવે છે. ત્યારે તે પશુના હૃદયમાં સ્વાભાવિક રીતે ક્રોધ, વૈર, ધિક્કારના વિચારો પ્રગટે છે, અને તેથી તેવા પશુનું માંસ ખાનાર પણ ક્રોધી ચીડીઓ અને અશાન્ત બને છે. માંસ ખાનાર દારૂ પીએ છે, એટલે એક અનર્થ બીજા અનર્થનું કારણ બને છે. માંસાહાર સામાન્ય બીજાં અનાજો કરતાં મોંઘું પડે છે, પશુઓનો વધ થવાથી દુધ, દહીં, ઘી, માખણ વગેરે મોંઘાં મળે છે, અને ખેતીને પણ પુષ્કળ નુકશાન થાય છે. પણ આ બધાં કારણો કરતાં સૌથી મોટું કારણ તો એજ કે પશુઓને આપણા જેવીજ લાગણી હોય છે. આપણે મનની બાબતમાં વિશેષ આગળ વધ્યા હોઈશું, પણ તેમની સુખદુઃખની લાગણીઓ લગભગ આપણા જેવીજ હોય છે. માટે તેવા લાગણીવાળા જીવને મારી, પોતાના બાહ્યસ્વાદની તૃપ્તિ કરવી એ ખરેખર અનર્થ અને મહા હિંસક કામ છે. વળી મોટાની મોટાઇ બીજાનું રક્ષણ કરવામાં છે, ભક્ષણ કરવામાં નથીજ. માટે અહિંસક બનવા ઇચ્છનારે માંસનો તથા માંસની બનાવેલી વસ્તુઓનો જરૂર ત્યાગ કરવો જોઇએ.

યજ્ઞ નિમિત્તે પશુઓનો જે વધ કરવામાં આવે છે, તે પણ મોટામાં મોટી હિંસા છે. જે દેવી જગદમ્બા જગતની માતા કહેવાય છે, તે કદાપિ પોતાના બાળકના રૂધિરથી પ્રસન્ન થાય નહિ, અને જે પોતાનાં નિર્દોષ અને નિરપરાધી પશુઓ રૂપ બાળકોના વધથી

સંતુષ્ટ થાય તે દેવી નામને પાત્રજ શી રીતે થઇ શકે ? મનુષ્યે દેવીને દિવ્ય શક્તિને પ્રસન્ન કરવા પોતાની અંદર રહેલી પાશવ વૃત્તિઓનો—જેવી કે ક્રોધ, મોહ, લોભ, મત્સર, પરનિંદા, દ્વેષ વગેરેનો—ભોગ આપવો જોઇએ.

જો યજ્ઞ સ્તંભ છેદીને, પશુઓને હણીને, અને લોહીનો કાદવ બનાવીને સ્વર્ગે જવાતું હોય તો પછી નરકે કોણ જશે ? માટે યજ્ઞ નિમિત્તે જે હિંસા થાય છે, તે અજ્ઞાનમૂળક છે. તેનો કોઈ પણ રીતે બચાવ થઇ શકે તેમ નથી.

શિકાર એ પણ હિંસાનું એક મોટું કારણ છે. શિકારી મનુષ્યો તેને એક રમત રૂપ ગણે છે. પણ તે રમતમાં બીજાઓના પ્રાણ જાય છે, તેનું તેઓને ક્યાં ભાન હોય છે ? શરીરબળ ખીલવવાના અનેક માર્ગ છે. નિર્જીવ વસ્તુને નિશાન કરી ધનુર્વિદ્યા ક્યાં શીખાતી નથી ? બીજાઓને—અનાથોને સ્વચ્છંદથી મારવામાં એક પ્રકારનો ખોટો રસ પેદા થાય છે.

નિરાશા અને ભયથી વિહ્વળ થયેલા જીવો ઉગામેલું શસ્ત્ર જોઇને કંપે છે, કારણ કે મૃત્યુ સમાન બીજો ભય નથી. કાંટા ખૂંચી જવાથી પણ પ્રાણીને જ્યારે મોટી વેદના થાય છે. ત્યારે ચક્ર, ભાલો, તરવાર, બરછી વગેરે શસ્ત્રોથી છેદાતા પ્રાણીની વેદનાની તો વાતજ શી ?

પ્રાચીન સમયમાં યુદ્ધના પ્રસંગે જો કોઇપણ મનુષ્ય મુખમાં ઘાસનું તરણું ઘાલે તો સામો પ્રબળ શત્રુ તેને જીવતો મુકતો હતો. કારણકે મુખમાં તરણું ઘાલનાર હવે પશુ જેવો છે, માટે તેને શું મારવો ? માટે તૃણ ખાઇને જીવનારા, ઝરાનું નિર્મળ જળ પી તૃષા શમાવનારા નિર્દોષ પશુઓની હિંસા શિકાર કે મોજશોખ નિમિત્તે થાય છે, તે નજ થવી જોઇએ. દરેક પ્રાણીને જીવવાનો હક છે. કેવળ શરીરથીજ હિંસા થાય છે એમ નથી. વચન અને મનથી પણ આપણે હિંસા કરીએ છીએ. વચન ઉપર સંયમ નહિ રાખવાથી આપણે ન બોલવાનું બોલીને સામી વ્યક્તિના જીવને દુઃખ આપીએ છીએ.

શારીરિક ઘા કરતાં પણ વચનના ઘા કેટલીકવાર વધારે અસહ્ય નીવડે છે. અને તેને લીધે કેટલાંએક ઓશીકાં આંસુઓથી ભીંજાતાં હશે, તેનો તે વચનો બોલનારને ખ્યાલ હોતો નથી. જીભમાં અમૃત પણ છે અને ઝેર પણ છે. વાણીમાં ઘાયલ કરવાની શક્તિ છે, અને ઘા રૂઝવવાની શક્તિ છે. માટે હિંસાના પાપથી બચવા ઈચ્છનારે વાણીમાં મીઠાશ રાખવી.

એક કવિ કહે છે કે,

કટુ વાણી શુણે જો તું મીઠી વાણી સદા કહેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લે જે.

જૈન શાસ્ત્રમાં જે પાંચ સમિતિઓ કહેલી છે, તેમાં એક ભાષા સમિતિ છે. ભાષા સમિતિ જણાવે છે કે તે વાણી સારી રીતે બોલવી જોઇએ, તે અન્યાય યુક્ત નહિ પણ ન્યાય યુક્ત હોવી જોઇએ, તે અપ્રિય નહિ પણ પ્રિય હોવી જોઇએ, તે અસત્ય નહિ પણ સત્ય હોવી જોઇએ. જે વાણી પોતાને પશ્ચાત્તાપ ઉપજાવતી નથી તેવી વાણીનોજ ઉચ્ચાર કરવો લાભદાયક છે.

મનુષ્ય, શરીરથી હિંસા ન કરે, વચનથી પણ કોઇને નુકસાન ન કરે, છતાં જો તેના મનમાં બીજાનું અશુભ કરવાની વૃત્તિ હોય તો તે મનવડે પણ હિંસા કરે છે.

મનથી પાપકર્મ બંધાય છે, અને મનથી પાપકર્મ છુટે છે, તેના પર પ્રસન્નચંદ્ર રાજાષનું દ્રષ્ટાન્ત છે. પોતાના મનના શુભ ભાવ વડે તે સ્વર્ગપ્રાપ્તિને વાસ્તે યોગ્ય થયા, મનના અશુભ પરિણામવડે બીજાઓને મારવાની પ્રબળ ઇચ્છા કરવાથી નરકના દુઃખો ભોગવવાને પાત્ર બન્યા, અને થોડાજ સમયમાં તે અશુભ વિચારોને દૂર ફેંકી પોતાની ખરી સ્થિતિનું ભાન લાવી આત્મસ્વરૂપનો વિચાર કરતાં કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરવા સમર્થ થયા. આ ત્રણે સ્થિતિમાં મન એજ મોટું કારણ છે. માટે મનથી બીજાનું અશુભ ચિંતવવું, બીજાને દુઃખ થાય એવી ભાવના ભાવવી એ પણ હિંસા છે. કારણ કે **मन एव मनुष्याणां कारणं**

बंधमोक्षयोः કારણુ કે મન એજ મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણુ છે. વળી આ સ્થળે એ પણુ વિચારવા જેવું છે કે **જે મનમાં હોય તે બહાર આવ્યા વિના રહેતું નથી.** દરેક કાર્યનો પિતા વિચાર છે. વિચાર ઘટ્ટ થતાં તે કાર્યરૂપે પરિણુમે છે. માટે જે મનુષ્યના હૃદયમાં બીજાનું બુરૂં કરવાની ભાવના હશે, તે મનુષ્ય વહેલો કે મોડો બીજાને નુકસાન કર્યા વિના રહેનાર નથી. માટે આત્માર્થીએ સર્વનું શુભ ચિંતવવું. સદા એવી ભાવના ભાવવી કેઃ—

"સર્વ જગતનું કલ્યાણુ થાઓ, લોકો પારકાના હિતમાં તત્પર બનો, તેમના દોષો નાશ પામો, અને સર્વ સ્થળે લોકો સુખી થાઓ."

खामेमि सव्व जीवे सव्वे जीवा खमन्तु मे ।
मित्ति मे सव्व भूएसु वेरं मज्झं न केणइ ॥

હું સર્વ જીવોને ક્ષમા આપું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. મારે સર્વ સાથે મૈત્રી છે, મારે કોઇ સાથે વેર નથી. આ પ્રમાણે હિંસાના પાપથી વિમુખ થઈ મનુષ્યે અહિંસા ધર્મનો આશ્રય લેવો.

આ જગતમાં જીવ રક્ષા પર પ્રેમ રાખવાથી મનુષ્ય સમસ્ત કલ્યાણુકારી પદ પ્રાપ્ત કરે છે. માટે પોતાની આત્મશક્તિ પ્રગટ કરવાવાળા દરેક જીવે શરીરથી, વચનથી, અને મનથી કોઇ પણ જીવને દુઃખ ન થાય તેવી રીતે વર્તન કરવું.

૨
મૃષાવાદ.

બીજું પાપસ્થાનક–આત્માના પ્રકાશને રોકનારૂં કારણ–મૃષાવાદ છે.

આખું વિશ્વ સત્યથી ચાલે છે. સૂર્ય, ચંદ્ર, તારાઓ પોતાની ગતિમાં ચાલ્યા કરે છે. તે પણ સત્યવડેજ. યોગ સૂત્રના રચનાર મહાપ પતંજલિએ કહ્યું છે કે सत्यप्रतिष्ठायां वचनसिद्धि જ્યારે મનુષ્યમાં સત્ય પૂર્ણ રીતે સિદ્ધ થાય છે. ત્યારે તે મનુષ્યને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે, અર્થાત્ તે જે કંઇ બોલે છે તે પ્રમાણે થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે,

"પુછ્યા સિવાય પોતે બોલવું નહિ, અને પૂછે ત્યારે અસત્ય બોલવું નહિ." Truth is the purity of speech સત્ય એ વાણીની પવિત્રતા છે, પણ મનુષ્યો ક્રોધથી, લોભથી, કપટથી, અહંકારથી, ભયથી, હાસ્યથી અથવા સ્વાર્થથી કે પોતાના દોષો છુપાવવા માટે અસત્ય બોલે છે. પવિત્ર આચાર વિચારવાળા મનુષ્યો પણ આ અસત્યના પાશથી સર્વથા મુક્ત હોતા નથી. ગરીબ તેમજ તાલેવંત, ગૃહસ્થ તેમજ સાધુ, પુરૂપ કે સ્ત્રી, બાળક કે વૃદ્ધ–આ સર્વમાં સંપૂર્ણ સત્ય બોલનાર કોઇકજ જડી આવે છે. જેવું મનમાં હોય તેવુંજ વચનમાં બોલનાર પુરૂપ યા સ્ત્રી વિરલ હોય છે. આમ કહેવું તે જગતને અન્યાય આપવા જેવું લાગે, પણ અનુભવથી આ વાતની સત્યતા જણાઇ આવે છે.

અસત્યનો મોટામાં મોટો દોષ એ છે કે જ્યાં અસત્ય જણાયું ત્યાં તે કહેનાર ઉપર લોકો અવિશ્વાસની નજરથી જુએ છે. તેની બીજી ખરી વાતો પ્રત્યે પણ લોકોને અશ્રદ્ધા પ્રકટે છે. વ્યાપારીઓ લાખો રૂપીઆના માલ ધીરે છે, તે પણ સામાની સાખ અથવા આબરૂથી. આબરૂ અથવા સાખ અસત્યથી નાશ પામે છે. કેટલાક

મનુષ્યો તોલ માપમાં ઓછું આપે અથવા વિશેષ લે છે. કેટલાક જુઠા દસ્તાવેજો બનાવે છે, અથવા ખોટી સાક્ષીઓ પુરે છે. કેટલાક જમીન, ઢોર અથવા કન્યાની લેવડદેવડમાં અસત્ય બોલે છે. વ્યાપાર રોજગારમાં તો જુઠા સમ ખાવા તે તો કેટલાક વ્યાપારીઓને સહજ હોય છે. વારંવાર અસત્ય બોલવાથી લોકોના મનની સ્થિતિ એવી અધમ બની જાય છે, તથા તેમનાં અંતઃકરણ એવાં બુઠ્ઠાં—લાગણી વગરનાં—થઈ જાય છે કે પોતે આ અસત્ય બોલે છે તેનું પણ તેમને ભાન હોતું નથી, તો પછી તે બોલવાથી પોતાના આત્માનું અહિત થાય છે તેનો તો ખ્યાલજ ક્યાંથી આવે ?

લોકોમાં અસત્ય બોલવાનો રિવાજ છે, એ માન્યતાને લીધે કોઇ પણ માલ વેચનાર પર બીજાઓને વિશ્વાસ આવતો નથી. તેથી એક વસ્તુ ખરીદવાને મનુષ્યોને અનેક દુકાને ભમવું પડે છે. છતાં પણ પોતે કદાચ છેતરાયો હશે, એવો મનમાં સંશય રહ્યા કરે છે. વળી આ રીતે વસ્તુઓ ખરીદતાં સમય અને શક્તિનો ઘણો બીન જરૂરી વ્યય થાય છે.

મૃષાવાદ,—અસત્ય કેવી રીતે અને શા કારણોથી બોલાય છે, તેના કેટલાક દાખલાઓ વિચારીએ.

કેટલાક તો બડાઈ મારનારા મનુષ્યો હોય છે. તેઓની સર્વ વાતો અતિશયોક્તિથી ભરેલી હોય છે. તેઓ પોતાની દોલતના, સમાજમાં પોતાની સ્થિતિના, મોટા મોટા મનુષ્યો સાથેની પોતાની દોસ્તીના, પોતાને મળેલા માન ચાંદના, પોતાના વડીલે ભૂતકાળમાં કરેલા પરાક્રમોનાં, અને ભવિષ્યમાં તે કેવાં પરાક્રમો કરી શકશે, તેને લગતા હવાઈ ખ્યાલોના સંબંધમાં બડાઈ મારતાજ હોય છે. આ હકીકતોનો અર્ધ કરતાં પણ વધારે ભાગ તેઓની કલ્પના શક્તિથી તેઓએ રચ્યો હોય છે, અને સત્યના પ્રકાશમાં આ હકીકતો ટકી શકે તેવી હોતી નથી. માટે સત્યના ઉપાસકે આવી ખોટી બડાઈ મારવાની ટેવથી દૂર રહેવું. જ્યારે મનુષ્ય બીજાને

કોઇ વાત કહેવા માંડે છે, ત્યારે તે વાતને રસિક બનાવવાને તેના જે અંગમાં ન્યૂનતા હોય તે પોતાની કલ્પનાવડે ભરી દે છે, અને આ રીતે અસત્ય બોલવાને દોરાય છે.

બીજા પ્રકારના અસત્યવાદીઓ દ્વેષથી અસત્ય વચનો બોલવાને દોરાય છે. તેઓ બીજાઓ સંબંધી અપ્રિય બાબતો સાંભળીને તેમાં પોતાના તરફથી કાંઇક ઉમેરો કરીને જગત્ આગળ એવું વર્ણીને મૂકે છે કે લોકો તે વાત માનવાને દોરાય છે. તેઓ આ રીતે વગરપૈસાના પરનિંદા ફેલાવનારા ફેરીઆઓનું કામ કરે છે. આ ગુન્હો ઘણો મોટો છે. એથી ચારિત્રપ્રતિષ્ઠાને થતી હાનિ ન સહન થવાથી કેટલાકે આપઘાત કર્યાના દાખલા જગપ્રસિદ્ધ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે સહસાત્કારે કોઇની ખરી પણ ગુપ્ત વાત પ્રકટ કરવી એ પણ સત્યનો અતિચાર છે, તો પછી બીજાની અછતી વાત જગત્ આગળ મૂકવી તેના જેવો અનર્થ બીજો કયો હોઈ શકે ? આ બધાં જીભનાં પાપો છે, તેનાથી સત્યના ઉપાસકે ચેતતા રહેવું જોઈએ.

જે વચન શંકાભર્યું હોય, પાપમય હોય, દોષવાળું હોય અથવા બીજાની ઈર્ષ્યા ઉત્પન્ન કરનારૂં હોય, તેવું વચન બીજાએ પૂછવા છતાં પણ કહેવું નહિ, તેમ તેવાં વચનો સાંભળવાં પણ નહિ.

આપણને આવાં વચનો સાંભળવામાં રસ પડે છે, તેજ આપણી નિર્બળતા સૂચવે છે. આપણે બીજાના સંબંધમાં જે અપ્રિય અથવા અનિષ્ટ વાત સાંભળીએ તે ખરી ના પણ હોય, અને કદાચ ખરી હોય તોપણ તે વિષે ના બોલવું એ વધારે દયાભર્યું છે.

કેટલાક અસત્યવાદીઓ પોતાના વચનનો ભંગ કરે છે. અને કારણ પૂછતાં એક યા બીજું બાનું રજુ કરે છે. સત્ય બોલવાથી ઠપકો મળશે, એવા પ્રસંગો હોય ત્યાં અસત્ય બોલવામાં આવે છે. નોકરોમાં આ દુર્ગુણ વિશેષ હોય છે, જ્યાં માબાપ અથવા શિક્ષકો બહુ જ સખ્ત હોય છે, અને જ્યાં સત્ય કરતાં પ્રશંસાને વધારે માન

અપાય છે, ત્યાં ઘણાં બાળકો અથવા વિદ્યાર્થીઓ અસત્ય બોલવાને દોરાય છે.

એક મનુષ્ય પાંચ રૂપીઆને વાસ્તે અસત્ય બોલે છે. તેનો અર્થ એજ કે સત્ય કરતાં તે પાંચ રૂપીઆને વધારે કીંમતી ગણે છે. મનુષ્ય સર્વાંગે સંપૂર્ણ સત્ય બોલી શકે છે કારણ સત્ય બોલવું એ આત્માનો સ્વભાવ છે. આપેલા વચનને ખાતર ભોગ આપવાને તત્પર થઈ હરિશ્ચંદ્ર સત્યવાદી રહી શક્યા, તેથી આજે હજારો વર્ષે તેમનું નામ આપણી જીભપર તરી આવે છે. ધર્મરાજા કહેવાતા યુધિષ્ઠિર અણીને પ્રસંગે અશ્વત્થામા મરાયો—नरो वा कुंजरो वा—પછી તે મનુષ્ય હોય કે હાથી હોય—એટલું ધીમેથી બોલ્યા. તરતજ તેમનો રથ જે પૃથ્વીપર ચાલતો હતો, તેનું ચક્ર ભૂમિમાં પેસી ગયું. તે સત્યવાદી જીવે અસત્ય કહ્યું પણ તરતજ તેના અંતઃકરણે ડંખ દીધો. અંતઃકરણ રૂપી ઝગઝગતી તરવારે તેના મર્મસ્થળને ભેદ્યું. આ સ્થળે કોઈ પ્રશ્ન કરે કે આપણે આટલું બધું અસત્ય બોલીએ છીએ, છતાં આપણને કેમ એકદમ અસર થતી નથી? કારણ કે ઉજળે લુગડે ડાઘ લાગે. ઉજળી ભીંતપર કાળું ધાબું તરત દેખાય, પણ જ્યાં બધું કાળું હોય ત્યાં જરાક કાળાશનો ઉમેરો થયો તો તે શી રીતે જણાય? જેણે વ્રત લીધા હોય તેને અતિચાર લાગે, પણ જે સદા અનાચારમાં રમણ કરતો હોય, તેને પાપથી પાછા હઠવાનો વિચાર જ ક્યાંથી સુઝે?

અસત્યના કેટલાક ગેરલાભ આપણે વિચાર્યા, તેજ રીતે સત્યના લાભ પણ વિચારવા જરૂરના છે. સત્યથી લોકોમાં આપણા પ્રત્યે વિશ્વાસ આવે છે, માન પ્રતિષ્ઠા વધે છે. વ્યાપાર રોજગાર પણ તે સાખ—આબરૂને લીધે સારો ચાલે છે. સત્યવાદી મનુષ્યમાં સત્યથી એક પ્રકારનું બળ આવે છે. અસત્ય બોલનારા અચકાતા અચકાતા બોલે છે, ત્યારે આ સત્યવાદી પુરૂષ બેધડક પોતાના પૂર્ણ જોશથી પોતાની વાત રજુ કરે છે. કારણ કે તેને પોતાના સત્યપર વિશ્વાસ છે. પણ

આ બધા વ્યવહારિક લાભ ઉપરાંત કેટલાક આધ્યાત્મિક લાભ પણ થાય છે. પ્રથમ તો તેના આત્માને અનંત સંતોષ થાય છે. મનુષ્ય જ્યારે રાત્રે પોતાના કાર્યનું નિરીક્ષણ કરવા બેસે, અને પોતાના અંતઃકરણ સાથે એમ કહી શકે કે હું આજે કોઈ પણ બાબતમાં અસત્ય બોલ્યો નથી, અથવા મારા વચનથી મેં કોઇને પણ ઉંધું સમજવાનો અવકાશ આપ્યો નથી, તો તે મનુષ્યને કેટલો સંતોષ થતો હશે, તેનો ખ્યાલ લાવો, અને તેવો આત્મસંતોષ તમે પણ શા સારૂ પ્રાપ્ત ન કરી શકો, તે વિચારો. વળી નિરંતર સત્ય વિચારો કરવાથી અને સત્ય બોલવાથી મનુષ્યને એક ધોરણ મળે છે, કે જે વડે તે અનેક અસત્ય બાબતોમાંથી, જેમ અનેક ખોટા કાચના કકડામાંથી ઝવેરી ખરા હીરાને પારખી શકે છે તેમ, સત્યને પારખી શકે છે. તે મનુષ્ય અને તેનાં વચનોની કિંમત આંકી શકે છે, અને તેથી તેને છેતરાવાનો ભય રહેતો નથી. તેનો આત્મા સત્યના તેજથી પ્રકાશે છે. અને કેટલીક વાર તો મનુષ્યો તેની પાસે અસત્ય બોલતાં થરથરે છે.

વળી સત્યનું આયુષ્ય બહુ લાંબું હોય છે. અસત્ય થોડો સમય કદાચ ફાવે; પણ તેનું આયુષ્ય બહુ અલ્પ હોય છે. પણ સત્ય તો ખડક જેવું હોય છે, જેના પર પ્રચંડ જળ કલ્લોલો અથડાય છતાં તે ટકી શકે છે, માટે આત્મહિતાર્થી મનુષ્યે સત્યનું મહત્ત્વ વિચારી મરણ કાલ આવતું હોય તો આજ આવે પણ સત્ય સિવાય બીજું કાંઈ પણ બોલવું ન જોઈએ.

વળી મનુષ્યને એક અસત્ય છુપાવવાને બીજાં સો અસત્ય ઉભાં કરવાં પડે છે, તેમાં બીજા મનુષ્યોને પણ પોતાના અસત્યના ભાગીદાર બનાવવાની જરૂર પડે છે. વળી અસત્યમાં એવાં બીજ રહેલાં હોય છે કે જે પોતાના જ નાશના કારણરૂપ બને છે.

"છેતરનારજ છેતરાય છે" એ વચન સદા સર્વદા હૃદયમાં

કોતરી રાખવાનું છે. અસત્ય એ ચાર દિવસના ચાંદરણા જેવું છે. અતિશયોક્તી કરવી–વધારીને બોલવું તે પણ અસત્યજ છે.

ધારો કે આપણે એવું અસત્ય બોલીએ કે જેથી સામી વ્યક્તિને નુકસાન ન પણ થાય, છતાં આપણને પોતાને જે મોટું નુકસાન થાય છે, તેનો વિચાર કરવો ઘટે છે. અસત્યથી અથવા આપણે જે કાંઈ જાણતા અથવા માનતા હોઈએ તેની વિરૂદ્ધ બોલવાથી આપણું મન મલીન બને છે, અને તેથી આત્માપર એક જાતનો પડદો આવી જાય છે. અને આપણે આત્માનો પ્રકાશ ઝીલવા અસમર્થ થઈએ છીએ. આપણી દ્રષ્ટિ ઉપર પડલ આવી જાય છે, અને અમુક વસ્તુ અથવા બનાવમાં સત્ય તત્ત્વ શું છે, તે આપણે જાણી શકતા નથી. પણ–

He who thinks truth, speaks truth or acts truth, acquires a power to know truth by intuition which is above all reasoning.

જે સત્ય વિચારે છે, સત્ય બોલે છે, અને સત્ય વર્તન રાખે છે, તે આન્તરપ્રતિભા જે બુદ્ધિની પણ પેલીપારની શક્તિ છે, તે વડે સત્ય જાણવાની, પારખવાની શક્તિ મેળવે છે.

૩
અદત્તાદાન.

ત્રીજું પાપસ્થાનક—આત્માના પ્રકાશને રોકનારૂં કારણ અદત્તાદાન છે. તેનો સામાન્ય અર્થ એ થાય છે કે બીજાએ નહિ આપેલી વસ્તુ, તેની ઇચ્છા સિવાય લેવી તે, અદત્ત—નહિ આપેલું તેનું આદાન અથવા ગ્રહણ છે.

જીવોને બાહ્ય વસ્તુઓ મેળવવાનો શોખ થાય છે. લોકોની વાસનાઓ અને જરૂરીઆતો વધવા પામી છે. જે પદાર્થો પ્રથમ મોજશોખની ચીજો તરીકે ગણવામાં આવતા હતા, તે હવે દરરોજની જરૂરીઆતના વિષયો થઈ પડયા છે. એટલે વિશેષ ધનની જરૂર પડે છે. તે ધન જો યોગ્ય રસ્તે મળે તો તો ઠીક, પણ જો તે તેમ ન મળે તો અન્યાયથી, કપટથી, બીજાને છેતરીને, ચોરી કરીને અથવા વિશ્વાસઘાત કરીને પણ તે મેળવવા જીવો દોરાય છે, અને આ રીતે આ ત્રીજા પ્રકારનું પાપ કર્મ કરે છે.

કપટથી અથવા અન્યાયથી પરધનનું હરણ કરવાથી કે ચોરી કરવાથી શા શા ગેરલાભ થાય છે, તે આપણે વિચારીએ. તેવા મનુષ્યને મોટો ગેરલાભ તો એ થાય છે કે કોઈ તેનો વિશ્વાસ કરતું નથી. આવું કામ કરનારને નિરંતર રાજ્યનો ભય રહ્યા કરે છે. જ્યારે મનુષ્યને પરધન હરણ કરવાની ઇચ્છા જાગે છે, ત્યારે તે ન્યાય અન્યાય કાંઇપણ જોતો નથી, અને ધનને ખાતર પોતાના સ્વજનોની પણ ઘાત કરવા તે તૈયાર થાય છે, તો પછી બીજા દૂરના સંબંધીઓનું તો કહેવુંજ શું ? તેવા મનુષ્યનો કોઈ સંસર્ગ કરતું નથી અને પોતાને ત્યાં આવ્યો હોય તો તે જ્યાં સુધી ન જાય, ત્યાં સુધી સર્વ કોઈ તેના પ્રત્યે શંકાની નજરથી જુએ છે. તેવું કામ કરનારનું ચિત્ત સદાસર્વદા ભયભ્રાન્ત રહે છે, અને રાત્રે પણ તેને નિદ્રા આવતી નથી. હું પકડાઈ જઈશ, એ વિચારથી તે જાગ્યા કરે છે. બીજાને દુઃખી કરીને કોઈ શાન્તિ પામ્યું નથી અને પામી શકે પણ નહિ.

કોઇ ચોરી કરે, ચોરને મદદ કરે, ચોરીથી લાવેલી વસ્તુઓ ખરીદ કરી લે, અથવા સાચવી રાખે, ઓછાં અધિક માપ કરી બીજાને છેતરે, વસ્તુઓમાં ભેળભેળ કરે, કોઈ પણ રીતે જેનાપર પોતાનો ખરો હક્ક નથી, તે લે અથવા લેવાનો પ્રયત્ન કરે, તો તે સર્વે શાસ્ત્ર પ્રમાણે આ અદત્તાદાનના વિષયમાં આવી જાય છે. રાજ્યનું દાણ, અથવા મ્યુનીસીપાલીટીની જકાત અથવા વાજબી ઠરાવેલો કર કે મહેસુલ ન આપવી તે પણ અદત્તાદાન છે.

જે મનુષ્ય આ અવગુણ–દોષથી મુક્ત રહે છે, તે માર્ગાનુસારીપણાને લાયક બને છે, કારણકે કોઇ પણ જીવ ધર્મને યોગ્ય થાય, તો તેમાં જે ૩૫ ગુણોની આવશ્યકતા છે, તેમાં પ્રથમ ગુણ **न्याय-संपन्न विभव** છે, અર્થાત્ ધર્મના માર્ગને લાયક થવા ઇચ્છનારે ન્યાયથીજ ધન પેદા કરવું જોઇએ.

જે મનુષ્ય ન્યાયનીતિથી ધન પેદા કરે છે, તેનું મન સદા સંતોષમાં રહે છે, પોતે કોઇનો પણ અન્યાય કર્યો નથી, અથવા કોઇને છેતર્યો નથી, એ ભાવનાથી મનમાં જે શાન્તિ રહે છે, તે અવર્ણનીય હોય છે. જ્યારે કોઇપણ મનુષ્યની અથવા પેઢીની સાખ બંધાઈ જાય છે, કે આ મનુષ્ય કે આ પેઢીને યોગ્ય હશે, તેજ કિંમત લેશે, તો તે મનુષ્ય કે પેઢીનો માલ ઘણો ખપે છે. કારણકે વ્યાપારનો મોટો આધાર સાખ, આબરૂ, પ્રતિષ્ટા (Credit) ઉપર રહેલો છે. જે મનુષ્ય કોઇની નોકરી કરતો હોય, તે મનુષ્ય પોતાના વર્તનથી એમ સાબીત કરી આપે કે તેને પોતાને પગાર ઉપરાંત હરામની અથવા અન્યાયની એક પાઈ પણ ન ખપે, તો તેના શેઠનો તેનાપર અત્યંત વિશ્વાસ બેસે છે. તે તેને પોતાની પેઢી પરગામ હોય તો ત્યાં વધારે પગારે મોકલી શકે છે. વધારે પગાર આપવાનું એક મોટું કારણ એ હોય છે કે તે શેઠને તેની પર દેખરેખ રાખવી પડતી નથી. દરેક ખાતામાં ઇન્સ્પેકટરો રાખવા પડે છે, અને તેમના ભારે પગાર આપવા પડે છે, તેનું કારણ એજ કે હાથનીચેના લોકો ન્યાય નીતિથી વર્તશે કે કેમ તે વિષે નિરંતર શંકા રહ્યાજ કરે છે.

ન્યાયથી જે મનુષ્ય ધન પેદા કરે છે, તેના પૈસાનો પણ સદ્-વ્યય થાય છે. અને તે ધનથી જે ખોરાક ખરીદવામાં આવે તે ખોરાક પણ ઉચ્ચ બુદ્ધિ અને શુભ વિચારો પ્રેરનારો થાય છે. આ બાબત અનુભવ સિદ્ધ છે.

સર્વ પ્રકારની પવિત્રતામાં ધનની પવિત્રતા મોટી ગણવામાં આવેલી છે. માટે અન્યાયથી ધન પેદા કરવાની કોઇ પણ દિવસ આકાંક્ષા રાખવી નહિ. કેટલીક વાર અન્યાયથી મનુષ્યોને સુખ પામતા જોઇએ છીએ ત્યારે આપણા મનમાં એ પ્રશ્ન ઉઠે છે કે આમ કેમ હશે ? તેનો જવાબ એજ છે કે અન્યાયથી મનુષ્ય ફાવે છે તે થોડાજ સમયને માટે. અંતે તો અન્યાય ફળ્યા વગર રહેતો નથી. વળી ભૂત-કાળનું શુભ કર્મ હોય અને કદાચ તે ફાવે તો પણ તેથી શું થયું ? તેના અન્યાયનું ફળ તેને ભોગવવુંજ પડશે. તેમજ ન્યાયથી મનુષ્યને દુઃખ પડે છે તો તેના ન્યાયને લીધે પડતું નથી, પણ ભૂતકાળનું કરજ તે વધારે લાવ્યો હોય; માટે જ્યાં સુધી તે કરજ અદા ન થાય ત્યાં સુધી તે ન પણ ફાવે. પણ આ તેના ન્યાયનું ફળ તેને જરૂર મળશે. અને તે મળે ત્યાં સુધી મનુષ્યે ધર્મ અને નીતિ ઉપર શ્રદ્ધા રાખી ચાલવું જોઇએ. મનુષ્યના ચારિત્રની કસોટી આવે સમયેજ થાય છે. લક્ષ્મી દેવી દરેક મનુષ્યની કસોટી કાઢે છે અને જે મનુષ્ય તેની કસોટીમાં પસાર થાય છે તેને તે વરે છે.

જે મનુષ્ય વિચારપૂર્વક સમજીને પોતાના સન્નિશ્ચયો પ્રમાણે જીવન ગાળે છે તેને તેના ગુણોથી આકર્ષાયેલી લક્ષ્મી આવીને વરે છે. માટે ધન પેદા કરવું તે ન્યાયનીતિપૂર્વક પ્રાપ્ત કરવું, આ રીતે પ્રારંભમાં થોડું મળે તો તેથી સંતોષ માનવો. આગળ જતાં ન્યાય નીતિની છાપ પડશે, એટલે વિશેષ ધન એની મેળે આવી મળશે. ખરી રીતે વિચારીએ તો આપણે બધા ધનના ટ્રસ્ટી છીએ પણ માલીક નથી. ટ્રસ્ટીભાવ જો વધારવામાં આવે તો મનુષ્ય પરહિતાર્થે તેનો સદુપયોગ કરી શકે છે. પણ જ્યાં માલીકી આવી ત્યાં મનુષ્ય તેનાથી બંધાઇ જાય છે.

૪
મૈથુન.

ચોથું પાપસ્થાનક–આત્માના પ્રકાશને રોકનારૂં કારણુ–મૈથુન છે.

મૈથુનને અર્થ પુરૂષને સ્ત્રી સાથેને સંબંધ અથવા સ્ત્રીને પુરૂષ સાથેને સંબંધ. જેઓ બ્રહ્મચારી છે અથવા સાધુઓ કે સાધ્વીઓ છે, તેમને વાસ્તે આ સંબંધ સર્વથા વર્જ્ય છે, અને જે લોકો ગૃહસ્થી છે, તેમને માટે યોગ્ય નિયમ છે કે તેમણે સ્વદાર અગર સ્વભરથાર સંતોષવ્રત પાળવું, અર્થાત્ પોતાની સ્ત્રીમાં કે પોતાના ધણીમાં સંતોષ માનવો.

મૈથુન ત્યાગ અથવા બ્રહ્મચર્ય એ ઉત્તમમાં ઉત્તમ વ્રત છે. તે વ્રત જે મન, વચન અને કાયાથી પાળે છે, તેવો મનુષ્ય જ્યાં ત્યાં વિજયી નીવડે છે. કામિક વાસના–વિષય તૃષ્ણા એ જગતની પ્રબળમાં પ્રબળ વૃત્તિ છે. શ્રીબુધ્ધે એક સ્થળે લખ્યું છે કે વિષયવાસના જેવો પ્રબળ મનોવિકાર બીજો કોઇ હોત તો લોકોને ધર્મનો ઉપદેશ આપવાનું કામ નિરર્થક થાત. તેમના કહેવાનો ભાવાર્થ એ છે કે આ વિષયવૃત્તિ આ જગતમાં સૌથી પ્રબળ છે.

જે વ્રતનું આલંબન કરીને યોગીઓ પરબ્રહ્મ–પરમાત્માને પામે છે. અને જેને ધારવીર પુરૂષો ધારણ કરી શકે છે, તે બ્રહ્મચર્ય નામનું મહાવ્રત છે.

બ્રહ્મચર્ય એ ચારિત્રનું જીવન છે, અને તે વિનાના બીજા ગુણો જીવનમાં ગૌણ ભાગ ભજવે છે.

આવા ઉત્તમ અને દુર્ઘટ બ્રહ્મચર્યનો અર્થ શો ? સામાન્ય અર્થ એ છે કે બ્રહ્મચર્ય પાળવા ઇચ્છિનાર જીવ મનથી કોઇ પણ સ્ત્રી ભોગવવાની ઇચ્છા કરતો નથી, અને શરીરથી પણ તેનાથી સદા સર્વદા વેગળો રહે છે. બ્રહ્મચર્ય એ શબ્દનો અર્થ કરીએ તો જે જીવ બધામાં બ્રહ્મ–આત્માને જુએ છે, અને તે પ્રમાણે વર્તે છે, અર્થાત્ જેને આત્મદષ્ટિએ સ્ત્રી કે પુરૂષ એવો ભેદ રહ્યો નથી, તેજ

મનુષ્ય પૂર્ણ રીતે તે વ્રત પાળી શકે છે. જ્યાં સુધી આ પુરૂષ છે અને આ સ્ત્રી છે, એ બાબત પર ભાર મુકવામાં આવે ત્યાં સુધી બ્રહ્મચર્યપાલન ઘણું અઘરૂં છે. શ્રીમદ્ રાયચંદ્ર લખે છે કેઃ—

નિરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,
ગણે કાષ્ઠની પુતળી, તે ભગવાન સમાન.

વિષયવૃત્તિ એ ઉત્પાદક શક્તિ છે; તેનામાં કાંઈપણ નવીન ઉત્પન્ન કરવાનું બળ છે. કુદરતમાં જે બે શક્તિઓ પ્રબળ ગણાય છે, તેમાં એક સ્વરક્ષણની અને બીજી પ્રજોત્પાદક શક્તિની છે. આ શક્તિ ત્રણ રીતે પ્રગટ થાય છે. મનદ્વારા, લાગણીદ્વારા અને શરીરદ્વારા. મનદ્વારા જો આ ઉત્પાદક શક્તિનો ઉપયોગ થાય તો તે મનુષ્યને પુસ્તકો લખવાનું, ભાષણો આપવાનું, નવીન કલ્પનાઓ કરવાનું મન થાય છે. લાગણીદ્વારા તે ચિત્રકળા રૂપે, સંગીત રૂપે, કાવ્ય રચના રૂપે, શિલ્પકળારૂપે, પ્રગટ થાય છે. અને તે સ્થુલ શરીરમાં પ્રગટ થતાં સામી જાતિની વ્યક્તિના સમાગમમાં આવવાની ઇચ્છારૂપે દેખાય છે. શક્તિ એની એ છે, પણ આમ ત્રણ રીતે પ્રકટ થાય છે. માટે જો મનુષ્ય તે શક્તિને મનદ્વારા અથવા લાગણીદ્વારા પ્રગટ કરવા પ્રયત્ન કરે તો આ સ્થુલ શરીરમાં તેનું બળ ઓછું રહે છે, અને તેને વશ કરવાનું કામ સુગમ થાય છે. માટે તે વૃત્તિનું આ સ્થુલ શરીર ઉપર જેમ બને તેમ ઓછું દબાણ આવે તેમ કરવું અને તે માટે ઉચ્ચ પ્રકારના માનસિક વિષયોમાં અથવા ઉપર જણાવેલી લાગણીઓ પ્રકટ કરવાને કોઈ પણ માર્ગમાં પોતાની શક્તિનો ઉપયોગ કરવો એ લાભકારી છે.

બધા મનુષ્યો સવથા બ્રહ્મચર્ય ન પાળી શકે, એ સમજાય તેવી વાત છે. માટે ગૃહસ્થોએ સ્વસ્ત્રીમાં સંતોષ માનવો અને ત્યાં પણ પ્રજોત્પત્તિ વાસ્તે સ્થુલ સમાગમ કહ્યો છે. ગૃહસ્થાશ્રમ એ જીતેંદ્રિય થવાનું શીખવનારી શાળા છે. મનુષ્ય ગૃહસ્થાશ્રમમાં રહીને ધીમે ધીમે પોતાની વૃત્તિ પર કાબુ મેળવતાં શીખે છે. આ વૃત્તિ ઉપર

એકજ ફટકે જય મેળવી શકાય નહિ. મનુષ્ય તે વૃત્તિપર જય મેળવવા પ્રયત્ન કરે, તેમાં તે કેટલીવાર નિષ્ફળ જાય, વળી ફરીથી પ્રયત્ન કરે. વળી નિષ્ફળ જાય, એમ કરતાં કરતાં દૃઢ નિશ્ચયથી તે આ વૃત્તિપર જય મેળવી શકે.

આ વૃત્તિને કાબુમાં રાખવાનું કામ કઠણ છે; એ તો સર્વ કોઈ જાણે છે. અને આ જગતમાં જે રોગ, નિર્બળતાઓ, પેદા થાય છે, તેનું મોટું કારણ આ વૃત્તિ ઉપરના નિગ્રહનો અભાવ છે.

ઇન્દ્રિયનો સમૂહ બળવાન છે, અને તે વિદ્વાનોને પણ ખેંચી જાય છે, માટે જ આ વ્રતને મોટું રૂપ આપવામાં આવ્યું છે. બ્રહ્મચર્ય પાલન માટે અને ઇંદ્રિય નિગ્રહ વાસ્તે નીચેના વિચારો તથા આચારો ઉપયોગી થશે.

પ્રથમ તો બધા અનર્થોનું મુળ અશુદ્ધ વિચાર છે.

જગતમાં જેટલા જેટલા બનાવો બને છે, કાર્યો થાય છે, તે બધાનું મુળ વિચાર છે. મકાનની બધી યોજનાઓ પ્રથમ એક એન્જીનીયરના મગજમાં પેદા થાય છે અને પછી કારીગરો અને મજુરો તે નકશા પ્રમાણે આખું મકાન બનાવે છે, તેવીજ રીતે આપણા ચારિત્રના બંધારણમાં પણ વિચાર મુખ્ય ભાગ ભજવે છે.

વિષયોનું ચિંતન કરવાથી તે પ્રત્યે આસક્તિ પેદા થાય છે, અને આસક્તિ પરથી તે મેળવવાની ને ભોગવવાની પ્રબળ ઇચ્છા થાય છે, અને તે ઇચ્છા કાર્યરૂપે પરિણમે છે. માટે સઘળી અનર્થકારી ક્રિયાઓનો ઉત્પાદક મનુષ્યનો અશુભ વિચાર છે.

પશુઓ અને મનુષ્યોમાં એક મોટો ભેદ છે. પશુઓ અમુક સમયેજ પોતાની આ વૃત્તિને અમલમાં મૂકે છે, પણ મનુષ્યને વિશેષ બુદ્ધિબળ મળેલું હોવાથી તે તેનો ઉપયોગ તેમજ દુરુપયોગ કરી શકે. મનુષ્ય પોતાના વિચારો વડે ઉચ્ચમાં ઉચ્ચ પ્રદેશમાં વિચરી શકે, તેજ મનુષ્ય પોતાના હલકા પ્રકારના વિચારોથી પશુ કરતાં પણ હલકી સ્થિતિએ જઈ પહોંચે છે. તે વૃત્તિનો તેમજ તે વૃત્તિના

ઉપભોગથી મળનાર સુખનો વારંવાર વિચાર કરવાથી મનુષ્ય એવા પ્રકારના ભૂતને જગાડે છે, કે જે ભૂત તેનો નાશ કરતાં સુધી તેને જંપીને બેસવા દેતો નથી. માટે પ્રથમ તો તે સંબંધીના વિચારોને સુધારવાની જરૂર છે. પણ આ વિચારોને બદલાવવાનું કામ આરંભમાં ઘણું કઠણ છે. શરૂઆતમાં જેવો તે સંબંધી વિચાર આવે કે તરત મનને બીજા વિષય ભણી દોરવું. એક જાપાનીસ કહેવત છે કે,

" We cannot prevent the birds of evil from flying over our heads, but we need not allow them to build their nests in our hair. "

આપણે અશુભના પક્ષીઓને આપણા માથાપર ઉડતા અટકાવી શકીએ નહિ, પણ આપણે તેમને આપણા વાળમાં માળો તો ન બાંધવા દઇએ.

આ કામ કઠિન છે, પણ જે એક મનુષ્ય કરી શકયો તે બીજાઓ પણ કરી શકે.

આ વાસ્તે ઉત્તમ ઉપાય એ છે કે તે અશુભ વિચારની સામે નહિ થતાં મનને બીજા કોઈ વિષય ભણી વાળવું, અને જો આ બીજો વિષય આપણને રૂચિકર હોય તો વિશેષ સારૂં. મન ત્યાં સ્થિર થવા માંડશે, એટલે આ વિષયવૃત્તિનો વેગ ઓછો થવા લાગશે. પણ આ કામ તરતજ થવું જોઇએ. તે બાબતમાં જરા પણ ડગમગતી સ્થિતિ કે અનિશ્ચય ન હોવો જોઇએ. તે મનુષ્યે પોતાની શાંત પળોમાં જે નિશ્ચયો કરવા યોગ્ય હોય તે કરવા જોઇએ. પણ હવે તો પોતાના દૃઢ નિશ્ચય પ્રમાણે વર્તવું. આ પ્રમાણે લાંબો સમય વર્તવાથી તે વિષયવાસનાના પક્ષીઓ તેના માથાપર માળો તો નહિ બાંધે, એટલુંજ નહિ પણ તેની આસપાસ ઉડવાનું પણ બંધ કરશે; અને કદાચ ઉડે તો પણ એક હાથ હલાવવાથી દૂર ભાગી જશે.

આ બ્રહ્મચર્યની ભાવનાને ટેકો આપનારી કેટલીક વિચારશ્રેણી તપાસીએ. યાજ્ઞવલ્કયે પોતાની સ્ત્રી મૈત્રેયીને ઉપદેશ આપ્યો હતો કે

દરેક મનુષ્ય તેના આત્માને લીધે પ્રિય છે. પુત્ર પુત્રને ખાતર પ્રિય નથી, પણ આત્માને ખાતર પ્રિય છે. પતિ પતિને ખાતર પ્રિય નથી, પણ આત્માને ખાતર પ્રિય છે. પત્ની પત્નીને ખાતર પ્રિય નથી, પણ આત્માને ખાતર પ્રિય છે. કારણકે અંદરથી આત્મા ચાલ્યો જાય છે, ત્યારે શરીર ઉપરનો મોહ ઉતરી જાય છે. માટે આપણે દરેક આત્મા છીએ, અને આત્મા તો પુરૂપ નથી તેમ સ્ત્રી પણ નથી, એ ભાવનાનું ચિંતન કરવાથી શરીરભાવથી ઉત્પન્ન થતી કામિક વૃત્તિનું બળ ઘટવા લાગશે.

તેને વાસ્તે બીજાં પણ કેટલાંક સાધનો શાસ્ત્રકારોએ દર્શાવ્યાં છે. પ્રબળ શત્રુને જીતવાને જેટલાં સાધનો મળે તે બધાંનો ઉપયોગ કરવો જોઇએ. બ્રહ્મચારી અથવા જીતેંદ્રિય રહેવાને **મનુષ્યે જેમ બને તેમ ઓછો ખોરાક ખાવો જોઇએ.** અમેરિકાના ડોકટરોએ ઘણા મનુષ્યોને તપાસી એવો અભિપ્રાય આપ્યો છે કે મનુષ્યો પોતાને જેટલા ખોરાકની જરૂર છે, તેના કરતાં બમણો કે ત્રણગણો ખોરાક લે છે. જૈન શાસ્ત્રકારો કહે છે કે મનુષ્યે ઉણોદરી વ્રત કરવું. અર્થાત ઉદર–પેટમાં જેટલું ભરી શકાય તેના કરતાં કાંઇક ઓછું ખાવું. કારણ કે અતિ આહાર પણ વિષય વૃત્તિને ઉત્તેજિત કરવાનું મોટું કારણ બને છે. વળી માદક અથવા વિકારજનક ખોરાક પણ તેટલોજ ત્યાગ કરવા યોગ્ય છે. તેની સાથે શરીરને ઉશ્કેરી નાખે તેવો મરીમશાલાવાળો અને તેજાનાવાળો ખોરાક પણ લેવો નહિ. સાંજે પણ વિશેષ ન ખાવું. આ સંબંધમાં બુદ્ધ ધર્મમાં એ નિયમ હતો કે સાધુઓએ દિવસમાં એકજવાર બપોરે ખાવું.

આ વિષયવૃત્તિને સંયમમાં રાખવાને એક ઉત્તમ સાધન એ છે કે મનુષ્યે કસરત કરી શરીરને કસવું. વિદ્યાર્થીઓ જે સમયે યુવાવસ્થામાં આવે છે, ત્યારે તેમનામાં ઉત્પાદક શક્તિ ખીલવા માંડે છે અને જો કસરત, રમત વગેરે દ્વારા પોતાની શક્તિઓ પ્રકટ કરે છે, તો તેઓને આ વિષયવૃત્તિપર જય મેળવવાનું કામ ઘણું સરલ બને

છે. જ્યારે મનુષ્યનું મન મરદાનગીભરી રમતોમાં લાગેલું હોય છે, ત્યારે અયોગ્ય વિચારો વિચારવાને તેને સમય મળતો નથી. કારણ કે જ્યાં આળસ્ય હોય ત્યાંજ અશુભ વિચારો સ્થાન મેળવે છે. જેમ આળસુ હાથ કાંઇ નુકશાન કરે છે, તેમ આળસુ મગજ પણ અયોગ્ય ભાવનાઓમાં પોતાની શક્તિઓનો વ્યય કરે છે.

વળી હલકા વિચાર અથવા વૃત્તિવાળા મનુષ્યોની સોબતથી જીતેંદ્રિય થવા ઇચ્છિનારે દુર રહેવું જોઇએ. મિત્રો વિના ચલાવી લેવું તે બહેતર છે, પણ જેમની વાતચિત અને ભાવનાઓ વિષયવાસના તરફ પ્રેરતી હોય, તેમની સોબત તો નજ કરવી. આ વાસ્તેજ શાસ્ત્રમાં સત્સંગને પ્રધાનપદ આપવામાં આવ્યું છે. કોઇ સારો મિત્ર ન મળે, તો પુસ્તકનો આશ્રય લેવો. જગતમાં સારાં પુસ્તકોની સંખ્યા કાંઇ ઓછી નથી. વળી હલકા પ્રકારના નાટકોથી પણ દૂર રહેવું એ પણ આ કામ વાસ્તે એટલુંજ જરૂરનું છે. કારણ કે ઉપર ભાર દઇને જણાવવામાં આવ્યું છે તેમ બધાં હલકાં કૃત્યોનો પિતા તેનો વિચાર છે.

જે લોકો આ બાબતમાં નીતિનિયમનું ઉલ્લંઘન કરે છે, તેઓ જ્યાં ત્યાં અપમાન પામે છે, કોઈ તેમના પર વિશ્વાસ રાખતું નથી. તેવાં મનુષ્યોના શરીરમાં અનેક પ્રકારના રોગો ઉદ્દભવે છે. પરસ્ત્રી ગમનથી પોતાનો પ્રાણ નાશ થવાનો સંભવ રહે છે, બીજાઓ સાથે મોટું વેર બંધાય છે, અને જગતમાં જે અપમાન થાય છે, તેતો જીંદગીભર તેને આગળ આવવા દેતું નથી. જેમ પરસ્ત્રીનો ત્યાગ તેમ વેશ્યાગમન વગેરેનો પણ ત્યાગ કરવો જોઇએ. શાસ્ત્રો કહે છે કે જે પુરૂષો અન્ય સ્ત્રીમાં આસક્ત રહે છે, અથવા જે સ્ત્રીઓ અન્યપુરૂષમાં આસક્ત રહે છે, તે અનેક ભવોમાં નપુંશકપણું, વિધવાપણું, અને દુર્ભાગ્યપણું પ્રાપ્ત કરે છે. અને જેઓ બ્રહ્મચર્ય કે શીલવ્રત પાળે છે, તેવા પુરૂષો કે સ્ત્રીઓ લાંબુ આયુષ્ય, મનુષ્યપણું, દેવપણું પામે છે, અને તે સાથે મજબૂત શરીર, અખંડ સૌભાગ્યપણું, પ્રબળ વીર્ય, અને સામથ્ય પ્રાપ્ત કરે છે.

૫

પરિગ્રહ.

પરિગ્રહ એ પાંચમું આત્માના પ્રકાશને રોકનારૂં પાપસ્થાનક છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. પરિ એટલે ચારે બાજુએથી અને ગ્રહ એટલે પકડાવું. જેનાથી આપણે ચારે બાજુએથી પકડાઇએ તે પરિગ્રહ. આપણે સમજીએ છીએ કે અમુક વસ્તુના આપણે માલીક છીએ; પણ આ માલીકી મેળવવા જતાં તે વસ્તુઓ આપણી માલીક બને છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુના સમયમાં ચાર વ્રત હતાં, તે સમયે ચોથું બ્રહ્મચર્ય વ્રત હતું પણ ચોથું અને પાંચમું વ્રત મળી પરિગ્રહવિરમણ વ્રત હતું. કારણ કે પરિગ્રહનો અર્થ સ્ત્રી થાય છે. અને પરિગ્રહમાં રૂપું, સોનું, મીલ્કત, નોકર, ચાકર, ખેતર વગેરે આવી જાય છે. માટે ચોથા વ્રતમાં ચોથા અને પાંચમાનો સમાવેશ થતો હતો. પણ સમય અનુસાર સંજોગો વિચારી શ્રી મહાવીરે બ્રહ્મચર્યને ચોથું વ્રત કર્યું અને સ્ત્રી સિવાયની બીજી વસ્તુઓને પરિગ્રહ રૂપે ગણી તેને પાંચમું વ્રત ગણ્યું.

હવે કયી વસ્તુઓનો પરિગ્રહમાં સમાવેશ થાય છે, તે આપણે તપાસીએ. તે પરિગ્રહ નવ પ્રકારના છે, એમ શાસ્ત્રોમાં કહેલું છે.

(૧) હીરા, માણેક, મોતી, નીલમ, પ્રવાળ વગેરે સર્વ ધન તથા રૂપાના કે સોનાના સીક્કા.

(૨) સર્વજાતનાં ધાન્ય.

(૩) અલંકાર અને વગર ઘાટનું સુવર્ણ.

(૪) અલંકાર અને વગર ઘાટનું રૂપું.

(૫) જમીન, ગામ, શહેર, નદી, બગીચો વગેરે.

(૬) મહેલ, હવેલી, ઘર, હાટ, અને વખાર.

(૭) નોકર, ચાકર, દાસ દાસી વગેરે.

(૮) ગાય, ભેંસ, હાથી, ઘોડા, વાહનો વગેરે.

(૯) ઘર વ્યવહારને ઉપયોગી તમામ વસ્તુઓ.

આ નવ પ્રકારમાં જગતમાં મળી આવતી તમામ ચીજોનો લગભગ સમાવેશ થાય છે.

આ બધી વસ્તુઓ આપણને એક યા બીજી રીતે ઉપયોગી લાગે છે, માટે તે મેળવવા અથવા તેનો સંગ્રહ કરવા મનુષ્યને રૂચિ થાય છે. જ્યાં સુધી જગતનો વ્યવહાર છે, ત્યાં સુધી મનુષ્યને ઘણી વસ્તુઓની જરૂર પડે છે, અને તે વસ્તુઓ ખરીદવાને ધનની જરૂર પડે છે.

આપણી પોતાની આજીવિકા માટે, તથા આપણા આશ્રિતોના ભરણપોષણ માટે ધનની જરૂર છે. ધર્મને માટે પણ ધનની જરૂર પડે છે. સાધુસંતો નિમિત્તે પણ ધન ખર્ચવાની જરૂર પડે છે. તીર્થ સ્થાનનો ઉદ્ધાર, સ્વધર્મી બંધુઓનું રક્ષણ, ગુર્વાદિનો સત્કાર, નિરાધારોનો ઉદ્ધાર, આ સર્વ કાર્યો માટે પણ ધન આવશ્યક છે. ધન જાતે ખોટું નથી. તે એક શક્તિ છે. અને શક્તિનો ઉપયોગ તેમજ દુરૂપયોગ થઈ શકે. ધનથી ઉપર જણાવ્યા પ્રમાણે લાભ થઈ શકે, તેમ ધનથી અભિમાન વધે, ધન મળતાં અનેક પ્રકારના વિષયસુખના પદાર્થોનો ઉપભોગ કરવાની ઇચ્છા થાય, ધનથી બીજાઓ પર ત્રાસ ગુજારે, અને કેટલાંક ન કરવા યોગ્ય કામ કરવા પણ મનુષ્ય દોરાય. લક્ષ્મી આવા અનર્થો ઉપજાવવાનું સાધન હોવાથી શાસ્ત્રકારોએ તેની નિંદા કરી છે. વળી ધન પેદા કરવા જતાં મનુષ્યો ગમે તેવાં ઘોર અને અનીતિભર્યાં કાર્યો કરવાને અચકાતા નથી, ધનને ખાતર મિત્રો મિત્રોમાં કલેશ જન્મે છે, ભાઇઓ ભાઇઓ વચ્ચે કુસંપ થાય છે, અને મનુષ્યોનાં ખુન પણ થાય છે. રાજ્યલોભથી મુંજરાજા પોતાના ભત્રીજા ભોજનો વધ કરાવવા તૈયાર થયો હતો. તેને મારી નાખવા મોકલેલા મારાઓને દયા આવી, અને તેને તેમણે જીવતો મૂક્યો. તે વખતે મુંજરાજાને આપવા માટે ભોજરાજાએ એક શ્લોક લખી મોકલ્યો હતો કેઃ—

मांधाता स महीपतिः कृतयुगेऽलंकारभूतो गतः ।
सेतुर्येन महोदधौ विरचितः क्वासौ दशास्यान्तकः ॥
अन्ये चापि युधिष्ठिरप्रभृतयो याता दिवं भूपते ।
नैकेनापि समं गता वसुमती नूनं त्वया यास्यति ॥

કૃતયુગમાં અલંકારભૂત **માંધાતા** નૃપતિ મરી ગયો. જેણે મોટા સમુદ્રપર પૂલ બાંધ્યો, એવા રાવણનો નાશ કરનાર, રામચંદ્રજી ક્યાં છે? યુધિષ્ઠિર પ્રમુખ સારા સારા રાજાઓ પણ કાળને શરણ થયા છે, કોઇની સાથે પૃથ્વી ગઈ નહિ. પણ હે મુંજ! જરૂર તારી સાથે જવાની છે.

આ શ્લોકની મુંજરાજા પર ભારે અસર થઇ. આપણે પણ આ દૃષ્ટાંત પરથી સાર એ લેવાનો છે કે આ બધી વસ્તુઓમાં એક પણ આપણી સાથે આવવાની નથી, તો તેને ખાતર આપણે અનેક પ્રકારનાં સાચાં જુઠાં કામો કરતાં અટકવું જોઇએ.

તૃષ્ણાને જેટલી વધારીએ તેટલી વધે છે. મનુષ્ય પોતાની જરૂરીઆતો જેટલી વધારે તેટલી વધે છે. જગતમાં અમુક વસ્તુ વિના નજ ચાલે એમ નથી. મનુષ્યને જરૂરનાં સાધનો વસ્ત્ર અને અન્ન છે.

કોઇ બાર મહિને ૧૦૦ રૂપીઆથી સંતોષ પામે છે. બીજા મનુષ્યને દશ હજાર રૂપીઆ પણ ઓછા પડે. કારણકે તેણે પોતાની જરૂરીઆતો એટલી બધી વધારી હોય કે અમુક વસ્તુઓ વિના તેને ચાલેજ નહિ. તૃષ્ણા કેવી રીતે વધે છે, તેના સંબંધમાં એક કાવ્ય નીચે પ્રમાણે છે:—

હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઇ અને
મળી પટેલાઈ ત્યારે તાકી છે શેઠાઈને.
સાંપડી શેઠાઇ, ત્યારે તાકી મંત્રિતાઈ અને
આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઈને.

મળી નૃપતાઇ ત્યારે તાકી દેવતાઈ અને
દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઇને.
અહો ! રામચંદ્ર માનો માનો શંકરાઇ મળી
વધે તૃશનાઈ તોય જાય ન મરાઈને.

તૃષ્ણાનો કોઇ દિવસ અંત આવવાનો નથી. તેના ઉપર એક દષ્ટાંત આપણે વિચારીશું અને પછી તૃષ્ણા ઓછી કરવાને ક્યાં સાધનોનો ઉપયોગ કરવો, તે પર લક્ષ દઈશું.

કૌશામ્બીમાં કાસ્યપ નામનો શાસ્ત્રી રહેતો હતો. તે મરણ પામ્યો, ત્યારે તેનો પુત્ર કપિલ ભણેલો નહિ હોવાથી શાસ્ત્રીનું સ્થાન બીજા કોઈ વિદ્વાનને મળ્યું. કપિલની માતાએ તેના પુત્રને સમજાવ્યો અને શ્રાવસ્તી નગરમાં તેના પિતાના એક મિત્ર પાસે ભણવા જવા સૂચના કરી. કપિલ પાસે કાંઈ પણ સાધન ન હતું. માટે તેના પિતાનો મિત્ર તેને એક ગૃહસ્થ પાસે તેડી ગયો, અને તે ગૃહસ્થે અનુકંપાથી કપિલને ભોજન મળે, એવી ગોઠવણ એક વિધવા બ્રાહ્મણીને ત્યાં કરી દીધી. કપિલ યુવાન હતો, અને તે વિધવા બાઇ પણ યુવાન હતી. પરસ્પરનો સંબંધ વધ્યો અને પછી તે કપિલ તે વિધવા બાઇથી લોભાયો. વિદ્યા પ્રાપ્ત કરવાનું ભૂલી ગયો. તે વિધવા બાઇએ તેની પાસે ધનની માગણી કરી અને જણાવ્યું કે આ ગામના રાજાનો એવો નિયમ છે કે સવારના પહોરમાં જે તેને પ્રથમ આશીર્વાદ આપે તેને બે માસા સોનું તે આપે છે. આ ઉપરથી તે માર્ગ લેવા તેણે નિશ્ચય કર્યો. તે ચોકમાં સુઇ રહ્યો. અર્ધ રાત્રીએ ચંદ્રોદય થતાં પ્રભાત જાણી તે ઉઠયો. અને ઉતાવળો ઉતાવળો દોડવા લાગ્યો. પોલીસે તેને ચોર જાણી પકડયો અને સવારમાં રાજા પાસે રજુ કર્યો. રાજાએ તેની ભદ્રિકતા વિચારી તેના પર દયા કરવાના હેતુથી કહ્યું કે, તારે જે માગવું હોય તે માગ. તેને કાંઈ પણ વિચાર સુઝયો નહિ. તેથી રાજાએ તેને પાસેના બગીચામાં જઇ વિચાર કરવા સૂચવ્યું. તે બગીચામાં જઈ નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો. "રાજાએ મને

બે માસા સોનું આપવાનું કહ્યું, પણ તેથી શું થાય ? પાંચ મહોર માગવી, પણ પાંચતો થોડા સમયમાં ખપી જાય માટે પચીશ માગવી. પણ તેથી કાંઈ આખું વર્ષ ચાલે નહિ. સો માગવી, હજાર માગવી, લાખ માગવી." એમ વિચાર તરંગે તે ચડયો પછી અર્ધું રાજ્ય માગવાની વૃત્તિ જાગી અને છેવટે આખું રાજ્ય માગવાની વૃત્તિ જાગી. પણ વળી વિચાર કરતાં તે પાછો ફર્યો. પોતાની તૃષ્ણાને ઘટાડવા લાગ્યો અને છેવટે તે માગણી ઓછી ઓછી કરતાં બે માસા સોનું પ્રથમની માગણી માફક લેવા વિચાર્યું. છેવટે તેણે વિચાર કર્યો કે "હવે બે માસા સોનાનું પણ કામ નથી. સુખ સંતોષમાંજ છે. વિદ્યા લેતાં વિષયમાં પડયો અને વિષયની તૃષ્ણામાં તણાતાં આ સ્થિતિ થઈ. માટે સંતોષ રાખવો એજ ખરા સુખનું કારણ છે." આમ વિચાર કરતાં તેની તૃષ્ણા સમાઈ ગઈ.

માટે તૃષ્ણાનો અંત નથી. ત્યારે હવે પરિગ્રહ જો આ તૃષ્ણાનું અને તેને અંગે ઉપજતા અનેક અનર્થોનું કારણ હોય તો તેનો ત્યાગ કરવા અથવા તે ઓછો કરવા શું કરવું એ પ્રશ્ન ઉભો થાય છે. તેને વાસ્તે શાસ્ત્રકારોએ માર્ગ બતાવ્યો કે પરિગ્રહનું પરિમાણ કરવું. મનુષ્યને વસ્તુઓની પ્રાપ્તિ થયા પછી તે પરિમાણ કરવાનું કામ કઠણ લાગે છે. માટે જે સમયે આપણી પાસે વસ્તુઓ ન હોય, તે સમયે શાંતપળોમાં આપણા મન સાથે નિશ્ચય કરવો; અને પછી ગમે તેવી લાલચો આવે, અને ગમે તેવાં પ્રલોભનો પેદા થાય, છતાં પોતાના નિયમોથી ચલિત ન થવું.

ભારના લોભથી જેમ વ્હાણ દરિયામાં ડુબે છે, તેમ પરિગ્રહની અનેક વસ્તુઓ ઉપરની આસક્તિને લઇને મનુષ્યનું મન તેને મેળવવામાં, તે મળેલાનું રક્ષણ કરવામાં તથા મેળવેલી વસ્તુઓનો નાશ ન થાય, તે સંબંધી ચિંતા કરવામાં મગ્ન રહે છે, અને આ રીતે રાતદિન ચિંતા કરવામાં તેનો સમય પસાર થાય છે, અને છેવટે ખાલી હાથે આવ્યો તેમ ખાલી હાથે ચાલ્યો જાય છે. માટે મનુષ્યોએ પો-

તાના મન સાથે ઉપર જણાવેલી નવ વસ્તુઓના સંબંધમાં નિયમો લેવા, અને તે પોતાની નોંધપોથીમાં ઉતારી લેવા, અને તે કરતાં કાંઈપણ વધે તો તેનો સન્માર્ગે વ્યય કરવો. ધન વિશેષ મળતાં પોતાના નિયમોનો જુદો અર્થ કરવો એ મહાન્ દોષ છે. પરિગ્રહનું પરિમાણ કરવાનો હેતુ એ છે કે જીવ પોતાને ઇષ્ટ વસ્તુઓ અને સામગ્રીઓ પ્રાપ્ત કરી કાંઈક અંતર્મુખ મળે, તૃષ્ણાને ઓછી કરે, અને જીવનનો શો ઉદ્દેશ છે, તે સમજી તે પ્રમાણે વર્તે. આ નિયમથી તેનો ઘણો બોજો ઓછો થઇ જશે.

આ પરિગ્રહનું મુખ્ય સ્વરૂપ વસ્તુઓ પ્રત્યે આસક્તિ રાખવી તે. કેટલીક વસ્તુઓ વિના તો સાધુઓને પણ ચાલે નહિ; તો પછી ગૃહસ્થાશ્રમીઓને તો તે વસ્તુઓની નક્કી જરૂર પડે, ત્યારે મનુષ્ય અપરિગ્રહી કેમ થાય ? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે કે પરિગ્રહનું મૂળ તે તે વસ્તુઓ પ્રત્યેની મૂર્છા—આસક્તિ ભાવ છે.

જગતનું રક્ષણ કરનાર મહાવીર પ્રભુએ મૂર્છાને (વસ્તુઓ પ્રત્યેની આસક્તિને) પરિગ્રહ કહેલો છે.

મુનિ નિઃસંગ હોય, પણ જો વસ્તુઓ પ્રત્યે તેને આસક્તિ હોય તો તે નિષ્પરિગ્રહી કહેવાય નહિ, કારણ કે તત્ત્વજ્ઞોએ મૂર્છાને પરિગ્રહની ઉત્પત્તિનું સ્થાન માન્યું છે. એ મૂર્છાનું મોટું કારણ એ છે કે આપણે અજ્ઞાનથી, જે વસ્તુઓ આપણી નથી તેને આપણી માનીએ છીએ. એ વસ્તુઓમાં રહેલા ત્રણ અવગુણો જો આપણે વીચારીએ તો તે વસ્તુઓ પ્રત્યેનો મમત્વભાવ ઓછો થાય. તે વસ્તુઓ ક્ષણિક સુખ આપનારી છે, વળી તે દુઃખગર્ભિત છે. અને ત્રીજો મોટો અવગુણ એ છે કે તે મળ્યા પછી તેના ઉપરથી મોહ ઉતરી જાય છે, અને બીજી વસ્તુઓ મેળવવાની ઇચ્છા થાય છે. આ દોષ જગતના તમામ પદાર્થોમાં રહેલા છે. આ બાબતનો વિચાર કરવામાં આવે તો આપણે વસ્તુઓ પાછળ ગાંડાની માફક નહિ ભમતાં જરા વિચારશીળ થઈએ.

મનુષ્ય વસ્તુઓની વચમાં રહેવા છતાં પણ નિરાસક્તિભાવ રાખી શકે, એ બનવા જોગ છે; અને મહાન્ આત્માઓ તેમ કરી પણ શકે છે. પણ તે ઉપરથી સામાન્ય આત્માઓ એમ કહેવા લાગે કે અમને આ વસ્તુઓ પ્રત્યે નિરાસક્તિ ભાવ છે, તો તે વિચારવા જેવી વાત છે. તે વસ્તુઓના વિયોગે અથવા વસ્તુઓનો નાશ થતાં તેવું કહેનારાઓને દુઃખ થાય છે કે કેમ, એ તેમના નિરાસક્ત–નિષ્પરિગ્રહી સ્વભાવની કસોટી છે. માટે સામાન્ય જીવો તો જેટલો પરિગ્રહ ઓછો કરે છે, તેટલા પ્રમાણમાં સુખશાંતિ અને સ્થિરતા મેળવે છે, અને પરિગ્રહ વધારતાં અનેક પ્રકારની ચિંતાઓ ભોગવી દુઃખી થાય છે.

છેવટે જો મનુષ્યે સર્વ ધન અને વૈભવની સામગ્રી વચ્ચે ખરૂં સુખ પ્રાપ્ત કરવું હોય તો તેણે વિચારવું કે આ બધી વસ્તુઓનો તે **માલીક** નહિ પણ ટ્રસ્ટી છે. માલીકીજ સદા સર્વદા દુઃખનું કારણ છે. કારણ કે તેથી વિચારો તે વસ્તુઓ સાથે જડાઈ જાય છે. પણ ટ્રસ્ટી તો બધી વસ્તુઓની વચમાં રહેવા છતાં શાંતિ અનુભવી શકેછે.

૬

ક્રોધ.

આપણે પાંચ પાપસ્થાનકો વિચારી ગયા. અઢારે પાપસ્થાનકોમાં તે પાંચ મુખ્ય છે, અને બાકીના તેર તેને ટેકો આપનારાં સાધનો છે. તે જાતે પણ પાપનાં સ્થાનકો છે, પણ તે મોટે ભાગે પ્રથમના પાંચ રૂપમાં પ્રકટ થાય છે.

હવે આપણે ક્રોધનો વિચાર કરીએ. આત્માને મુક્તિ તરફ જતો રોકનારાં જે કારણો છે, તેમાં ચાર કષાય મુખ્ય છે. તે ચાર કષાયમાં એટલું બધું પ્રાબલ્ય છે કે ઉપદેશ તરંગિણી નામનો ગ્રન્થ લખે છે કે આ કષાયથી મુક્ત થવું તેનું જ નામ મુક્તિ. ત્યાં લખ્યું છે કે:—

नाशांबरत्वे न सितांबरत्वे, न तत्त्ववादे न च तर्कवादे ।
न पक्षसेवाश्रयणेन मुक्तिः कषायमुक्तिः किल मुक्तिरेव ॥

મુક્તિ શ્વેતાંબરમાં કે દિગંબરમાં કે તત્ત્વવાદમાં કે તર્કવાદમાં નથી. તેમજ અમુક પક્ષનો આશ્રય લેવાથી પણ મુક્તિ નથી. કષાય મુક્ત થવું, તેનુંજ નામ મુક્તિ. આ ચાર કષાયોમાં પ્રથમ ક્રોધ છે. માટે તેનો આ પ્રકરણમાં વિચાર કરીશું.

ક્રોધ એટલે મન અને શરીર આત્માને વશ નહિ રહેતાં અમુક આવેશમાં આવી પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે તે સ્થિતિ. ક્રોધ એ થોડા સમયનું ગાંડપણ છે. અને પોતાને પ્રતિકુળ સ્થિતિ લાગતાં તે વૃત્તિ ઉદ્‌ભવી આવે છે. આપણને અમુક વસ્તુ, સ્થિતિ અથવા મનુષ્ય પ્રિય હોય, તેની પ્રાપ્તિમાં જે કોઇ વિઘ્ન નાખે, તેના પર આપણે ક્રોધ કરવા દોરાઇએ છીએ. અમુક વસ્તુ વાસ્તેની આપણામાં ઇચ્છા—કામ હોય, તે વસ્તુ મેળવવામાં જ્યારે વિઘ્ન આવે છે,

ત્યારે વિઘ્ન કરનાર મનુષ્ય પ્રત્યે જે રોષની લાગણી ઉદ્ભવે, તેને ક્રોધ કહેવામાં આવે છે.

ક્રોધ એ અગ્નિ સમાન છે, પણ બધા મનુષ્યોમાં તે અગ્નિ એક સરખો હોતો નથી, ક્રોધના ઉગ્રપણા પ્રમાણે શાસ્ત્રકારોએ તેના ચાર વિભાગ પાડયા છે. સૌથી ઉગ્રક્રોધ હોય તેને 'અનંતાનુબંધી' કહેવામાં આવે છે. અર્થાત્ તે ક્રોધની પરંપરા ચાલવાની. તેનાથી ઓછા ઉગ્ર ક્રોધને 'અપ્રત્યાખ્યાની' કહેવાય છે. અહીં ક્રોધને ના પાડવાને કાંઇ પણ પ્રયત્ન કરવામાં આવ્યો નથી. ત્રીજા પ્રકારના ક્રોધને પ્રત્યાખ્યાની કહે છે. તે અપ્રત્યાખ્યાની કરતાં ઓછો ઉગ્ર છે, કારણ કે ત્રીજી સ્થિતિમાં તેને રોકવા—તેનો નિષેધ કરવા પ્રયત્ન કરવામાં આવે છે. અને ચોથી સ્થિતિના ક્રોધને 'સંજ્વલન' કહેવામાં આવે છે. સંજ્વલન ક્રોધ તણખલાના ભડકા જેવો હોય છે. તે દેખાવમાં ભારે, પણ થોડા સમય પછી તેનું બળ કાંઇ નહિ. **અર્થાત્ જે ક્રોધ પ્રતિકૂળ પ્રસંગો મળતાં ઉદ્ભવે, પણ થોડીવારમાં શાંત થઇ જાય તેવો ક્રોધ.** બધી જાતના ક્રોધ સ્વભાવે ખોટા છે, છતાં તેનું ઉગ્રપણું જેમ બને તેમ ઓછું થાય તેવો પ્રયત્ન કરવો. કારણ કે કર્મનો બંધ મનના પરિણામ ઉપર છે. માટે જો મનના પરિણામ બહુ ચીકણા હશે, તો ક્રોધનું પરિણામ પણ ઘણુંજ માઠું આવશે.

હવે આપણે ક્રોધના કેટલાક કફાયદા—ગેરલાભ વિચારીએ. ક્રોધ ઉત્પન્ન થતાં મનની શાંતિનો નાશ થાય છે. ક્રોધી મનુષ્યની વિચાર કરવાની શક્તિ ચાલી જાય છે. ભગવદ્ગીતા લખે છે કેઃ—

क्रोधाद् भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिविभ्रमात् बुद्धिनाशः बुद्धिनाशात्प्रणश्यति ॥

ક્રોધથી વિવેક શક્તિ ચાલી જતાં સંમોહ થાય છે, અને તે સંમોહથી સ્મરણશક્તિમાં ભ્રમ થાય છે, અને સ્મૃતિનો ભ્રંશ થવાથી

બુદ્ધિનો નાશ થાય છે, અને બુદ્ધિના નાશથી મનુષ્ય સર્વ પ્રકારે નાશ પામે છે. ક્રોધથી ઘણા સમયની તપશ્ચર્યા પણ નાશ પામે છે. યોગીઓ પણ ક્રોધને વશ થઇ નહિ કરવા યોગ્ય કામો કરે છે. નહિ બોલવા યોગ્ય વચનો બોલે છે, અને નહિ વિચારવા યોગ્ય વિચારો કરે છે. ક્રોધ એ અગ્નિ સમાન છે, અને પ્રથમ તો જ્યાં તેનો ઉદ્ભવ થાય છે, ત્યાં તેને બાળે છે, અને પછી બીજા મનુષ્યોને નુકસાન કરે છે. ક્રોધમાં બોલાયેલાં વચનો વાસ્તે, અથવા તે સમયે કરાયેલાં કાર્યો વાસ્તે મનુષ્યો પાછળથી ગમે તેટલો પશ્ચાત્તાપ કરે, પણ તેથી કાંઈ લાભ થાય નહિ. તે વખતે મનુષ્ય મન ઉપરનો સંયમ ખોઇ બેસે છે, અને ઘણા જન્મ સુધી રખડાવે તેવાં કર્મો બાંધે છે. મનની શાંતિ ખોઈ બેસતાં શરીરપર તેની અસર થવા લાગે છે. આંખો લાલચોળ થાય છે. મ્હોંપર રતાશ આવી જાય છે. મુખમાંથી દીર્ઘ-શ્વાસ નીકળે છે. હાથ પગ પછાડા મારે છે, અને લોહી ઉકળી અને ઝેરી બનતું જાય છે. તેથી થોડા સમયમાં મનુષ્યનું માથું દુઃખવા આવે છે. ક્રોધ કર્યા પછી કેટલાક કલાક સુધી કાંઈ પણ ચેન પડતું નથી. અને આથી બીજાઓ સાથે જ વેર બંધાય છે, તેનાં ફળ આ ભવમાં ભોગવવાં પડે છે, એટલુંજ નહિ પણ આગામી ભવોમાં પણ તેનાં ફળો ચાલ્યાં આવે છે.

આ ક્રોધની પણ ત્રણ સ્થિતિઓ છે. પ્રથમ તો પોતાને કાંઇ પણ નુકશાન થયું એટલે મનુષ્ય તે સામી વ્યક્તિ પર પોતાનો રોષ કાઢે છે. પણ મનુષ્ય ધીમે ધીમે તેના અવગુણો અનુભવે છે, અને તેમાંથી છૂટવા પ્રયત્ન કરે છે. તે હવે પોતાને થયેલા નુકશાન વાસ્તે કાંઇ પણ બોલતો નથી. પણ જો બીજો મનુષ્ય ત્રીજા પુરૂષને દુઃખ દે, અથવા નુકશાન કરે તો તેનો પિત્તો ઉછળે છે. આ ક્રોધને શાસ્ત્ર-કારો પ્રશસ્ય ક્રોધ (noble indignation) કહે છે. આ ક્રોધ તે નુકશાન કરનાર પર નીકળી આવે છે. પણ તે કરતાં પણ એક ઉંચી સ્થિતિ છે કે જ્યાં નુકશાન કરનાર અને નુકસાન ભોગવનાર બન્ને દયાને પાત્ર છે, એમ સમજી તે જીવ બન્નેનો ઉદ્ધાર કરવા પ્રયત્ન

કરે છે. નુકસાન ભોગવનાર નુકસાન ભોગવી કર્મથી છૂટો થાય છે, પણ નુકસાન કરનાર બીજાને ત્રાસ આપી નવું કર્મ ઉપાર્જન કરે છે, જે તેણે ભવિષ્યમાં આપવું પડશે, માટે તે વિશેષ દયાને પાત્ર છે. આવી રીતે વિચાર કરીને નુકસાન કરનારને પણ સમજાવી તેને સીધે માર્ગે લાવવા પ્રયત્ન કરે છે.

હવે આપણે ક્રોધ પર કેવી રીતે જય મેળવવો તેનો વિચાર કરીએ. ક્રોધ ઉપર જય મેળવવાનું ઉત્તમ સાધન ક્ષમા છે.

જેના હાથમાં ક્ષમા રૂપી તલવાર છે, તેને દુર્જન શું કરવાનો હતો? ઘાસ વગરની જમીન પર જો અગ્નિ પડે તો પોતાની મેળે શાંત થઈ જાય છે. વચનોમાં મીઠાશ અને વચનોમાં કડવાશ રહેલી છે. આપણને ગમે તેટલો ક્રોધ ચડયો હોય, પણ બોલતાં પહેલાં વિચાર કરવાની આપણને ટેવ હશે, તો ક્રોધ શબ્દો રૂપે પ્રકટ થશે નહિ, એટલે તેનો જુસ્સો ઓછો થવા લાગશે. જ્યાં સુધી મનુષ્ય બીજાએ પોતાને કરેલા નુકસાનનોજ વિચાર કરે છે, ત્યાં સુધી તેનો ક્રોધ કદાપિ શમશે નહિ. આપણા દુ:ખમાં બીજાઓ તો નિમિત્ત માત્ર છે, માટે મારે બીજાઓ પ્રત્યે શા સારૂ ક્રોધ કરવો જોઈએ? **નીચે આપેલી ભાવના** વિચારવા જેવી છે.

જે મેં પૂર્વ ભવમાં કર્મો કરેલાં, તેનાં ફળ હું ભોગવું છું. બીજા મનુષ્યો તો સુખ દુ:ખ આપવામાં નિમિત્ત માત્ર છે, તો અન્ય ઉપર હું શા સારૂ રોષ કરૂં? વળી જો કોઈ મારો દોષ બતાવે તે તો મારો પરમ મિત્ર છે, કારણ કે એવો દોષ હું ફરીથી નહિ કરૂં, તો પછી નિષ્કારણ મિત્ર પર શા સારૂ ક્રોધ કરવો! વળી જે કોઇ ક્રોધ કરાવે છે, તેના સંબંધમાં એવો વિચાર કરવો કે "મેં અત્યાર સુધી વિવેક અને જ્ઞાનપૂર્વક શાંતિનો અભ્યાસ કર્યો હતો, તેની પરીક્ષા લેવા માટે પ્રતિકૂળ મનુષ્યો કે પ્રતિકૂળ પ્રસંગો ઉભા થયા છે. તો મારે તે પ્રતિકૂળ મનુષ્યો તથા પ્રસંગોને વધાવી લઈ આ શાંતિની પરીક્ષામાં પસાર થવું જોઈએ."

આ ઉપર એક ટુકું દૃષ્ટાંત આપણને ક્રોધ શમાવવામાં ઘણુંજ લાભકારી થશે.

ગજસુકુમાળ નામે રાજકુમારે નાની વયે શ્રી નેમનાથ પાસે દીક્ષા લીધી, અને સંસારનો ત્યાગ કરી શ્મશાનમાં ઉગ્ર ધ્યાનમાં રહ્યા. સોમલ નામના બ્રાહ્મણની પુત્રી સાથે ગજસુકુમાળનું સગપણ કર્યું હતું. પરંતુ લગ્ન થયા પહેલાં તે સંસાર ત્યાગી થયા. પોતાની પુત્રીના સુખનો નાશ થયો તેથી સોમલને ક્રોધ ચઢ્યો, અને તે ગજસુકુમાળની શોધમાં નીકળ્યો. શ્મશાનમાં ગજસુકુમાળ એકાગ્ર ધ્યાનથી શુદ્ધ કાર્યોત્સર્ગ સ્થિતિમાં ઉભા હતા, ત્યાં તે આવી પહોંચ્યો. તેણે પોતાનો ક્રોધ પ્રકટ કરવા અને તેના પર વેર લેવાને તેમના માથા પર ચીકણી માટીની વાડ કરી, અને શ્મશાનમાંથી ધગધગના અંગારા લાવી તેમના માથા પર મૂક્યા. તેમાં કેટલાક લાકડાના કકડા નાખ્યા, એટલે તાપ સખ્ત થયો. આથી ગજસુકુમાળનો કોમળ દેહ બળવા લાગ્યો. એટલે સોમલ જતો રહ્યો. આ સમય એવો હતો કે ગજસુકુમાળના ક્રોધનો પાર ન આવે, છતાં તે મહાનુભાવ જીવે સોમલ પર ક્રોધ નહિ કરતાં પોતાના પૂર્વકર્મોના વિપાકરૂપ આ સ્થિતિને કલ્પી સમભાવથી નીચે પ્રમાણે વિચાર કર્યો " હે જીવ ! જો તું એની પુત્રીને પરણ્યો હોત તો પહેરામણીમાં તને પાઘડી બંધાવત. એ પાઘડી થોડા વખતમાં નાશ પામત, પણ આતો તેણે એવી પાઘડી બંધાવી કે જે મોક્ષપુરીમાં જવા માટે મને મદદગાર નીવડી." આ પ્રમાણે વિચાર કરી જરા પણ મનની સ્થિરતામાં ભંગ થવા દીધો નહિ, અને તેના પરિણામે, શાસ્ત્રો કહે છે તેમ, તેમણે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આટલાં ઘોર દુઃખો દેનાર પર ક્ષમા રાખનારા આ ગજસુકુમાળનું દૃષ્ટાંત યાદ કરી આપણે બીજાઓ પ્રત્યે—આપણને દુઃખ દેનારા પ્રત્યે—ઉદાર ભાવ રાખવો.

જ્યારે સામા મનુષ્યે આપણું બગાડયું હોય, તે વખતે તેના પ્રત્યે ક્ષમા રાખવામાં મોટામાં મોટો વિજય છે. તત્ત્વજ્ઞાની સેનેકા લખે છે કે:—

He that does good to another man especially if the other has done him some wrong, does also good to himself, not in the consequences, but in the very act of doing it, for the consciousness of well doing is an ample reward.

જે મનુષ્ય બીજાનું ભલું કરે છે અને ખાસ કરીને અપકાર કરનાર પર પણ ઉપકાર કરે છે, તે પોતાનું પણ કલ્યાણ કરે છે. તેનું શુભ પરિણામ આવશે એ દૃષ્ટિથી નહિ પણ તે કામ કરવામાંજ તેનું કલ્યાણ થાય છે. કારણકે પોતે સારૂં કામ કર્યું છે, એવું ભાન મનુષ્યના પોતાના શુભ કામનો પુષ્કળ બદલો છે.

વળી મનુષ્યે વિચાર કરવો કે જેને વાસ્તે તે બીજા પ્રત્યે ક્રોધ કરવા દોરાય છે, તે ક્ષણિક છે. જગતની બધી વસ્તુઓ અનિત્ય છે, તો તે અનિત્ય વસ્તુઓ ખાતર આત્માના નિત્ય ગુણનો—શાંતિનો શા સારૂ ભોગ આપવો ? જે જે મહા પુરૂષોએ જગતમાં અપૂર્વતા પ્રાપ્ત કરી છે, તે સર્વેએ ક્રોધનો બદલો પ્રેમમાં આપ્યો છે.

પ્રાચીન ઉત્તમ મુનીઓએ કુહાડા પ્રત્યે ચંદનના જેવી વૃત્તિ રાખીને સિદ્ધિ પ્રાપ્ત કરવાનો આરંભ કર્યો છે.

કુહાડાથી ચંદન કપાય તો પણ કુહાડાને પોતાની સુગંધથી સુગંધિત કરે છે, તેવી રીતે જ્ઞાની પુરૂષો પોતાને ઉપસર્ગ કરીને હેરાન કરનારનું પણ કલ્યાણ કરીને પોતાના ક્ષમાભાવને પ્રકટ કરે છે. વળી ક્ષમા ભાવને પ્રાપ્ત કરવાનો ઉત્તમ ઉપાય એ છે કે અનંત કાળનો વિચાર કરવો. જ્યાં સુધી આપણે વર્તમાનનો તથા થોડા સમયપર ગયેલા ભૂતકાળનો વિચાર કરીએ છીએ, ત્યાં સુધી બીજાએ

આપણુને કરેલા નુકસાનોનું સ્મરણ રહ્યાં કરે છે, અને આપણુને ક્રોધ થવા સંભવ છે, પણ અનંત કાળનો વિચાર કરતાં આ બધા પ્રસંગોનું ઉગ્રપણું ચાલ્યું જાય છે. અત્યારે જે બનાવ આપણા માનસિક આકાશને ભરી નાખે છે, તેજ બનાવ પાંચસાત વર્ષ પછી આપણા આકાશમાં એક બિન્દુ સમાન લાગે છે. તો પછી અનંત-કાળમાં આ બનાવો તો નહિ જેવા લાગે, માટે સુખદુઃખના પ્રસંગોમાં ઉપાદાન કારણ આપણે છીએ, અને બીજાઓ તો માત્ર નિમિત્ત કારણ છે, એમ માની ચિત્તની સ્વસ્થતા જાળવવી. જે મનુષ્યે બીજાને ક્ષમા આપતો નથી, તે જે પૂલ ઉપર થઇને પોતાને પસાર થવાનું છે, તે પૂલને ભાગી નાખે છે, કારણ કે દરેક પુરૂષને ક્ષમા માગવાની જરૂર પડે છે. માટે ક્ષમારૂપી જળ વડે ક્રોધરૂપી અગ્નિને શાંત કરવો અને આત્માની સ્વાભાવિક નિર્મળ સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

૭

માન.

માન એ બીજો કષાય છે. માન–અથવા અભિમાનથી મનુષ્ય પોતાને બીજાઓ કરતાં ઉંચો ગણે છે, અને સઘળું જ્ઞાન, શક્તિ વગેરે પોતાનામાં આવી રહ્યું છે, એમ માને છે. માનનું મૂળ ભેદભાવ છે. બીજાઓ કરતાં હું કાંઇ અલગ છું, બીજાઓ કરતાં મારામાં વિશેષ ઉત્તમ તત્ત્વો છે; એવા વિચારોથી હૃદયમાં જે વૃત્તિ જાગે તેને માનવૃત્તિ કહે છે.

કવિ ભર્તૃહરિ કહે છે તેમઃ—

મનુષ્યોને જ્યારે કાંઇક જ્ઞાન થાય છે, ત્યારે હું સર્વજ્ઞ છું એમ પોતાને માને છે. અને તે વખતે હસ્તીની માફક મદોન્મત્ત બને છે. પણ જ્યારે જ્ઞાની પુરૂષોના સંબંધમાં આવતાં કાંઇક વિશેષ જ્ઞાન થાય છે, ત્યારે પોતાની મૂર્ખતાનું તેને ભાન થાય છે, અને ત્યારે જેમ જ્વર ચાલ્યો જાય તેમ મદ પણ જતો રહે છે.

મનુષ્યને જ્યારે કાંઇક વિશેષ જ્ઞાન થાય છે, ત્યારેજ પોતાની અજ્ઞાનદશાનું ભાન થાય છે. ન્યુટન જેવા પ્રસિદ્ધ વિજ્ઞાનશાસ્ત્રીએ કહ્યું હતું કે "અમે અત્યાર સુધીમાં મેળવેલું જ્ઞાન તે દરિયા કાંઠે પડેલા શીપ અને શંખલા છે. અને હજુ તો આખો દરિયો શોધખોળ માટે પડેલો છે." પણ જે લોકોને થોડું જ્ઞાન હોય છે, તે વિશેષ ઉદ્ધત બને છે. અધુરો ઘડો ઘણો છલકાય, તેવી આ સ્થિતિ છે.

આ અભિમાન થવાના શાસ્ત્રકારો આઠ પ્રકાર વર્ણવે છે. તેનાં નામ કુળ, જાતિ, ઐશ્વર્ય, રૂપ, તપ, બળ, વિદ્યા અને ધન છે. જો મનુષ્ય શાંત રીતે વિચાર કરે તો તેને જણાય કે આ અભિમાન કરવાનાં કારણો નથી. આપણે એક પછી એક આઠ મદના સ્થાનનો વિચાર કરીએ.

પ્રથમ કુળમદ—કુળનું અભિમાન કરવાનું કાંઈ કારણ નથી, કારણ કે જગતમાં તમારા કરતાં પણ વિશેષ ઉત્તમ કુળવાળા જીવો છે. વળી જે કુળનું અભિમાન કરે છે, તે બીજા ભવમાં હલકા કુળમાં જન્મે છે. પોતે અમુક ઉચ્ચ નીચ કુળોમાં જન્મ લેતો લેતો આ કુળમાં આવ્યો છે, તો પછી તેને વાસ્તે અહંકાર કરવો શો ?

જાતિમદ—આ મદનો બીજો પ્રકાર છે. જીવ હમેશ એકજ જાતિમાં જન્મતો નથી. કર્મ પ્રમાણે વિવિધ જાતિમાં તેનો જન્મ થાય છે. વળી પોતાની જાતિ કરતાં પણ બીજી અનેક ઉત્તમ જાતિઓ આ જગતમાં વિદ્યમાન છે, તો પછી જાતિમદ કરવાથી લાભ શો ! જે મનુષ્ય બીજી જાતિઓને હલકી ગણી તેનો તિરસ્કાર કરે છે, તે મનુષ્ય તેવીજ હલકી જાતિમાં જન્મે છે, અને આ રીતે કુદરત તેનું અભિમાન છોડાવી તેને નમ્રતાનો પાઠ શીખવે છે. મનુષ્યમાં પોતાનામાં કાંઇ ઓછું સત્ત્વ હોય છે, તેજ મનુષ્ય બાપદાદાઓની કીર્તિ ઉપર પોતાની મહત્તા સ્થાપવાનો પ્રયત્ન કરે છે.

ઐશ્વર્યમદ—પોતાના વૈભવનો—પોતાને મળેલી સત્તાનો મદ કરવો તે પણ એક પ્રકારની મૂર્ખતા છે. કલેકટર આખા શહેરના અમલદારો કરતાં મોટો હોય, પણ ગવર્નરની અપેક્ષાએ તેની સત્તા કાંઈ હીસાબમાં નથી. તેમ ગવર્નર આખા ઇલાકા પર રાજ્ય કરે, પણ વાઇસરોયની અપેક્ષાએ તેની સત્તા છાયામાં પડી જાય છે. અને શહેનશાહનો વિચાર કરતાં વાઇસરોયનો અધિકાર ગૌણપદ ધારણ કરે છે. આ રીતે ઐશ્વર્ય-સત્તાની બાબતમાં ઉપરના દરજ્જાના સત્તાધારીઓ જોતાં મનુષ્યનો મદ ગળી જાય છે.

રૂપમદ—આપણું સૌંદર્ય ગમે તેવું હોય, તો પણ વિશેષ રૂપવાનોની સુંદરતા આગળ તે ગૌણ પડી જાય છે, અને આ રૂપ બદલાતાં વાર લાગતી નથી. યુવાવસ્થામાં જણાઈ આવતું રૂપ વય વધતાં બદલવા લાગે છે, અને જ્યાં રોગ થયો કે સૌંદર્ય નષ્ટ થતાં

વાર લાગતી નથી. જ્યાં સ્થિતિ આવી છે, ત્યાં કયો સુજ્ઞ મનુષ્ય રૂપને માટે અભિમાન કરે ?

તપમદ—હાલના સમયમાં મનુષ્ય થોડું ઘણું વિશેષ તપ કરે એટલે અભિમાન કરે, પણ પ્રાચીન સમયનો વિચાર કરો, અને કેટલા કેટલા મહિના અને કેટલાંક વર્ષો સુધી પણ જીવો તપશ્ચર્યા કરતા હતા, તેનો જો મનુષ્ય ખ્યાલ લાવે તો આ તપને લીધે ઉત્પન્ન થતો તેનો મદ ઉતરી જાય.

બળમદ—જો આપણને આપણા શરીરબળનો મદ થતો હોય તો વિચારવું કે આપણું બળ ઘણા પશુઓના બળ કરતાં પણ ઓછું છે. આપણી નિર્બળતાઓનો પાર નથી. અને આપણું આ શારીરિક બળ કયે વખતે ઘટશે તે કોણ જાણે ? તો પછી તે સંબંધી મદ કરવો એ કેમ વાજબી ગણાય ?

ધનમદ યા **લાભમદ**—આ મદ પણ અયોગ્ય છે. કારણ કે પોતાના કરતાં બીજા વિશેષ ધનાઢ્ય લોકો જગતમાં વસે છે. અને જો સોનાથી મનુષ્યને મદ થતો હોય તો સોનાની ખાણો આગળ તેનું સોનું શા હીસાબમાં છે ? અને લક્ષ્મી ચંચળ સ્વભાવની હોવાથી કયે વખતે ચાલી જશે તે કોણ કહી શકે ? આપણે અનેક મનુષ્યોના સંબંધમાં દશાના વારાફેરા જોઇએ છીએ, તો પછી તે સંબંધમાં અભિમાન કરવાનું કાંઇ કારણ નથી.

જ્ઞાનમદ—વિદ્યામદ અથવા જ્ઞાનમદ. એ સૌથી ભયંકર મદ છે, બધા મદને આપણે જ્ઞાનથી—સમજણથી દૂર કરી શકીએ, પણ જ્યાં જ્ઞાનનોજ મદ થાય, વાડજ ચીભડાં ચોરે, પોતાની માતાજ ઝેર આપે, ત્યાં સ્થિતિ ઘણી શોચનીય થાય છે.

જે જ્ઞાન આપણને નમ્ર બનાવે છે, તે જ્ઞાન ઉત્તમ છે, પણ પોતાના જ્ઞાન વિષે અભિમાન કરવું એ દુનિયામાં મોટામાં મોટું અજ્ઞાન છે. માટે જ્ઞાનનો મદ તો કદાપિ કરવો નહિ.

આપણે ભલે વિશેષ વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરીએ, પણ તે જ્ઞાન સાથે આપણામાં પૂજ્યભાવ આવવો જોઇએ. આપણા વડીલો પ્રત્યે પૂજ્યભાવ આવતાં આપણામાં શિષ્યવૃત્તિ–નમ્રતા જાગ્રત્ થશે.

હવે અભિમાનના ગેરફાયદા વિચારીશું.

સૌથી મોટો ગેરફાયદો એ છે કે અભિમાની મનુષ્ય વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. આ પ્રમાણે પોતાના માની લીધેલા સર્વજ્ઞ-પણામાં મુંઝાય છે, એટલે તેને પોતાનેજ મોટો ગેરલાભ થાય છે. તે કોઇનો પણ વિનય કરી શકતો નથી. આ રીતે જ્ઞાન પ્રાપ્તિનું ઉત્તમ સાધન તેની પાસે નહિ હોવાથી તે બીજાઓની કૃપા મેળવી શકતો નથી. તેનો મિત્ર કોઈ થતું નથી. તેની પાસે પૈસા હોય કે સત્તા હોય તો લોકો તેવા મનુષ્યની ખુશામત કરે, તેની રૂબરૂમાં તેના કહે-વાની હાજી હા કરે, પણ તે તેના ખરા ભક્ત કે પ્રેમાળ મિત્ર થાય નહિ. અર્થાત્ અભિમાની મનુષ્ય અતડો રહે છે. કોઈ તેને ખરા જીગરથી ચ્હાતુ નથી, એટલુંજ નહિ પણ તે ઘણા શત્રુઓ બનાવે છે. તે ગમે તેવાં કામો કરીને પોતાનું માન સાચવવા મથે છે. પોતાની પાસે ધન ન હોય, તો કરજ કરીને પણ તે ધન ખરચશે, અને પછી દેવાને લીધે આખી જીંદગી સુધી દુઃખી થશે. જ્યારે મનુષ્યનો વિનાશ થવાનો હોય, ત્યારે તેનામાં ઘણું અભિમાન આવે છે. તે બધા પ્રત્યે ઉદ્ધતાઇથી વર્તે છે. વિનાશ પહેલાં અભિમાન જન્મે છે. અભિમાની પુરૂષ પોતાના ગુરૂઓ અને વડીલોનું અપમાન કરતાં પણ અચકાતો નથી.

આ માનના ત્યાગ સંબંધીનું એક દૃષ્ટાંત આપણે વિચારીશું. શ્રી ઋષભદેવને ભરત અને બાહુબળ નામના બે પ્રતાપી પુત્રો હતા. પોતાના બીજા પુત્રોને રાજગાદી સોંપી પોતે અનેક સ્થળે વિહાર કરતા હતા. ભરતને ચક્રવર્તીનું ચક્ર ઉત્પન્ન થયું, તે વડે તેણે છ ખંડના રાજાઓને વશ કર્યાં, પણ બાહુબળે તેની આજ્ઞા ન સ્વીકારી. તે બંધુઓ વચ્ચે મહાન યુદ્ધ દીર્ઘ સમય સુધી ચાલ્યું. ભરતે છેવટે

બાહુબળ ઉપર પોતાનું ચક્ર મૂકયું. બન્ને ભાઇઓ હોવાથી બાહુબળ પર તે ચક્રનો પ્રભાવ ચાલ્યો નહિ. તેથી તે ભરતના હાથમાં પાછું આવ્યું. ભરતે જ્યારે ચક્ર મૂકયું ત્યારે બાહુબળને ઘણો ક્રોધ ચઢયો હતો, અને તેણે ભરતને મારવા માટે મુષ્ટિ ઉપાડી હતી. પણ જ્યાં ચક્ર બાહુબળને કાંઇ પણ ઇજા કર્યા વિના ભરતના હાથમાં પાછું જઇને બેઠું, એટલે બાહુબળની ભાવના ફરી. તેણે પોતાના બંધુને મારવાનો વિચાર માંડી વાળ્યો, પણ આ ઉગામેલી મુઠ્ઠી પાછી મૂકવી તે પણ ઠીક નહિ, એમ ધારી પંચ મુષ્ટિ લોચ કરી પોતે સાધુ બન્યા. હવે પોતાના પીતા આદીશ્વર પાસે જવાનો વિચાર કર્યો, પણ ત્યાં પોતાના નાના ભાઇઓ, જે પ્રથમ દીક્ષિત છે. તેમને નમસ્કાર કરવા પડશે, એ અભિમાનથી ત્યાં જવાનો વિચાર માંડી વાળ્યો. તેમણે વનમાં રહી ઘણું ઉચ્ચ પ્રકારનું ધ્યાન કર્યું, પણ કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિમાં તેમનું અભિમાન નડયું. છેવટે તેમની બે બ્હેનો—બ્રાહ્મી તથા સુંદરીએ બાહુબળને કહ્યું કે "વીરા ગજ થકી ઉતરો." આ શબ્દો સાંભળતાં વિચાર સુઝયો, અને પોતે અભિમાન રૂપી હાથી પર ચઢયા છે, તેનું તેમને ભાન થયું. અભિમાનનો ત્યાગ કરી વંદન કરવા માટે જ્યાં પ્રથમ પગલું ઉપાડે છે, ત્યાં કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અભિમાનનો પ્રભાવ કેટલો બધો છે, તે આ ઉપરથી આપણુને સમજાય છે. હવે આ અભિમાન ત્યાગવાના કેટલાક ઉપાયો વિચારીએ જ્યાં નમ્રતા આવે છે, ત્યાં અભિમાન ચાલ્યું જાય છે, કહેવત છે કેઃ—

લઘુતાસે પ્રભુતા મીલે, પ્રભુતાસે પ્રભુ દૂર
કીડી હો મીસરી ચુગે, ગજ શિર ડારે ધૂળ.

માટે હૃદયથી નમ્રભાવ રાખવો, અને જેની પાસેથી જ્ઞાન મેળવવું હોય તેનો ખરો વિનય કરવો, કારણ કે વિનયથી ગુરુ પ્રસન્ન થાય છે, અને તેમના હૃદયમાંથી જે જ્ઞાન પ્રવાહ વહે છે, તે શિષ્યના હૃદયને ઉન્નત બનાવી દે છે. બીજાઓના ગુણનો, જ્ઞાનનો, શક્તિનો વિચાર કરો, એટલે તમારું અભિમાન ગળી જશે. વળી તમારી પોતાની

નિર્બળતાઓનો પણ જો તમે શાંત મનથી વિચાર કરશો તો તમને અભિમાન કરવાનું કારણ રહેશે નહિ. જે પોતાનું અજ્ઞાન જાણે છે, તેજ મનુષ્ય જ્ઞાન મેળવવાને લાયક બને છે. જગતમાં જાણવા યોગ્ય ઘણું છે, એવો જો મનુષ્યને વિચાર આવે તો તે જરૂર નમ્ર થયા વિના રહે નહિ.

બીજાના પહાડ જેટલા અવગુણોને રઈ જેટલા ગણો. તમારા પોતાના રઈ જેટલા અવગુણોને પહાડ જેટલા ગણો. બીજાના રઈ જેટલા ગુણને પહાડ જેટલા ગણો. પોતાના પહાડ જેટલા ગુણને રઈ જેટલા ગણો જેથી તમારામાં ગુણાનુંરાગીપણું પ્રાપ્ત થશે.

આ વિષય પૂર્ણ કરતાં એક બાબત ખાસ વિચારવા જેવી છે. મનુષ્યે ખોટા અભિમાનનો ત્યાગ કરવો, પણ જેને સ્વમાન (self-respect) કહે છે, તે તો સાચવવું. કારણ કે સ્વમાનવાળા પુરૂષો ઘણાં ખોટાં કામો કરતાં અટકે છે. તેઓ પોતાના સ્વમાનને લીધેજ કેટલાંક હલકાં કામો કરવાનો વિચાર સરખો પણ કરતા નથી. માટે આવું સ્વમાન એ પ્રશસ્ય માન છે. જો કે ઘણી સ્થિતિમાં તે પણ પ્રશસ્ય ક્રોધની માફક ત્યાજ્ય છે, પણ શરૂઆતમાં તે ઘણા જીવોને સીધે માર્ગે દોરવાના કારણભૂત બને છે.

જ્યાં ગુણ નથી, ત્યાં એના ખાલી માનથી શું અર્થસિદ્ધિ થવાની હતી? પણ જે માનથી આ લોક તથા પરલોકમાં શુદ્ધિ મળે, તે માન ખરૂં માન કહેવાય. આ માન તે સ્વમાન છે. પોતાના આત્માની શક્તિનું ભાન આવવાથી આ માન પ્રકટે છે, અને તે મનુષ્યને સબળ બનાવી ઉન્નતિને માર્ગે લઈ જાય છે. જેને આત્માની અનંત રિદ્ધિનું ભાન થયું હોય, તે બ્હારની વસ્તુઓ આવે કે જાય તે પર વિશેષ લક્ષ આપતો નથી. વસ્તુના સદ્ભાવે ફુલાઈ જતો નથી, તેમજ વસ્તુના અભાવે દીન બની જતો નથી. કારણકે આત્મશક્તિ એ વસ્તુઓ ઉપર આધાર રાખતી નથી પણ અંદરથી બ્હાર પ્રકટ થાય છે.

૮

માયા.

માયા એ બે અક્ષરોનો શબ્દ છે. પણ તે ઘણો અનર્થ ઉપજાવે છે. માયા એ શબ્દ આ સ્થળે કપટના અર્થમાં વાપરવામાં આવેલો છે. માયા એ ત્રીજો કષાય છે. તેના ગેરફાયદા લોકો વિચારતા નથી. અને તેવા અવગુણને મોટો ગણતા નથી. પણ માયા મોટું નુકસાન કરે છે. જ્યાં મનુષ્યમાં માયારૂપી રાક્ષસી પ્રવેશ કરે છે, ત્યાં તેમનામાંથી સત્યવૃત્તિ નાશ પામે છે. માયા મોટે ભાગે સ્વાર્થથી ઉદ્‌ભવે છે. જ્યાં મનુષ્યનો સ્વાર્થ સરતો હોય, ત્યાં તે ગમે તેવું કપટ કરવાને દોરાય છે, અનેક પ્રકારનાં અસત્ય બોલે છે, અને બહારથી સત્યનો ડોળ કરે છે, પણ અંદરથી મોટી ભ્રમજાળ રચે છે. વળી મનુષ્યો પોતાની માનપ્રતિષ્ઠાને હાનિ ન થાય તે માટે પોતાનાં ખોટાં કર્મો છુપાવવાને પણ કપટ—અથવા માયાનું સેવન કરે છે. જગત્ આગળ સારા દેખાવું—લોકોમાં વાહવાહ કહેવરાવવી, લોકોની ખોટી કીર્તિ મેળવવી—આ ઘણા મનુષ્યોના જીવનનું એક લક્ષ્ય થઇ પડયું હોય છે, અને જો સીધે માર્ગે કીર્તિ ન મળતી હોય, તો અસત્યમાર્ગે પણ તે મેળવવી એવી ભાવના તેમના મનમાં જાગે છે. માટે મનુષ્યો અનેક પ્રકારનાં અસત્ય વચનો બોલે છે. હૃદયમાં કાંઇક ભાવ હોય અને વચનમાં કાંઈકિ દર્શાવે છે. વળી કાર્યમાં ત્રીજા પ્રકારનો જ ભાવ જોવામાં આવે છે. આવી જે સ્થિતિ તેને માયા કહેવામાં આવે છે. આ કપટ કરવાની ટેવ પડી, પછી તે જવી ઘણી મુશ્કેલ છે. મનુષ્યનો ક્રોધ કે માન કે લોભ બ્હાર પ્રકટ દેખાઇ આવે છે. તે છુપાવવા પ્રયત્ન કરવા છતાં છુપાતો નથી. પણ માયા એટલે છેતરવાની ક્રિયા બીજાથી સમજાય નહિ, માટે તેને વશ થયેલાને સુધારવાને બીજો કોઇ ઉપદેશ પણ આપી શકે નહિ, અને ધીમે ધીમે તેનું બળ વધવા લાગે છે, એટલે તે

માયા તે મનુષ્યને આખો ગળી જાય છે. સંસ્કૃતમાં **મા**નો અર્થ નહિ અને **યા** એટલે જવું એવો થાય છે. માટે જે એકવાર વળગ્યા પછી છૂટે નહિ તે માયા.

માયા-કપટ કરવાથી ઘણા ગેરફાયદા થાય છે. મોટામાં મોટો ગેરફાયદો એ છે કે માયા કરનારના જ્ઞાનચક્ષુ પર પડળ આવી જાય છે. કપટ કરવાથી તેના મન પર આવરણ આવે છે. વારંવાર અસરળ અને કપટ ભર્યા વિચારો કરવાથી મનની વક્રગતિ થાય છે; અને તેથી આત્મા પોતાની શક્તિઓ બરાબર પ્રકટ કરી શકતો નથી. માટે માયાવી મનુષ્ય સત્ય જાણી શકતો નથી. તે બીજાને છેતરવા જાય છે; પણ જાતે જ છેતરાય છે. વળી કપટ કરનાર થોડો સમય ફાવે, થોડો સમય લોકોને છેતરે, પણ અંતે તો તેનું પાપ ઉઘાડું પડયા વિના રહેતું નથી, કારણ કે અંતે તો truth will be out સત્ય વસ્તુ ઉઘાડી પડશેજ.

કુકર્મ ઢાંકવાને ગમે તેવો પ્રયત્ન કરવામાં આવે, છતાં તે પોતાની મેળે પ્રકટ થાય છે. અને જ્યારે આમ થાય છે, ત્યારે લોકોનો તેના પરથી વિશ્વાસ ઊઠી જાય છે. પછી તે ગમે તો સારાં કામો કરે, તો પણ લોકો તેનાં તે કાર્યો પર અવિશ્વાસ અને શંકાની નજરથી જુએ છે.

વળી કપટ કરનારને અસત્યની પરંપરા કરવી પડે છે. પોતે અમુક કપટ કરે છે, તે છુપાવવાને બીજા કપટોનો તેને આશ્રય લેવો પડે છે. વળી તે છુપાવવાને વધારે ભયંકર કપટનાં કામો કરવાં પડે છે આ રીતે તેની માયાજાળ એટલી બધી વધી પડે છે કે પોતેજ પોતે રચેલી જાળમાં ફસાય છે, અને કપટ બ્હાર પડતાં વાર લાગતી નથી.

કપટ કરનાર નિરંતર ડરતો રહે છે. તેને જરા પણ શાંતિ મળતી નથી. ક્યારે પોતાનું કપટ બ્હાર પડશે, તે ભય રહ્યાંજ કરે છે; અને તેથી જગતમાં ખોટી રીતે મેળવેલી માનપ્રતિષ્ઠાની વચમાં

પણ તેનું હૃદય સળગતું હોય છે. સર્વ ધર્મની ક્રિયાઓમાં પણ ફળનો આધાર મનુષ્યના ભાવ ઉપર આધાર રાખે છે. જે મનુષ્ય લોકોને બતાવવાને, ધર્મી તરીકે ગણાવાને, અને ધર્મના બ્હાના હેઠળ પોતાનાં કુકર્મ છુપાવવાને બહારથી ધર્મક્રિયાઓ કરે છે, પણ તે ક્રિયાઓમાં તેને ભાવ હોતો નથી તો તેને તેનું યોગ્ય ફળ મળતું નથી. આવા મનુષ્યોને બકવૃત્તિવાળા કહેવામાં આવે છે.

બગલા જેવી વૃત્તિ રાખી આવા માયાવી પુરૂષોએ આખા જગતને ઠગ્યું છે. આખા જગતને છેતરવા જતાં તેમણે પોતાના આત્માને છેતર્યો છે, અને પોતાનુંજ અહિત કર્યું છે. આત્મા તો કદાપિ છેતરાય નહિ, એટલે આત્માનો પ્રકાશ આવા મનુષ્યો પર પડતો નથી અને તેઓની અધોગતિ થાય છે. ત્યારે આપણને સમજાય છે કે માયાથી અહીં અપકીર્તિ થાય છે, સત્ય પારખવાની અને જાણવાની શક્તિ બુઠ્ઠી થાય છે. આત્માનો પ્રકાશ મળતો નથી, અને પરભવમાં પણ દુર્ગતિ થાય છે.

ત્યારે આ માયા દૂર કરવાને કરવું શું ?

માયા દૂર કરવાને ઉત્તમોત્તમ ઉપાય સરળતા અથવા ઋજુતા છે. ઋજુ મનુષ્ય ભૂલ કરે પણ પોતાનો સરળ સ્વભાવ હોવાથી બન્યું હોય તેવું કહી દે, તેથી બીજાઓ તેની ભૂલ સુધારે. ઋષભદેવ સ્વામીના સમયના સાધુઓ જડબુદ્ધિના પણ ઋજુ હોવાથી પોતાની ભૂલો જોઇને તે સુધારી શકયા હતા. એકવાર કેટલાક સાધુઓ ગામ બ્હાર શૌચનિમિત્તે ગયા હતા. ત્યાંથી પાછા ફરતાં વાર થઇ ત્યારે તેમના ગુરૂએ પુછયું કે 'આટલી બધી વાર કેમ થઈ?' તેમણે જવાબ આપ્યો. "રસ્તામાં નટો ખેલ કરતા હતા તે જોવાને ઉભા રહ્યા." ગુરૂએ કહ્યું "આપણને–સાધુઓને નટ જોવા કલ્પે નહિ" તેમણે તે વાત સ્વીકારી લીધી. કેટલાક સમય વીત્યા પછી વળી તેઓ મોડા ઉપાશ્રયે આવ્યા. કારણ પૂછતાં તેઓએ જણાવ્યું કે "અમે નટી જોવા રહ્યા હતા." ગુરૂએ કહ્યું, "નટ જોવાનો મેં નિષેધ કર્યો

હતો, તો તેમાં નટી જોવાનો નિષેધ તો આવી ગયો, કારણકે નટી વિશેષ રાગનું કારણ છે." તે સાધુઓમાં બુદ્ધિ ઓછી હતી, તેથી બીજીવાર ભૂલ કરી, પણ સરળ પ્રકૃતિના હોવાથી સત્ય વાત નિવેદન કરી, આથી તેમની ભૂલો સુધારવાનો માર્ગ ગુરૂને જડી આવ્યો. માટે માયાને દૂર કરવાને સૌથી સારો માગ સરળ પ્રકૃતિ છે.

વીતરાગ સર્વજ્ઞ ભગવાને મુક્તિ માર્ગની ગતિ સરળ કહી છે, ત્યાં માયાવીજનોને સ્વપ્ને પણ રહેવાનું સ્થાન મળી શકે નહિ. જે જે મહાન્ પુરૂષો થઈ ગયા, તે સર્વમાં આ ઋજુ પ્રકૃતિ હતી. જેવું તેમના મનમાં, તેવું તેમના વચનમાં, અને જેવું વચનમાં તેવું તેમના કાર્યમાં, અર્થાત તેમના મન, વચન, અને કાર્યમાં એકરૂપતા હોય છે. ત્યાં બીલકુલ કપટ હોતું નથી, તેથી લોકો તેમના વચન પર વિશ્વાસ મુકી શકે છે.

૯

લોભ.

લોભ એ ચોથો કષાય છે."

ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, માનથી વિનયનો નાશ થાય છે. માયાથી–કપટથી વિશ્વાસનો ભંગ થાય છે; પણ લોભથી તો સર્વ ગુણોનો નાશ થાય છે.

કહ્યું છે કે સર્વ વિનાશના આશ્રયસ્થાન રૂપ અને સર્વ પ્રકારની આપત્તિના મુખ્ય માર્ગરૂપ એવા લોભને વશ થયેલો કયો મનુષ્ય એક ક્ષણ પણ સુખ પામી શકે ?

લોભ એ પ્રકૃતિનો સ્વભાવ છે. એ તૃષ્ણાનું બીજું નામ છે. તે લોભથી મનુષ્ય વસ્તુઓને સંગ્રહવાને, તેમના પર પોતાની માલીકી સ્થાપવાને પ્રયત્ન કરે છે. મનુષ્યની તૃષ્ણાને હદ હોતી નથી, તેથી તે અનેક વસ્તુઓ મેળવવા છતાં પણ તૃપ્તિ પામતો નથી. આત્માનો પોતાનો સ્વભાવ તો નિષ્પરિગ્રહી છે. તે તો આપવામાં જ આનંદ માને છે પણ પ્રકૃતિ–જડ સ્વભાવને વશ થઈ આપણે અનેક વસ્તુઓ ઉપર આપણી માલીકી સ્થાપવાના પ્રયત્ન કરીએ છીએ. આપણા ઉપભોગમાં તો ઘણી થોડી વસ્તુઓ અને સાધનો આવે છે. આપણી પાસે ૧૦ પલંગ હોય, તો પણ આપણે એકજ પલંગપર સૂઈ શકીએ છીએ. આપણી પાસે પાંચ મોટરો હોય, પણ એક વખતે તો એક-જ મોટરમાં બેસવું પડે છે. આપણા અનેક સ્થળે બંગલાઓ હોય, પણ એક વખતે એકજ બંગલાનો આપણે ઉપભોગ કરી શકીએ. ખાવા માટે ૫૦ પ્રકારની વાનીઓ તૈયાર હોય, પણ આપણે તો આપણા શરીરને માફક આવે, અને આપણાથી પચાવી શકાય, તેટલીજ વાનીઓ ખાઇ શકીએ. છતાં જીવની લોભવૃત્તિની કાંઇ મર્યાદા છે ? **વસ્તુઓ મળતાં લોભની શાંતિ નહી થતાં ઉલટો લોભ**

વધે છે. એજ જગતનું વિચિત્રપણું છે. અગ્નિમાં ઘી નાખવાથી અગ્નિ શાંત નહિ થતાં વૃદ્ધિ પામે છે, તેવીજ રીતે આપણી કામનાની વસ્તુ પ્રાપ્ત થતાં તેવી જાતની વિશેષ વસ્તુઓ મેળવવા હૃદયમાં વૃત્તિ ઉદ્‌ભવે છે.

લોભના ગેરફાયદા ઘણા છે. મનુષ્ય લોભને ખાતર અસત્ય બોલે છે. ગમે તેવું જુઠું બોલતાં તે જરાપણ અચકાતો નથી. તે જુઠી સાક્ષી આપે છે, જુઠા દસ્તાવેજો લખે છે. લોભી મનુષ્યમાંથી દયા તો દૂરજ ભાગે છે.

લોભને વશ થયેલો પુરૂષ પોતાના માલીક, ગુરૂ, બન્ધુ, વૃદ્ધ, સ્ત્રી, બાળક, તથા ક્ષીણ, દુર્બલ અનાથોને પણ શંકારહિતપણે મારીને ધન ગ્રહણ કરે છે. "It is the root of all evil" તે સર્વ અનર્થોનું મૂળ છે. આથી મનુષ્યો ઘાતકી, અને લુચ્ચા થાય છે. બીજાઓના વૈભવની ઈર્ષ્યા કરે છે, પોતાના હાથ નીચે મૂકાએલા નિરાધારોના ધનને હરી લે છે, અને ગરીબો પર પણ જુલમ ગુજારે છે. મનુષ્ય લોભથી પોતાના પિતાની ઉમ્મર પૂછવા દોરાય છે, અને લોભથી આપણો ભાગીદાર ગીધ જેવો બને છે, અને આપણો મિત્ર ચોર બને છે.

ધનને નિરંતર અર્થરૂપ માનો, તેથી સુખનો લેશ પણ, **સત્યરીતે** નથી; ધનને ખાતર ભાઈઓ લડે છે, મિત્રો છુટા પડે છે, અને સંબંધીઓ વચ્ચે શત્રુતા પ્રકટે છે.

આપણે પાંચમા પાપસ્થાનકનો વિચાર કરતાં જોયું હતું કે ધનની જરૂર છે. ધન સાધન તરીકે યોગ્ય છે, પણ ધનને ખાતરજ જેઓ ધન એકઠું કરવા પ્રયત્ન કરે છે, તેઓ ધનથી મળતું સુખ ભોગવી શકતા નથી, તેઓમાં દાન વૃત્તિ હોતી નથી, તેમજ તેઓ પોતાને વાસ્તે પણ તેનો ઉપયોગ કરી શકતા નથી. કારણ કે તેઓ ધારે છે કે ધન વાપરવાથી ખુટી જશે. આવા મનુષ્યોની સ્થિતિ ભ્રમર જેવી થાય છે કે—

મધમાખીએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું,
લુંટારાએ લુંટી લીધું રે, પામર પ્રાણી, ચેતે તો ચેતાવું તનેરે
પામર પ્રાણી.

માટે લોભ વૃત્તિનો ત્યાગ કરવાને ઉદારતાનો–દાનનો પાઠ શીખવો જોઇએ.

ધનના ત્રણ માર્ગ છે–દાન, ભોગ, અને નાશ. જે દાનમાં આપતો નથી, અથવા જાતે તેનો ઉપભોગ કરતો નથી, તેને વાસ્તે ત્રીજી ગતિ ખુલ્લી છે.

જે મનુષ્યને શાશ્વત અને ક્ષણિક વસ્તુઓ વચ્ચેનો વિવેક હોતો નથી, તે પંચેન્દ્રિયની તૃપ્તિમાં પોતાનું સર્વ સામર્થ્ય વાપરે છે; અને તેથી જે દ્વારા તે ઇન્દ્રિયોના વિષયો ભોગવી શકે, તે ગ્રહણ કરવાને લલચાય છે, અને તે ઇન્દ્રિય તૃપ્તિને અર્થે દુનિયાની વસ્તુઓ મેળવવાનું સાધન જે ધન તે મેળવવા પ્રયત્ન કરે છે. પણ આપણને વિચાર તથા અનુભવથી જણાય છે કે ઇન્દ્રિયજન્ય સુખ શાશ્વત નથી, પણ દુઃખથી ભરપૂર છે. માટે જે આપત્તિથી ભરપૂર હોય તે ખરી સંપત્તિ કહી શકાય જ નહિ. એક વિદ્વાન કવિએ કહ્યું છે કે—

જે સુખમાં ફિર દુઃખ વસે, સો સુખ નહિ દુઃખ રૂપ,
જે ઉત્તંગ ફિર ગીર પડે, સો ઉત્તંગ નહિ ભવ કૂપ.

ત્યારે શું ધન સુખનું સાધન છે? ધન એ સુખનું સાધન છે, પણ ધન એકલું જ સુખનું સાધન નથી. જો ધનવાન પુરૂષો સૌથી વિદ્વાન અને સૌથી સદ્‌ગુણી હોય, તો તેમ માનવામાં કાંઈ પણ બાધ નથી. પણ વસ્તુતઃ તેમ નથી. મનુષ્યો પોતે ધનવાન થાય, તે માટે કંગાલ સ્થિતિમાં રહે છે. તેઓ ધનને **સાધન** તરીકે નહિ ગણતાં **સાધ્ય** તરીકે ગણે છે. આજ મોટી ભૂલ છે. આપણી જરૂરીયાતો અને સગવડોને ખાતર જે ધન આવશ્યક હોય, તે સિવાયનું બાકીનું ધન નિરર્થક અને ઘણીવાર તો બોજારૂપ હોય છે. પણ જો

મનુષ્ય બાકીના ધનનો પરોપકારાર્થે અથવા સત્કાર્યમાં ઉપયોગ કરે તો તેની સફળતા છે. મનુષ્ય ધનવાન થયો એટલે તેના ધનને લીધે તે આકૃતિ વિદ્યા (Drawing) અથવા સંગીતશાસ્ત્રમાં નિપુણતા મેળવી શકે નહિ. ગરીબ મનુષ્યની માફક તેને તે વિદ્યા શીખવાને મહેનત કરવાની જરૂર છે. તેમજ ધનને લીધે જીતેંદ્રિયપણું, ધૈર્ય આદિ સદ્‌ગુણો આવી જતા નથી. તેમજ ધનને લીધે ધન ઉપર વૈરાગ્ય આવી શકતો નથી, તેમજ પોતાના આત્માને પરિગ્રહની મર્યાદા કરતાં પણ શીખવી શકતા નથી. જો મનુષ્યને તૃષા લાગી હોય તો જળ તેની તૃષા છીપાવે છે. જો મનુષ્યને ભૂખ લાગી હોય તો ખોરાક તેની ભુખ મટાડે છે. જો મનુષ્યને ઠંડી લાગતી હોય તો ગરમ કોટ પહેરવાથી અથવા દેવતા પાસે બેસવાથી તે ઠંડી દૂર ભાગે છે, અને તે મનુષ્યને શાંતિ થાય છે. પણ જો જરૂર કરતાં વધારે ખાય તો અજીર્ણ થાય છે. જરૂર કરતાં વધારે પાણી પીવાથી પેટ અકળાય છે; અને જરૂર કરતાં વધારે વસ્ત્ર પહેરવાથી તાપ વિશેષ લાગે છે. કુદરતી તંગી પુરી પડી એટલે કુદરત સંતોષ પામે છે. તેની તંગી કરતાં વધારે વસ્તુઓ તેને ભાર રૂપ જણાય છે, તેમજ નુકશાનકારક નીવડે છે, પણ ધનમાં તેમ નથી. તે બાબતમાં તો ધન મળતાં વિશેષ ધનની સ્પૃહા પ્રકટે છે અને આ લોભનો કોઇ દિવસ અંત આવતો નથી.

સમયના વહેવા સાથે લોકોની મોજશોખની વૃત્તિઓ વધારે પ્રબળ થઈ ગઈ છે અને જે ચીજો જરૂરની છે, તે સ્હેજમાં મળી શકે તેવી હોય છે, પણ આપણે લોકમાં વાહવાહ કહેવરાવવા માંગીએ છીએ. લોકોમાં બાહ્ય આડંબરથી માન પ્રતિષ્ઠા પામવા ધારીએ છીએ; અને તેથી ઘણી ચીજો જે પ્રથમ મોજશોખની ચીજો ગણાતી હતી, તે હાલમાં જરૂરની થઇ પડી છે. આપણી જરૂરીઆતો જેમ વધારીએ તેમ વધે છે. જો આપણે ઇટાલીના તેમજ પારીસના સુશોભિત ભવ્ય મકાનોના જેવી કારીગરીવાળા બંગલાઓ બંધાવવા માગીએ,

અથવા હીરા રત્નના આભુષણ પહેરવા માગીએ, અથવા અરબસ્તાનના ઘોડાની લંડનથી મંગાવેલી ફેટીનમાં બેસવા ધારીએ, અથવા સુગંધીદાર તેલ સાબુ વગેરે વાપરવા ચાહીએ તો આ બધી વસ્તુઓને આપણે જરૂરીઆતના પેટા વિભાગમાં લાવી શકીએ. પણ આ બધી ખરી જરૂરીઆતો નથી. શુદ્ધ સાત્વિક ખોરાક, સ્વચ્છ જળ, સારાં ધોયેલાં વસ્ત્ર અને ટાઢ તડકાથી આપણો બચાવ કરે તેવું ઘર—આ ચીજો સાધારણ રીતે જરૂરની ગણાય, કારણ કે શરીરનું રક્ષણ કરવામાં તે ચીજોની ઉપયોગિતા છે, અને શરીર તે ધર્મ સાધનોમાં મુખ્ય સાધન છે. માટે શરીરનાં રક્ષણ અર્થે જે ચીજો જરૂરની છે, તે સિવાયની બીજી **વધારાની** કહીએ તો તે અયોગ્ય નથી.

જો મનુષ્યને જળની તરસ હોય તે કરતાં વધારે પીએ, અથવા ભુખ કરતાં વધારે ખોરાક ખાય તો તેને ઓકવું પડે છે, અને તેમાં કેવળ વધારાનો ભાગ—હદ ઉપરાંત ખાધેલો ભાગ—જ બહાર નીકળી જતો નથી, પણ જે ખોરાક શરીરના પોષણ અર્થે જરૂરનો હતો, તે પણ નીકળી જાય છે. તેમ મધ્યમસર રીતે જે વસ્તુઓ ઉપયોગી ગણાય, તેના કરતાં વધારે મેળવવાની તૃષ્ણામાં જે કોઈ તણાય છે, તે મનુષ્ય જે ચીજો તેને સુખમાં રાખવાને તથા તેની સ્વાભાવિક તંગીઓને પાર પાડવામાં કામ લાગી હોત, તે ચીજો પણ ખોઈ બેસે છે, માટે અતિલોભ તે પાપનું મૂળ છે, તે આ ઉપરથી સિદ્ધ થાય છે.

લોભનો ત્યાગ કરવાને નીચે પ્રમાણે વિચાર કરવો. બ્હારની વસ્તુઓ ધન વૈભવ આપણી સાથે આવવાના નથી. તે ઘણું તો આખી જીંદગી પર્યંત ચાલે, પણ તે આપણી સાથે કદાપિ સર્વદા રહેશે જ નહી. આપણે આત્મા છીએ, અને આ બ્હારનાં સાધનો ખરી રીતે આપણાં નથી. આપણે તે પર માલીકી ધરાવી દુઃખી થઈએ છીએ. પણ જો ટ્રસ્ટી ભાવ રાખીએ તો ધન કોઈ રીતે દુઃખનું કારણ થાય નહિ. લાખો રૂપીઆની વચમાં મનુષ્ય નિર્લોભ-

ભાવ રાખી શકે. આપણી સાથે સ્થાયી રહેનાર આપણું જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે; અથવા સદ્ ચિદ્ અને આનંદ છે. આપણે ખીલવેલી શક્તિઓ, મેળવેલું જ્ઞાન અને પ્રકટ કરેલો આનંદસ્વભાવ–પ્રેમ આપણી સાથે રહે છે. જો મનુષ્યને આ આત્માની સાથે સ્થાયી રહેનાર સદ્‌ગુણો મેળવવા પ્રત્યે રૂચિ થાય તો વસ્તુ અને વૈભવ પ્રત્યેનો તેનો મમત્વભાવ ઓછો થવા સંભવ છે. માટે લોભના અનેક અનર્થો વિચારી તેનો ત્યાગ કરવાને કાંતો સંતોષવૃત્તિ ધારણ કરો, અને જો સંતોષવૃત્તિ ન રાખી શકતા હો તો જે કાંઈ ધન વધારાનું લાગે તેનો પરોપકારાર્થે સદુપયોગ કરો. કારણકે પરોપકાર કરવા જતાં ધન પ્રત્યેની આસક્તિ ઓછી થવા લાગશે. માટે પરોપકાર અથવા સંતોષ ખીલવો, આ સંબંધમાં કવિ શેકસપીઅર લખે છે કે,

My crown is in my heart, not on my head.
Not decked with diamonds and Indian stones
Nor to be seen, my crown is called content.
A crown it is that seldom kings enjoy.

મારો મુગટ મારા મુસ્તક ઉપર નહિ પણ મારા હૃદયમાં છે. તે હીરાથી કે પુખરાજથી જડેલો નથી. તે કોઈથી દેખી શકાતો નથી. તે મુગટનું નામ સંતોષ છે, મારો મુગટ રાજાઓના ઉપભોગમાં ભાગ્યેજ આવે છે.

મનુષ્ય પોતાના આત્માના ગુણો ખીલવવા સંબંધમાં ભલે અસંતોષ રાખે, પણ બાહ્ય સમૃદ્ધિના સંબંધમાં તો અમુક સ્થિતિએ–હદે સંતોષ રાખે, પરિગ્રહનું પરિમાણ કરે એટલે હદ બાંધે તો જ શાંતિ અનુભવી શકે. માટે આત્મશાંતિ ઇચ્છિક જનોએ પોતાના પરિગ્રહનું પરિમાણ કરીને લોભવૃત્તિ પર જય મેળવવો.

૧૦

રાગ.

દશમું આત્માના પ્રકાશને રોકનારૂં પાપસ્થાનક રાગ છે. રાગ અને દ્વેષ એ વસ્તુતઃ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોનાં બે સ્વરૂપો છે. દ્વેષ એ ક્રોધ અને માનનો સૂચક છે, અને રાગમાં માયા અને લોભનો સમાવેશ થાય છે. એટલે રાગ દ્વેષનું સ્વરૂપ આ ચાર કષાયોમાં મોટે ભાગે આવી જાય છે, પણ જ્યારે અત્રે આ બે પાપસ્થાનકોને જુદાં ગણવામાં આવ્યાં છે, તો તેનું વર્ણન કરવાની જરૂર છે.

રાગની વ્યાખ્યા:—રાગ એટલે કોઈ પણ વસ્તુ અથવા મનુષ્ય પ્રત્યેની મારાપણાને લીધે જે આસક્તિ થાય તે રાગ. રાગ બંધનકર્તા ગણવામાં આવ્યો છે. કારણ કે તે વૃત્તિ જ્યારે પ્રબળ હોય છે, ત્યારે મનુષ્ય નહિ કરવા યોગ્ય કામો કરે છે, નહિ બોલવાયોગ્ય વચનો બોલે છે, અને રાગની વસ્તુને ખાતર પોતાના બધા નિશ્ચયો અને સત્ નિર્ણયોનો ભોગ આપે છે. રાગી મનુષ્યને આંધળો ગણવામાં આવે છે કહ્યું છે કે:

रागांधा नैव पश्यन्ति રાગથી અંધ થયેલા પુરૂષો વસ્તુસ્થિતિ જાણી શકતા નથી.

આપણે શાસ્ત્રોમાં વારંવાર સાંભળીએ છીએ કે કર્ણેન્દ્રિયની તૃપ્તિ ખાતર મૃગ, ચક્ષુરિન્દ્રિયના વિષયની તૃપ્તિ ખાતર પતંગીઉં, રસનેન્દ્રિયના વિષયના ભોગ માટે મીન (માંછલું), ઘ્રાણેન્દ્રિય ખાતર ભ્રમર અને સ્પર્શેન્દ્રિયના ઉપભોગ ખાતર હાથી મરણને શરણ થાય છે. તે તે જીવો તે તે વિષય પાછળ અંધ બન્યા હોય છે, તેમની વિવેકશક્તિ બુટ્ટી થઈ જાય છે, અને તેઓ તે વસ્તુઓ પ્રત્યેના રાગથી દોરાઈ મરણ પામે છે. એકેક ઇન્દ્રિય પાછળ રાગ રાખવાથી

પ્રાણીઓની આ સ્થિતિ થાય, તો જે જીવો પાંચે ઇન્દ્રિયો પાછળ અંધ બન્યા હોય, તેમની કેવી શોચનીય સ્થિતિ થાય, તે વિચારવા જેવો પ્રશ્ન છે.

વસ્તુઓ ઉપરનો રાગ મનુષ્યને તે વખત તો સુખ આપનારો લાગે છે. પણ તે વસ્તુ પ્રાપ્ત થતાં તેમાંથી મોહકતા ચાલી જાય છે, તેમ છતાં ઘણા જીવો તો તે સમજી શકતા પણ નથી, અને તે તે વસ્તુ પ્રત્યેના રાગમાં વિશેષ તણાતા જણાય છે. પરંતુ વસ્તુઓ સદાકાળ ટકતી નથી. તેમજ જે મનુષ્યો વાસ્તે આપણને રાગ હોય તે પણ સદા ટકતા નથી. કાંતો તે મરી જાય છે, અથવા તો તેમને છોડી આપણે ચાલ્યા જવું પડે છે. તે સમયે વિયોગનું દુઃખ ઘણું લાગે છે. જેટલા પ્રમાણમાં અમુક વસ્તુ અથવા મનુષ્ય પ્રત્યે આપણો વિશેષ રાગ, તેટલા પ્રમાણમાં તે વસ્તુના અથવા મનુષ્યના અભાવે અથવા વિયોગે વિશેષ દુઃખ થવા સંભવ છે. સ્વામી રામતીર્થના કહેવા પ્રમાણે "જેટલા રાગના ખીલા હૃદયમાં ઉંડા ઉતર્યા હશે, તેટલાજ તે કાઢતી વખતે વિશેપ દુઃખના કારણભુત થશે." આ હેતુથીજ શાસ્ત્રકારોએ રાગનો ત્યાગ કરવાનું કહ્યું, અને તીર્થંકરોનું એક નામ "વીતરાગ" એટલે "ગયો છે રાગ જેનો" એવું આપ્યું છે.

રાગ મમત્વભાવથી ઉદ્ભવે છે. હું અને મારૂં એ રાગની ઉત્પત્તિનાં પરમ કારણો છે. જ્યાં મમત્વભાવ ચાલ્યો જાય છે, ત્યાં રાગ પણ જતો રહે છે, અને તે વસ્તુનો નાશ થાય તો પણ વિશેષ દુઃખ થતું નથી. આ ઉપર આપણે એક દષ્ટાંત વિચારીશું.

જ્યારે રેલ્વેટ્રેનનો મુંબાઇ ઇલાકામાં આરંભ થયો, ત્યારે ટ્રેઇન અમદાવાદથી મુંબાઇ સુધી જતી ન હતી. એક ટ્રેઇનિ મુંબાઈ અને સુરત વચ્ચે દોડે, અને બીજી ટ્રેઇનિ અમદાવાદ અને સુરત વચ્ચે દોડતી હતી. અમદાવાદનો એક માણસ વ્યાપાર કરવા નિમિત્તે મુંબાઈ આવ્યો. તે બે વર્ષના એક પુત્રને મૂકીને આવ્યો. તે વાતને ઘણાં વર્ષ વીતી ગયાં. તે પુત્ર મોટો થયો. તે મનુષ્યની સ્ત્રીએ તેને લખી જણાવ્યું

કે હવે પુત્ર મોટી ઉમરનો થયો છે, માટે વિવાહ કરવો જોઈએ, માટે તમે અમદાવાદ આવજો. તેણે લખ્યું કે હું આવું છું આમ પત્રવ્યવહાર ચાલ્યાંજ કરે. સ્ત્રી તેને તેડાવવા માટે લખે. તે કહે હું આવું છું. પણ વ્યાપારની ધમાલ છોડી અમદાવાદ જાય નહિ. છેવટે સ્ત્રીએ લખ્યું કે જો તમે નહિ આવો તો આપણા પુત્રને તેડવા મોકલીશ, "હું આવવાનો છું" એટલોજ જવાબ મળ્યો. છેવટે સ્ત્રી ચીડાઈ અને તેણે પોતાના પુત્રને મુંબાઇ જવા માટે મોકલ્યો, તે પુરૂષ પણ પોતાની સ્ત્રીના ઘણા પત્રોથી પ્રેરાઈ અમદાવાદ જવા ઉપડયો. બન્ને એકજ દિવસે નીકળ્યા. બન્ને રાત્રે સુરત આવી પહોંચ્યા. પિતા કે પુત્ર એક બીજાને ઓળખતા ન હતા. બન્ને એકજ ધર્મશાળામાં ઉતર્યા. રાત્રે પુત્રના પેટમાં ચૂંક આવી. કેટલાક દયાળુ ઉતારૂઓને આ રડતા અને ચીસો પાડતા છોકરાની દયા આવી અને તેમણે તેની સારવાર કરવા માંડી. કોઇકે તેના બાપને ઉઠાડવા પ્રયત્ન કર્યો, પણ તે કહે કે "મને જંપવા દો, એવા તો કાંઇક માંદા પડશે. તેમાં આપણે શું કરીએ?" બીજે દિવસે સવારમાં તે છોકરો મરણ પામ્યો. બધા ઉતારૂઓ એકત્ર થયા. અને તેનું પોટલું તપાસ્યું. જેમાંથી કેટલાક પત્રો નીકળ્યા. તે ઉપરથી તે મનુષ્યનોજ છોકરો હતો, એમ ઠર્યું. હવે તેને ભારે દુઃખ થયું. અત્યાર સુધી તેણે તે યુવક ઉપર મારાપણું આરોપણ કર્યું ન હતું. પણ હવે તે મારો પુત્ર છે, અને મારો પુત્ર મરણ પામ્યો એ વિચારથી તેને અત્યંત દુઃખ થયું. મમત્વથી રાગ થાય છે, અને રાગની વસ્તુ જતાં મનુષ્યને દુઃખ થાય છે.

રાગ મનુષ્યો પ્રત્યે તેમજ વસ્તુઓ પ્રત્યે પ્રકટે છે. રાગ ઉપર જણાવ્યા પ્રમાણે દુઃખનું કારણ છે, અને તેનાથી બંધન થાય છે. પણ રાગ અને પ્રેમનો ભેદ આપણે જાણવો જોઈએ. કારણ કે આ બે ભિન્ન ભિન્ન તત્ત્વો છે, અને તેમનાં ફળ પણ જુદાંજ આવે છે. રાગની અને પ્રેમની વ્યાખ્યા આપણે યથાર્થ સમજવી જોઇએ.

પ્રથમ જણાવ્યા પ્રમાણે મારાપણાને લીધે કોઈપણ વસ્તુ અથવા મનુષ્ય પ્રત્યે જે આસક્તિ થાય તે રાગ. પણ આ એક જીવ છે, અને તે મારા સંબંધમાં આવ્યો છે, તો મારે તેનું કલ્યાણ કરવું જોઇએ, એવી ભાવનાથી જે કોઇ પણ મનુષ્ય પોતાની સ્ત્રી, પુત્ર અથવા સ્વજનો પ્રત્યે લાગણી રાખે તો તે લાગણી તે પ્રેમ છે. આ પ્રેમ કોઇ પણ રીતે બંધનકારક નથી. જેટલા મહાન આત્માઓ થઈ ગયા, તે સર્વમાં આવો પ્રેમ હતો. તેમને જેટલા સ્વજનો વ્હાલા તેટલાજ બીજા જીવો વ્હાલા હતા. કારણ કે તેઓનો પ્રેમ આત્માને લઇને ઉદ્ભવ્યો હતો. પ્રેમને લઇનેજ મહાન જીવાત્માઓ બીજાનું કલ્યાણ કરવા પ્રેરાયા હતા. એ ભાવનાથીજ શ્રી મહાવીરે કહ્યું હતું કે "સવી જીવ કરૂં શાસન રસી; એસી ભાવ દયા મન ઉલસી." માટે વસ્તુઓ તથા મનુષ્યની ઉપાધિઓ—શરીરો પ્રત્યેનો રાગ દૂર કરવા જતાં તેમના આત્મા પ્રત્યેની સ્વાભાવિક લાગણી—પ્રેમનો ત્યાગ ન થાય, તે સંબંધમાં મનુષ્યે બહુજ કાળજી રાખવી. ઘણા મનુષ્યો રાગનો ત્યાગ કરવા જતાં સર્વ મનુષ્યો પ્રત્યેના પ્રેમનો પણ ત્યાગ કરે છે, અને તેમનાં હૃદય નિષ્ઠુર અને લાગણી રહિત બને છે. પ્રેમ વગરનું જીવન એ તો જીવન નહિ, પણ જીવતું મરણ છે. જીવો પ્રેમ-થીજ આગળ વધે છે. જીનેશ્વરોએ જે ચાર ભાવનાઓ જીવાત્માના વિકાસ માટે બતાવી, તેમાંની પ્રથમ ત્રણ ભાવના પણ પ્રેમનીજ સૂચક છે. પ્રેમ પરજ રચાયલી છે. તે ભાવનાઓનાં નામ પ્રમોદ, મૈત્રી અને કારુણ્ય છે. આપણા કરતાં વિકાસમાં જે આગળ વધેલા જીવો છે, જેઓ જ્ઞાનમાં ગુણમાં શક્તિમાં આપણા કરતાં ઉચ્ચસ્થિતિએ પહોં-ચ્યા હોય તેવા જીવો પ્રત્યે જે પ્રેમ દર્શાવવો તે પ્રમોદભાવ. જ્ઞાન, ગુણ, શક્તિ વગેરેમાં આપણી સમાન કોટિના જીવો પ્રત્યેનો જે પ્રેમ તે મૈત્રી કહેવાય છે, અને આપણા કરતાં જે લોકો આવી બાબતમાં નીચલી પાયરી પર હોય, તેમના તરફ આપણો પ્રેમ કારૂણ્ય અથવા દયાનું રૂપ લે છે. વળી બીજી રીતે વિચારીએ તો પ્રેમ અથવા પ્રશ-

સ્વરાગ એ જીવાત્માના વિકાસને વાસ્તે ઘણું અગત્યનું સાધન છે. જેનામાં વીરપૂજા નથી, જે બીજાની મહત્તા જોઈ આનંદ પામતો નથી, જે હલકી ભાવનાઓ અને વિચારોમાંજ રમ્યા કરે છે, તે જીવ કદાપિ આગળ વધી શકે નહિ. માટે રાગનો ત્યાગ કરતાં ભૂલથી પ્રેમનો ત્યાગ ન થાય, તેની ખાસ સંભાળ રાખવી. ઘણા પુરૂષો રાગનો નાશ કરવા જતાં પ્રેમનો નાશ કરી ઉચ્ચ થવાને બદલે અધમ બને છે. સામાન્ય મનુષ્ય કરતાં વધારે ઉચ્ચ પદ મેળવવા જતાં વધારે નિર્દય અને નિષ્ઠુર બને છે.

જેટલા મહાન્ પુરૂષો થઇ ગયા તે સર્વે દયાના સાગર અથવા પ્રેમની મૂર્તિ હતા; અને પ્રેમ–કરૂણાવડે જ તેઓ નિર્વાણ જેવા ઉચ્ચ-પદે પહોંચ્યા હતા.

રાગનું પણ કુદરતમાં સ્થાન છે. અમુક હદે તે આપણને દુઃખ-જનક થાય છે. મનુષ્યો ધન, કીર્ત્તિ, સત્તા વગેરેના રાગથી તે મેળ-વવા મથે છે, અને મેળવવા જતાં અનેક શક્તિઓ ખીલવે છે. તે વસ્તુઓ મળતાં તેના પ્રત્યેનો મોહ ઉડી જાય છે, તે વસ્તુઓ મળ્યા પહેલાં જેટલી મોહક લાગતી હતી, તેટલી હવે લાગતી નથી. તેથી તેને વૈરાગ્ય પ્રકટે છે, અને આ ખરો વૈરાગ્ય છે. વસ્તુઓ અથવા બનાવોનું અસારપણું સમજીને જ્ઞાનપૂર્વક થયેલો વૈરાગ્ય લાંબો કાળ ટકી શકે છે. વળી તે રાગવાળી વસ્તુઓની પાછળ જતાં જે ખંત, ઉત્સાહ, શક્તિ, અનુભવ મેળવ્યાં હોય છે, તે તેને તેના આત્માના વિકાસમાં મદદગાર થાય છે, અને વસ્તુઓનું અસારપણું જાણેલું હોવાથી વસ્તુઓના સદ્‌ભાવે તેમજ વિયોગે તે મનની સમતોલવૃત્તિ જાળવી રાખે છે. કારણકે હવે તે વસ્તુઓની ખરી કીંમત આંકતા શીખ્યો છે. પણ જેઓ કાચા વૈરાગી છે, જેઓ રાગને અનુભવ્યા વિના વૈરાગ્ય ગ્રહણ કરે છે, તેમાં પતિત થવાનો ઘણો ભય રહે છે, અને એવા ઘણા દાખલા આપણને મળી આવે છે. માટે વસ્તુઓની ખરી કિંમત સમજવી જોઈએ. જગતના જેટલા પદાર્થો છે, તેના ત્રણ અવગુણ છે. તેઓ ક્ષણિક સુખ આપનાર છે. તે સુખ દુઃખ

ગર્ભિત છે, અને વળી તે મળ્યા પછી પાછી બીજા સુખની આકાંક્ષા રહ્યાં કરે છે. માટે અનંતકાળ સુખ આપી શકે તેવા પદાર્થ જો જગતમાં હોય તો પછી કયો એવો જીવ ક્ષણિક સુખ આપવાવાળા પદાર્થમાં લુબ્ધ રહે ? મનુષ્યને પોતાની પાસે રહેલી આત્મિક દોલતનો ખ્યાલ નથી, તેથીજ તે બાહ્ય વસ્તુઓમાં સુખ શોધવા મથે છે, પણ અન્તે તે થાકે છે. કસ્તુરીઓ મૃગ પોતાની નાભીમાં કસ્તુરી હોવા છતાં, તેની સુગંધ આવતાં આખા જંગલમાં તે સુવાસ મેળવવા મથે છે, પણ અંતે થાકે છે, ત્યારે પોતાની નાભિ તરફ દૃષ્ટિ કરે છે. તેમ જીવનો પોતાનો આનંદ સ્વભાવ છે. તેને ખબર નથી કે આનંદ મારામાં પોતાનામાં છે, તેથી તે આનંદ બ્હાર શોધવા ફરે છે. જુદી જુદી વસ્તુઓમાં અને મનુષ્યોમાં તે શોધે છે. તેના પોતાનામાં તે રહેતો હોવાથી તેને બ્હારથી તે આનંદની કાંઈક ઝાંખી થાય છે, પણ તેને પૂર્ણ આનંદ મળતો નથી. પછી તે અંતર્મુખ વળે છે. તે બાહ્ય વસ્તુઓ ઉપર પોતાના સુખનો આધાર રાખતો બંધ થાય છે ત્યારે તેના પોતાનામાં રહેલા આનંદનો તેને અનુભવ થવા લાગે છે. પછી તેને બાહ્ય વસ્તુઓ પ્રત્યે રાગ આવતો નથી, વસ્તુઓનો ત્યાગ કરવાથી તે વસ્તુઓ પ્રત્યે વૈરાગ્ય જન્મે છે, એ વાત સાચી છે, પણ તે વસ્તુઓ પ્રત્યેના રાગનો રસ ચાલ્યો જતો નથી, તે તો જ્યારે આત્માની ઝાંખી થાય ત્યારે જ ચાલ્યો જાય. કારણ કે ઉચ્ચ બાબતનો ખરો અનુભવ થયા વિના હલકી વસ્તુઓ પ્રત્યેની રૂચિ સર્વથા જતી નથી. છતાં વૈરાગ્યનું કુદરતમાં સ્થાન છે. કારણ કે વૈરાગ્ય એ ઉપશમનું કારણ છે. અને લાંબો સમય સુધી જો ઉપશમ સ્થાયી રહે તો તે ક્ષયનું પણ કારણ બને. માટે બાહ્ય ત્યાગ પણ અમુક અપેક્ષાએ ઇષ્ટ છે. પણ છેવટ તો ઉચ્ચ વસ્તુ–આત્મા–ઉપર મન સ્થિર થતાં વૈરાગ્ય પ્રકટશે, ત્યારે વસ્તુઓના અભાવે તેમજ સદ્‌ભાવે સમાન સ્થિતિ રહી શકશે. આ ભેદ જો સમજવામાં આવે તો રાગી અને ત્યાગી વચ્ચેના ઘણા ઝઘડાઓનો અંત આવે.

૧૧
દ્વેષ.

અગીઆરમું આત્માના પ્રકાશને રોકનારૂં પાપસ્થાનક દ્વેષ છે, અને દ્વેષમાં ક્રોધ અને માનનો સમાવેશ થાય છે. જ્યાં ક્રોધ કે માન હોય ત્યાં દ્વેષ પ્રગટે છે.

દ્વેષની વ્યાખ્યા શ્રીમદ્દ આનંદઘનજી આપે છે કે "દ્વેષ અરોચક ભાવ." જ્યાં અરુચિ થઇ ત્યાં દ્વેષનું બીજ રોપાય છે, અને તે બીજને વ્હેમ, શંકા, પરસ્પર ગેરસમજ વગેરે સાધનો મળતાં તે બીજ વૃક્ષરૂપે પરિણમે છે. દ્વેષનું મુખ્ય કારણ જુઓ તો રાગ છે. આપણને અમુક વસ્તુ અથવા મનુષ્ય અથવા બાબત પર રાગ અથવા રૂચિ હોય, હવે તેની પ્રાપ્તિમાં જે કોઇ અંતરાયભુત થાય તેના પર સ્વાભાવિક રીતે દ્વેષ પ્રકટે છે. રાગથી દ્વેષ પ્રકટે છે. આનો અર્થ એવો નથી કે જેના પર રાગ હોય તેના જ પર દ્વેષ થાય છે. પણ રાગની વસ્તુ અથવા મનુષ્યમાં જે કાંઇ અંતરાયભૂત થાય તેના પ્રત્યે દ્વેષ પ્રકટે છે.

રાગ અને દ્વેષના સંબંધમાં એક મોટો ભેદ એ છે કે રાગ મનુષ્યો તેમજ વસ્તુઓ પ્રત્યે થાય છે. અને દ્વેષ કેવળ મનુષ્યો પ્રત્યે થાય છે. જે જીવને વસ્તુઓ પ્રત્યે દ્વેષ થાય, તે તો બહુજ પામર જીવ સમજવો. કોઇ મનુષ્ય ચાલતાં થાંભલા સાથે અથડાય અને તેનું માથું ફૂટાય તો તેમાં દોષ તેનો પોતાનો છે, છતાં જો તેવો મનુષ્ય થાંભલા પર દ્વેષ કરે તો તેની આ અજ્ઞાનતા વાસ્તે આપણા હૃદયમાં દયાજ આવે.

આ દ્વેષનું મૂળ અજ્ઞાન છે. જે વસ્તુઓ ખરી રીતે આત્માની નથી, તેને આપણી માનીએ છીએ, અને તે વસ્તુઓનો કોઇ નાશ કરે, અથવા તે વસ્તુઓ કોઈ આપણી પાસેથી લઇ લે, તો તેના

પર ક્રોધ પ્રકટે છે. દ્વેષ પ્રકટવાનાં બીજાં કારણો ક્રોધ કે અભિમાન છે. મનુષ્યને જ્યારે ક્રોધ વ્યાપે છે, ત્યારે તે દ્વેષ રૂપે પ્રકટ થાય છે. હું બીજા કરતાં મોટો છું, હું જ્ઞાની છું, તપસ્વી છું, ધનવાન છું, એવો કોઇ પણ અભિમાનનો વિચાર આવતાં તે મનુષ્ય બીજાઓને હલકા ગણે છે, અને બીજાઓ પ્રત્યે તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે, અને આ તિરસ્કાર જરા વૃદ્ધિ પામતાં દ્વેષનું રૂપ લે છે.

આ દ્વેષમાંથી અનેક અશુભ પરિણામ આવે છે. દ્વેષ પ્રથમ વિચારમાં પ્રકટે છે, પછી અસભ્ય, તિરસ્કારભર્યાં વચનો કે મ્હેણાં રૂપે પ્રકટે છે, અને તેથી ન અટકે તો કલહ–કંકાસ–અને છેવટે યુદ્ધ રૂપે પ્રકટે છે.

જ્યાં કોઈ પણ મનુષ્ય ઉપર આપણને દ્વેષ પ્રકટે ત્યાં તેની શુભ બાજુ જોવાને આપણે અસમર્થ બનીએ છીએ. તેની કાળી બાજુજ નજરે પડે છે. કોઇ તેના ગુણનું વર્ણન કરે તો આપણાથી તે સંખાતું નથી અને કોઈ તેના છતા કે અછતા દોષનું વર્ણન કરે તો આપણે તે તરત માની લઇએ.

દ્વેષ પ્રથમ નાની બાબતમાંથી જન્મે છે. પહેલાં બે મનુષ્યો વચ્ચે સહેજ અણબનાવ થાય છે, પણ સમય જતાં તે વૃદ્ધિ પામ્યાં કરે છે, અને પછી તેને કાઢી નાખવાનું કામ ઘણું કઠણ થઈ પડે છે.

દ્વેષથી મનુષ્ય સામાનું બુરૂં ઇચ્છિયાં કરે છે. સામો મનુષ્ય દુઃખ પામે, માંદો પડે, અનેક રીતે હેરાન થાય તેવી વૃત્તિ દ્વેષથી જન્મે છે. આ વૃત્તિ જો લાંબો સમય રહે, તો અતિ તીવ્ર કર્મબંધ થાય છે, અને તેથી વિકાસ મંદ પડી જાય છે, વળી લાંબા સમય સુધી કરેલા વિચારોનું બળ એટલું વધી પડે છે કે દ્વેષના વિચારવાળો બીજાને હેરાન કરવા પણ ચુકતો નથી, અને લાગ આવે તેને નુકસાન પણ કરે છે.

વળી દ્વેષથી મનુષ્ય જેના ઉપર દ્વેષ થયો હોય, તેના ચારિત્ર ઉપર અનેક આક્ષેપો મૂકે છે. સામાના ચારિત્રને એવું તો કાળું ચિ-

તરે છે કે બીજા મનુષ્યો પણ કાંઇક તો સત્ય હશે, એમ માનવાને દોરાય છે.

જે મનુષ્ય બીજાઓ ઉપર દ્વેષ રાખે છે, તેના મનની અસર શરીર પર થવા લાગે છે. દ્વેષ અથવા ક્રોધથી શરીરનું લોહી ઝેરી બને છે, અને તે મનુષ્યના શરીર પર નૂર આવતું નથી.

જ્યારે કોઈ ઉપર આપણને રાગ થાય છે, ત્યારે આપણામાં "વધારો" થયો, એવું લાગે છે. આપણે સામાની હુંફથી આગળ વધતા હોઇએ એમ જણાય છે. પણ જ્યાં કોઈ ઉપર દ્વેષ થયો, ત્યાં સંકુચિતતા જન્મે છે. સામા મનુષ્યને જોતાં આપણો આત્મા અંદર ધ્રુસતો હોય, પાછો હઠતો હોય એમ લાગે છે. આપણને " ઓછાપણા " નું ભાન થાય છે. આપણામાંથી કાંઈ જતું રહ્યું હોય એવું લાગે છે.

જો દ્વેષમાં ઉપર જણાવેલા દોષો હોય, તો તે દૂર કરવાને આપણે શું કરવું ? દ્વેષનો ત્યાગ કરવાના ઉપાય શા ? કોઇ પણ વૃત્તિ એક ફટકે દૂર થઈ શકે નહિ. પણ યોગ્ય વિચારો દ્વારા આપણે તેનો ત્યાગ કરી શકીએ. દ્વેષનો ત્યાગ કરવાનો પ્રથમ માર્ગ એ છે કે જેના ઉપર દ્વેષ પ્રકટતો હોય, તે વ્યક્તિના એકાદ ગુણનો વિચાર કરો. તેના **તે ગુણને સારૂ તેના પર પ્રેમ રાખો. પ્રેમ અને દ્વેષ સાથે રહી શકે નહિ. માટે તમારો તેના ગુણ પ્રત્યેનો પ્રેમ પ્રકટતાં દ્વેષ ઓછો થવા માંડશે અને ધીમે ધીમે સર્વથા નાશ પામશે.** ઘણીવાર બે મિત્રો, બે ભાઇઓ, બે સ્વજનો લડી મરે છે, ત્યારે દ્વેષ બહુજ ઉગ્ર રૂપમાં જન્મે છે. તો તે સમયે દ્વેષનો નાશ કરવા ઇચ્છનારે તે મનુષ્યે પ્રથમ કરેલા કોઈ ઉપકારનું સ્મરણ કરવું. જો તેણે કરેલા ઉપકારનું સ્મરણ થશે, તો તેના પ્રત્યેનો અણગમો ઓછો થશે. મનુષ્યને જ્યારે કોઇ નુકસાન કરે છે, અથવા અમુક મનુષ્યે નુકસાન કર્યું એમ લાગે છે, **ત્યારે તે મનુષ્યના પ્રથમના બધા ઉપકારો ભૂલી જઈ, તે અપકારનોજ વિચાર કરે છે, અને**

તેથી દ્વેષ જન્મે છે. પણ જો તે સમયે ભૂતકાળમાં તે મનુષ્યે કરેલા **ઉપકારોનું જરા સરખું પણ સ્મરણ કરે તો** તેના દ્વેષનો વેગ ઘણો ઓછો થઈ જવાનો.

એક વખત પરદુઃખભંજન વિક્રમરાજા જંગલમાં ગયો, અને ત્યાં ભૂલો પડયો. ત્યાં રહેતા એક બ્રાહ્મણે તેને પાણી પાયું, અને રસ્તો બતાવ્યો. તે ઉપરથી વિક્રમે તે બ્રાહ્મણને કોઈ પ્રસંગે શહેરમાં આવવા આમંત્રણ આપ્યું. તે બ્રાહ્મણ શહેરમાં આવ્યો, રાજાએ તેને સન્માન આપ્યું, અને પોતાની સભામાં એક સભાસદ બનાવ્યો. રાજા વારંવાર એમ બોલ્યા કરે કે, "બંધુઓ ! તમે આ ભાઇને ઓળખો છો ? જ્યારે હું જંગલમાં ભૂલો પડયો હતો, ત્યારે તેણે મને પાણી પાયું હતું, અને મને રસ્તો બતાવ્યો હતો" વળી પાંચ દિવસ થાય ત્યારે રાજા એના એ શબ્દો ઉચ્ચારે. તે બ્રાહ્મણના મનમાં આવ્યું કે રાજા મારો ખરો આભાર માને છે કે મારી મશ્કરી કરે છે, તેની પરીક્ષા કરવી જોઇએ. તે હેતુથી એક દિવસ રાજાના પુત્રને છાનો-માનો લઈ જઈ પોતાના મકાનમાં ચોથે માળ રાખ્યો. શહેરમાં બૂમ પડી કે રાજાનો છોકરો કોઇ હરી ગયું. ઘણી તપાસ ચાલી. આ બ્રાહ્મણે તે રાજપુત્રનું એક આભૂષણ લઈ પોતાના નોકરને તે વેચવા સારૂ મોકલ્યો. તે નોકર પકડાયો અને તેણે શેઠનું નામ આપતાં રાજના નોકરે આવી તે બ્રાહ્મણને પકડયો. તેને રાજા પાસે લઇ જવામાં આવ્યો. રાજાએ હકીકત પૂછી ત્યારે તે બ્રાહ્મણે આંખમાં આંસુ લાવી કહ્યું. "હે મહાભાગ ! તમારા પુત્રના શરીર પરના આભૂષણ જોઈ મારી બુદ્ધિ કબુદ્ધિ થઇ, અને તેથી મેં તે પુત્રને મારી નાખ્યો." આસપાસ બેઠેલા સામંતોની ચક્ષુઓમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. એક સામંતે કહ્યું, "આવા કૃતઘ્ની બ્રાહ્મણને બરાબર શિક્ષા થવી જોઇએ. તેના રાઇરાઇ જેટલા ટુકડા કરવા જોઇએ" બીજો બોલ્યો "તેને લીલે કાંટે બાળવો જોઇએ." ત્રીજો કહે "તેને જમીનમાં દાટી પંચ ઈટાલી કરી મારવો જોઇએ." ચોથો કહે "તેને

હાથીના પગતળે છુંદવો જોઇએ" આ પ્રમાણે સૌએ પોતપોતાનો અભિપ્રાય આપ્યો. ત્યારે રાજાએ શાંત ચિત્ત કહ્યું "પણ જ્યારે હું જંગલમાં ભૂલો પડયો હતો, ત્યારે આ બ્રાહ્મણે મને પાણી પાયું હતું, અને રસ્તો બતાવ્યો હતો. માટે તેનો આ ગુન્હો હું માફ કરૂં છું." તે પછી તે બ્રાહ્મણને છુટો કરવામાં આવ્યો. તે પોતાને ઘેર ગયો, પોતાના ઘરનાં એ ત્રણ આભૂષણો તે રાજપુત્રને પહેરાવીને રાજસભામાં તેને લઇને આવ્યો. રાજા તથા રાજસભા સર્વે વિસ્મિત થયાં, કારણ પૂછતાં તેણે જણાવ્યું કે, આ આપની પરીક્ષા માટે હતું, અને તે પરીક્ષામાં આપ સફળ થયા છો.

આ દૃષ્ટાંત ઉપરથી આપણે એ વિચારવાનું કે જો મનુષ્યે આપણા પર કરેલા નાના સરખા પણ ઉપકારનું સ્મરણ કરીએ તો તેના પ્રત્યેનો દ્વેષ ઓછો થવા લાગે છે.

પરના લેશ માત્ર ગુણને પણ પર્વતતુલ્ય માની નિત્ય પોતાના હૃદયમાં આનંદ પામતા કઇક ઉત્તમ જનો હોય છે. વળી મહાપુરૂષોએ લખ્યું છે કે દ્વેષનું ઓસડ દ્વેષ નહિ પણ પ્રેમ છે. દ્વેષ કદાપિ દ્વેષથી નાશ પામે નહિ પણ તેને નાશ કરવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય પ્રેમ છે. જૈનો વંદિતા સૂત્રમાં નિત્ય જણાવે છે કે—

खामेमि सव्व जीवा सव्वे जीवा खमंतु मे ॥
मित्ति मे सव्व भूएसु वेरं मज्झं न केणइ ॥

હું સર્વ જીવોને ક્ષમા આપું છું, સર્વ જીવો મને ક્ષમા આપો. મારે સર્વ સાથે મૈત્રી છે. મારે કોઇ સાથે વેર નથી. આવી ભાવના ભાવવાવાળો મનુષ્ય લાંબા સમય સુધી દ્વેષ રાખી શકે નહિ. તે તેજ દિવસે બીજાને ક્ષમા આપે, અને મનમાંથી તેના પ્રત્યેનો રોષ કાઢી નાખે.

તે સમજે છે કે આપણા સુખદુ:ખમાં બીજાઓ તો નિમિત્ત માત્ર છે, જો આટલું સૂત્ર આપણે સ્મરણમાં રાખીએ તો આપણને

પડેલા દુ:ખ માટે દુ:ખ આપવાના કારણભૂત બનેલા જીવ પ્રત્યે પણ આપણને દ્વેષ થાય નહિ. કારણકે નિમિત્ત ઉપર દ્વેષ રાખવાથી લાભ શો ? આપણા દુ:ખના મૂળ કારણભૂત આપણે પોતે છીએ.

વળી એક બીજો વિચાર પણ દ્વેષ દૂર કરવામાં કારણ ભૂત બની શકે. દરેક આત્મા પોતે નિર્મળ છે, આપણને જો કોઇ દોષ જણાતો હોય તો તેની પ્રકૃતિનો છે, માટે જો આપણે પ્રકૃતિનો વિચાર નહિ કરતાં તેની પાછળ રહેલા આત્માનો ખ્યાલ લાવીએ તો આપણને દરેક જીવ ઉપર પ્રેમ થાય અને દ્વેષમાત્ર આપણા હૃદયમાંથી ચાલ્યો જાય.

૧૨

કલહ.

વસ્તુતઃ પ્રથમનાં પાંચ સ્થાનક મુખ્ય છે અને તેને ટેકો આપનારાં ૬ થી ૯ સુધીનાં પાપસ્થાનકો ક્રોધ, માન, માયા અને લોભ છે. એ પાપનાં કાર્યોને આ ચાર કષાયોથી ઘણું બળ મળે છે. ૧૦ થી ૧૮ સુધીનાં પાપસ્થાનકો તે ૧ થી ૯ સુધીના પાપ-સ્થાનકોના સંમિશ્રણથી ઉદ્ભવે છે.

હવે આપણે ૧૨ મા પાપસ્થાનક કલહનો વિચાર કરીએ. કલહ એટલે કજીઓ–કંકાસ, બીજાઓ સાથેનો ઝઘડો વગેરે. જ્યાં કલહ હોય ત્યાં કુસંપ પ્રગટે છે, અને તે અનેક અનર્થોનું મૂળ બને છે.

કલહની ઉત્પત્તિનું કારણ ક્રોધ કે અભિમાન હોય છે. પોતાના વિચારો સત્ય છે, એમ મનુષ્ય માને છે. અને તેથી તે વિચારોની વિરૂદ્ધ જેના વિચારો છે, તેની સાથે ઝઘડામાં ઉતરે છે, કલહ કરે છે. જ્યાં હૃદયની ઉદારતા નથી, ત્યાં નજીવી બાબતો પણ મોટા કલેશનું કારણ થઈ પડે છે. જે મનુષ્યોને કલહ કરવો હોય, તેને કારણો શોધવા દૂર જવું પડે તેમ નથી. તે જ્યાં કારણો ન હોય, ત્યાં નવાં કારણો પેદા કરે છે.

વરૂ અને ઘેટાની વાત સર્વના જાણવામાં હશે. વરૂને ઘેટા સાથે કોઈ પણ રીતે કલહ કરવો હતો. એક નદીના કિનારે વરૂ અને ઘેટું પાણી પીતાં હતાં. વરૂએ કજીઓ કરવાના ઉદ્દેશથી ઘેટાને કહ્યું "તું પાણી કેમ ડોળી નાખે છે? મારી પાસે પાણી મેલું થઇને આવે છે." ઘેટાએ કહ્યું કે તમે નદીના ઉપરના કાંઠે છો, તો તમારી તરફનું પાણી મારી તરફ આવે છે, તો પછી હું કેવી રીતે પાણીને ડોળીને બગાડતો હોઈશ?" તે કલહશીળ વરૂએ પ્રત્યુત્તર વાળ્યો, "પણ તેં મને ૭ મહિના પર ગાળ કેમ દીધી હતી?"

ઘેટાના બચ્ચાએ કહ્યું કે "મને જન્મ્યાને જ બે માસ હજુ પુરાં થયાં નથી તો હું છ માસ પૂર્વે તમને ગાળ કેવી રીતે દઉં ?" ત્યારે વરૂ બોલી ઉઠયું "તેં ગાળ નહિ દીધી હોય તો તારા બાપે ગાળ દીધી હશે" આમ કહી તે ઘેટા પાસે જઇ તેને મારી નાખ્યું. અર્થાત્ કજીઓ કરનારને તો લડવાનાં સો બ્હાનાં જડે છે.

એક મીયાં સાહેબ પોતાના પુત્ર સાથે જતા હતા. કોઇ વટેમાર્ગુએ પૂછયું કે "મીયાં સાંહેબ ! આ તમારો પુત્ર છે !" મીયાંએ જવાબ આપ્યો. "શું મારો નહિ તો તારા બાપનો છે ?" પછી પેલો વટેમાર્ગુ બોલ્યો "ખુદા તેને અચ્છો રખે." મીયાંએ કહ્યું "તેરા ચલે તો માર ડાલીએ". આવી રીતે જેની વૃત્તિ લડવાની હોય તે તો વાતવાતમાં છિદ્રો શોધી બીજાઓથી ઝગડો ઉભો કરે.

આવા સ્વભાવવાળા પુરૂષો જ્યાં જાય ત્યાં પોતાની જીભ વડે કલહ ઉભો કરે છે. તેમની જીભમાં મીઠાશ બીલકુલ હોતી નથી. તેમની જીભ કુહાડાના ઘા જેવી હોય છે.

તેઓ જાતે કલહ કરે, અને બીજામાં કલહ કરાવે છે. તેઓ એવી વાતો કરે કે ઘણા મિત્રો અને સંબંધીઓ વચ્ચે પણ ઝઘડાઓ થાય. તેમના સંબંધમાં એક કવિએ કહ્યું છે કેઃ—

દુષ્ટ પુરૂષ રૂપ સર્પની બીજાનો વધ કરવાની રીત કાંઇક વિચિત્ર છે. તે એકના કાનમાં ડસે છે, અને બીજો મનુષ્ય મરણ પામે છે. અર્થાત દુષ્ટ અને કલહશીળ પુરૂષો લોકોના કાન એવી વાતોથી ભંભેરે કે બીજાને મોટું નુકસાન થાય અને કોઇ વારતો મનુષ્યને મરવાનો સમય આવે.

કલહ ઉપર જણાવ્યા પ્રમાણે નાની નાની બાબતમાંથી પ્રકટે છે; કહેવત છે કે "**રોગનું મૂળ ખાંસી, અને કલહનું મૂળ હાંસી.**" કોઇની ઠઠ્ઠા મશ્કરી કરતાં સામો મનુષ્ય ચીડાઈ જાય, અને તેમાંથી મોટો કલહ થાય. જેવી રીતે ખાંસીને ન રોકવામાં આવે તો

તે ક્ષયનું કારણ થઇ પડે છે, તેવી રીતે મશ્કરી પણ કલહ–કંકાસનું કારણ થઈ પડે છે.

કલહના સંબંધમાં આપણે એક દષ્ટાંત વિચારીશું. દશરથ રાજાને ત્રણ સ્ત્રીઓ અને ચાર પુત્ર હતા. જ્યારે પોતે વૃદ્ધ થવા આવ્યા, ત્યારે કૌશલ્યાથી ઉત્પન્ન થયેલ પોતાના વડીલ પુત્રને રાજગાદી આપવા તેમણે નિશ્ચય કર્યો. સર્વ મંત્રીઓએ પણ તે કામને સંમતિ આપી. આ વાતની ખબર કૈકેયીની દાસી મંથરાને પડી. તે કર્કશ અને કલહપ્રિય સ્વભાવવાળી દાસી મંથરાએ કહ્યું કે "આવતી કાલે રામને ગાદી મળવાની છે. તમે જાણો છો?" કૈકેયીએ કહ્યું, "હા! રામને મારા ભરત તુલ્ય ગણું છું. અને તેથી મને આનંદ છે." મંથરાએ કાન ભંભેરતાં કહ્યું. "રામ ભલો આદમી છે, પણ તેની માતા કૌશલ્યાને ઓળખો છો? જ્યાં રામ અને કૌશલ્યાના હાથમાં સત્તા આવી, એટલે તમે અને તમારો ભરત ભીખ માગશો. માટે કાંઇક તો વિચાર કરો." આ કલહ ઉત્પન્ન કરાવનારાં વચનોથી કૈકેયીને અસર થઈ. અને તેણે કહ્યું "ત્યારે હવે કરવું શું?" મંથરાએ તરત જ ઘડી કાઢેલી યોજના રજુ કરી, "તમે એકવાર કહેતા હતા કે દશરથ રાજાએ તમને બે વચન આપેલાં છે, તો તેનો લાભ લેવાનો આ સમય છે. આજે તમારી પાસે દશરથ રાજા આવે, ત્યારે તે બે વરદાનોમાંથી એક વરદાન વડે ભરત વાસ્તે રાજ્યગાદી માંગજો, અને બીજા વરદાન વડે રામ ચૌદ વર્ષ જંગલમાં જાય, તેવું માગી લેજો. રાજા ગમે તેવું સમજાવે તો પણ તમારી હઠ છોડશો નહિ." આ હલકી સલાહ પ્રમાણે કૈકેયી વર્તી, તેના પરિણામે રામ વનવાસ ગયા, અને દશરથ રામના વિયોગે મરણ પામ્યા. આ બધી દુર્દશાનું કારણ કૈકેયીનો કલહશીળ સ્વભાવ નહિ તો બીજું શું?

કલહના કફાયદા તો આપણે સર્વ જાણીએ છીએ. કહેવત છે કે કજીઆથી તો ગોળીના પાણી પણ સૂકાઇ જાય, અર્થાત્ જે ગૃહમાં

કલહ પેઠો, તે ઘરમાંથી લક્ષ્મી જાય છે. કારણ કે સંપ ત્યાં જંપ છે, અને કલહ કુસંપનું મૂળ છે. એકતા એ સરવાળો છે, અને કલહ એ બાદબાકી છે. તેમાં બન્નેનું બળ નાશ પામે છે. કલહથી કુસંપ જન્મે છે, અને કુસંપથી રાજ્યો, નાતો તથા કુટુંબો નાશ પામ્યાના અનેક દાખલાઓ મોજુદ છે.

આ કલહ દૂર કરવાનો સૌથી ઉત્તમ માર્ગ તો હૃદયની ઉદારતા છે; કારણ કે જો હૃદયમાં ઉદારતા નહિ હોય, તો તે કટુ વચન રૂપે પ્રકટ થયા વિના રહેશે નહિ. અને કટુ વચન એજ કલહનું મોટું કારણ બને છે, માટે કલહનો ત્યાગ કરવા મનુષ્યે જીભ ઉપર ઘણો સંયમ રાખવો. જો એક મનુષ્ય-ક્રોધથી બોલે, અને બીજો મૌન રહે તો ઝઘડો બંધ થવાનો સંભવ છે. પણ જો બન્ને વાણી ઉપર સંયમ ખોઈ બેસે તો જરૂર કલહ થાય. બે હાથ વિના તાળી પડતી જ નથી. એક જણ દોરી ખેંચે, અને બીજો ઢીલી મૂકે તો દોરી તૂટે જ નહિ, પણ જ્યાં બે જણ સામસામી દોરી ખેંચે, ત્યાં તે તુટી જવાનો સંભવ છે.

જે મનુષ્યમાં નમ્રતા છે, તે ઘણા કલહને દૂર હઠાવી શકે છે. વાણીની કડવાશ જ મોટે ભાગે કલહનું કારણ બને છે; જો મનુષ્યની વાણીમાં મીઠાશ હોય છે, તો તેનો ઠપકો પણ બીજાને લાભકારી થાય છે. આ વાણીની મીઠાશ અથવા કડવાશનો આધાર હૃદયના ભાવ ઉપર હોય છે. જો હૃદયમાં બીજાને ઘા મારવાની અથવા બીજાને પરાસ્ત કરવાની અથવા હરાવવાની વૃત્તિ ન હોય તો વાણી પણ તેવીજ નીકળે છે, અને ગમે તેવો વિગ્રહ અટકી જાય છે. શત્રુને હસીને મિત્ર બનાવી શકાય, એ લોકોક્તિમાં અપૂર્વ સત્ય રહેલું છે. માટે કલહને દૂર કરવા માટે વચન સત્ય અને પ્રિય હોવું જોઈએ. કોઈક સત્ય વાત બીજાને કડવી લાગે, પણ તે કહેવા કહેવામાં પણ ફેર છે.

જગતમાં આપણે બધા મુસાફરો તરીકે આવ્યા છીએ અને અમુક સાધ્ય તરફ જવાને બધા કુચ કરીએ છીએ. માર્ગમાં એક બીજાની મદદથી આપણે આગળ વધવાનું છે. એક બીજાની હુંફથી આપણે પ્રગતિ કરવાની છે, તો પછી કલહ કરવાથી લાભ શો ? જો કોઈ સાથે બને તો મૈત્રી કરો અને ન બને તો તેને રસ્તે તેને જવા દો. પણ તેની સાથે તોડવાથી અથવા ઝગડો કરવાથી લાભ શો ?

કલહશીળ વૃત્તિવાળાને આર્ત અને રૌદ્ર પરિણામ રહ્યાં કરે છે. તેને કદાપિ શાંતિ વળતી નથી. તે કદાપિ કલ્યાણકારી પવિત્ર વિચાર કરી શકતો નથી. આત્મ અભ્યાસીએ–સ્વ ઉન્નતિ ઇચ્છક દરેક જીવે –આ કલહની વૃત્તિ દૂર કરી સર્વ જીવ સાથે હળીમળીને રહેવું. કારણ કે તેમાં આપણને તેમજ સામાને શાંતિ થાય છે; અને શાંતિ સાથે શક્તિ જન્મે છે, અને વિકાસ ઘણી ત્વરાથી થવા લાગે છે.

૧૩
અભ્યાખ્યાન.

અભ્યાખ્યાન એ આત્માના પ્રકાશને રોકનારૂં તેરમું પાપસ્થાનક છે. અભ્યાખ્યાન એટલે **બીજાને માથે આળ** મૂકવું, કોઈનામાં જે દોષો ન હોય તે દોષ તેને માથે ચઢાવવો, સાંભળેલી વાતો પરથી—લોકોક્તિથી અમુક પુરૂષ કે સ્ત્રી આવાં જ છે, એમ માની બેસવું; અને તે વાત બીજાઓમાં ફેલાવવી આ સર્વ અભ્યાખ્યાનમાં સમાઇ જાય છે. આનું કેટલું અને કેવું ભયંકર પરિણામ આવે છે, તેનો ઘણા થોડાને જ ખ્યાલ હોય છે. જીવ વડે આપણે જે પાપો કરીએ છીએ. તેમાં મોટામાં મોટું અભ્યાખ્યાન છે, તે વડે આપણે બીજાના ચારિત્રની ચોરી કરીએ છીએ.

આ અભ્યાખ્યાન અથવા બીજાને આળ દેવાની વૃત્તિ શા કારણથી અને કેવી રીતે ઉદ્ભવે છે, તેનો આપણે વિચાર કરીએ. કોઇ મનુષ્ય સામાન્ય રીતે બીજા મનુષ્યોને હલકા ગણે છે, એટલે તેમનું ઘસાતું બોલવું, એ તેને કાંઈ ખોટું—ભુલ ભરેલું લાગતું નથી. તે માને છે કે બીજાને હલકા પાડવાથી પોતાની પ્રતિષ્ઠા વધશે. તેને બીજાના ગુણો અથવા શક્તિઓ પ્રત્યે ઇર્ષ્યા આવે છે. અને તે પોતાની ઈર્ષ્યા ઘણીવાર બીજા પર ખોટા આરોપ મૂકી પ્રકટ કરે છે. તેનામાં પ્રમોદ ગુણનો અભાવ હોય છે. વળી મનુષ્યોને બીજા ઉપર દોષ મૂકવામાં, અથવા બીજાના દોષો વર્ણવવાના હોય તો તે સાંભળવામાં રસ આવે છે. આ રસ ઘણાજ હલકા પ્રકારનો છે, અને જે મનુષ્યને આવા બીજાઓના ચારિત્રપર મૂકાતા આક્ષેપો સાંભળવામાં રસ પડતો હોય, તે જીવાત્માને પોતાના વિકાસ વાસ્તે ઘણું કરવાનું છે. કેટલાકને સમયનો શી રીતે સદુપયોગ કરવો તે સુઝતું નથી, અને તેથી તેઓ આ પ્રમાણે બીજાઓની બદબોઈ કર્યા કરે છે.

પોતાના આ કર્તવ્યનું કેવું માઠું પરિણામ આવશે, તેની તે બિચારાઓને ખબર પણ હોતી નથી, પણ આ અભ્યાખ્યાન—અથવા બીજા પર ખોટું આળ ચડાવવું—એ ઘણો જ મોટો દોષ છે.

તેનાં પરિણામનો જો આપણે વિચાર કરીએ તો જરૂર આપણને લાગે કે જ્યાં મનુષ્યના ચારિત્ર ઉપર આક્ષેપ મૂકવામાં આવે, જ્યાં તેના વર્તન ઉપર ખોટું આળ મુકાય, ત્યાં તે મનુષ્યની સ્થિતિ ઘણી દુઃખદ થઈ પડે છે. આવા આક્ષેપો જેમના પર મૂકાયા હોય તેઓને રાત દિવસ ઉંઘ પણ ન આવે. "લોકો મારે વિષે ખોટો અભિપ્રાય ધરાવશે, તો મારૂં શું થશે? મારી કીર્તિ જશે પછી હું કેવી રીતે જીવીશ?" આવા વિચારો કરવામાં તેની રાત્રી પસાર થઈ જાય છે. અને તેનું ઓશીકું તેના આંસુ વડે ભીંજાય છે. જ્યાં પ્રથમ મ્હોં મલકાતું હતું, ત્યાં હવે કટાક્ષજ નજરે પડે, આ સ્થિતિ શું ઓછી દુઃસહ્ય છે?

મનુષ્ય ઉપર જો ખોટો આક્ષેપ મૂકાય—અને જો તે મનુષ્ય બહુ જ લાગણી સ્વભાવવાળો હોય તો તેના દુઃખનો પાર રહેતો નથી. જો જગતમાં જીવતી નરક હોય તો તે સમયના તે મનુષ્યના મનની સ્થિતિ છે. જ્યારે ઘણા ખોટા આક્ષેપો મૂકવામાં આવે છે, ત્યારે કેટલીક વાર તો વીર આત્માઓ પણ ડગી જાય છે, તથા નિરાશા અને શોકને વશ થાય છે, તો પછી સામાન્ય પામર આત્માઓની તો સ્થિતિનું શું વર્ણન થઇ શકે? જેમની પ્રતિષ્ઠાને નિષ્કારણે હાનિ પહોંચી હોય, તેવા મનુષ્યની સ્થિતિમાં તમારી જાતને મુકો અને તમને આ અભ્યાખ્યાનનું—બીજાને માથે ખોટું આળ મૂકવાનું—કેટલું ઘોર પાપ છે, તેનો ખ્યાલ આવશે.

એવા દૃષ્ટાંતો વાંચવામાં આવે છે, તેમજ ઘણાના અનુભવમાં પણ હોય છે કે મનુષ્યો ચારિત્રપ્રતિષ્ઠાની હાનિ થતાં આપઘાત પણ કરી બેસે છે.

આ પ્રમાણે સામાને નુકસાન થાય છે, એટલું જ નહિ પણ આ અભ્યાખ્યાનનું પાપ કરનારને પોતાને અશાંતિ રહે છે, તેની વાણી અસત્યમય બને છે. તે બીજાના દોષો જોવામાં અને કહેવામાં, બીજાઓમાં રહેલી સારી બાબતો જોઈ શકતો નથી. તેના મનમાં પરના દોષનાં કાળાં ચિત્રો રમે છે, તે તેવાં જ કાર્યોને જન્મ આપે છે.

અભ્યાખ્યાનના માઠા પરિણામનો ખ્યાલ આપ્યા પછી તે ત્યાગવાના ઉપાય વિચારીએ.

પ્રથમ તો મનુષ્યે વાણી ઉપર સંયમ રાખવો. કોઇના પણ દોષ જાહેર કરતાં પહેલાં બહુ વિચાર કરવાની જરૂર છે. બીજાઓ આપણી સન્મુખ કોઇના દોષો જણાવે, તો તે એકદમ માની લેવા નહિ. તેવા મનુષ્યોને કહેવું કે “ તમે કહો છો, તે વાત ખરી ના પણ હોય, અને કદાચ હોય. તો પણ તે વિષે ન બોલવું એ વધારે હિતકારી છે.” ઘણા લોકો અમુક મનુષ્ય ઉપર આરોપ મૂકે છે. માટે આપણે પણ તે મૂકવો એ મૂર્ખતા છે. ઘણા અમુક પાપ કરે છે, તેથી કાંઈ પાપની ઓછાશ થતી નથી, અથવા કર્મ તેને છોડી દેતું નથી. બીજાની મૂર્ખતા કાજે આપણે મુખે ઝેર લેવામાં લાભ શો ? આપણે બીજાના આશયોની તુલના કરવામાં ઘણીવાર ભુલ કરીએ છીએ. આપણે અમુક કાર્ય જોઇએ છીએ, પણ તે કાર્ય કરવાનો તેનો આશય જોતા નથી. અને તેને માથે નિષ્કારણ દોષ મૂકી તેને ફજેત કરીએ છીએ. અને આ રીતે મોટું પાપ આપણે શિર આવે છે. એક મનુષ્ય કલાલની દુકાનમાંથી નીકળ્યો માટે તે દારૂ પીવા સારૂ જ ગયો હતો, એમ માની લેવું એ મોટી ભૂલ છે. કદાચ તેના ઘરમાં કોઇને વાગ્યું હોય, અને તેને વાસ્તે દારૂની જરૂર હોય તો તે લેવા માટે કલાલની દુકાનમાં તેને જવું પડયું હોય. અમુક પુરૂષ એક સ્ત્રીની સાથે સંધ્યાકાળે વાતો કરતો ઉભો છે. તમે ત્યાં થઇને જાઓ છો, તમે તે પુરૂષને ઓળખો છો, તે સ્ત્રીને ઓળખતા ન હતા. તમે કલ્પના કરો છો કે તે પુરૂષ હલકા આશયથી જ તે સ્ત્રી સાથે વાત

કરે છે. કદાચ તે તેની બ્હેન જ હોય, અને તમારી કલ્પના તદ્દન અસત્ય ઠરે, માટે કોઇને માથે પણ દોષ આરોપતાં ઘણો વિચાર કરવો, કહ્યું છે કે

> કાને સુણી ન માનીએ, નજરે દીઠી સો સચ્ચ.
> નજરે દીઠી ન માનીએ, નિર્ણય કરી સો સચ્ચ.

કોઈના સંબંધમાં કાને સાંભળેલી વાત ન માનવી, પણ જો નજરે જોવામાં આવે તો તે માનવી. પણ કવિ આગળ વધીને કહે છે કે નજરે દીઠેલી વાત પણ ખોટી પડવાનો સંભવ છે, માટે તેનો નિર્ણય કરવો, અને નિર્ણય કર્યા પછી જે બાબત સત્ય ઠરે તેને સત્ય માનવી.

એકવાર એક ક્ષત્રિય પુત્ર પોતાની પત્ની તથા બ્હેનને ઘરમાં મૂકી પરદેશ ગયો. તે ચાર વર્ષે આવી ગામ બ્હાર ઉતર્યો તેના મનમાં પોતાની સ્ત્રીના શીળની પરીક્ષા કરવાની ઇચ્છા થઇ. તેથી તે રાત્રિએ પોતાને ઘેર આવ્યો, અને જોયું કે પોતાની સ્ત્રી એક પથારીમાં સૂતી છે. અને તેની બાજુએ એક પુરૂષ સુતો છે. તેના ક્રોધનો પાર રહ્યો નહિ. તે બન્ને ઉપર તરવાર કાઢી ઘા કરવા જતો હતો, તેવામાં મ્યાનમાંથી તરવાર કાઢતાં થએલા ખડખડાટથી તે પુરૂષ જાગી ઉઠયો. પુરૂષ તે બીજો કોઇ નહિ, પણ તેની સગી બ્હેન હતી. તે દિવસોમાં ચોરનો ભય હતો, અને જ્યાં એકલી સ્ત્રીઓ હોય, ત્યાં ચોરનો વિશેષ ત્રાસ હોવાથી દરરોજ રાત્રે તેની બ્હેન પુરૂષનો પોશાક પહેરી સૂઈ રહેતી હતી. આવા બનાવો ઘણીવાર બને છે. માટે કોઈ પર આળ મૂકતાં પહેલાં ઘણો વિચાર કરવો.

બીજામાં દોષ હોય તો તે કહેવાની પણ જરૂર નથી. તો પછી અછતા દોષનો આરોપ મૂકવો, એ તો મોટામાં મોટું પાપ છે. આ-પણે ઘણી વાર બીજાઓનું ઘસાતું બોલીએ છીએ. તે પુરૂષ કે સ્ત્રીનું ચારિત્ર એવુંજ હોવું જોઇએ એમ પણ બેદરકારીથી બોલીએ છીએ, પણ તેથી જે પરિણામ તે પુરૂષ કે સ્ત્રીને શોસવું પડે છે,

તેનો આપણને ખ્યાલ હોતો નથી. જો આપણને તેવો ખ્યાલ આવે તો આપણે તેવી ભૂલ કદાપિ કરીએ નહિ.

જે મનુષ્ય આ અભ્યાખ્યાનના પાપથી મુક્ત રહે છે, તે ઘણી શાંતિ અનુભવે છે. તે કોઈનું ઘસાતું બોલતો નથી. તેને મન સંતોષ રહે છે કે તેણે કોઈ ઉપર પણ ખોટું આળ મૂક્યું નથી, અથવા પરના દોષો લોકો આગળ જણાવવાની ભૂલો કરી નથી. તમે આ વાત છાની રાખજો, એવું કહેવાનો સમય તેને આવતો નથી. કારણ કે તે તેવી બાબતો કહેવા કે સાંભળવા ચોકખી ના પાડે છે.

જો મનુષ્યે અભ્યાખ્યાનના પાપથી સદા બચવું હોય તો બીજાના દોષો નહિ સાંભળવાની કે નહિ કહેવાની દૃઢ પ્રતિજ્ઞા કરવી જોઈએ. જે મનુષ્ય તેવી વાતો સાંભળતો નથી, તેના આનંદનો પાર રહેતો નથી.

૧૪
પૈશુન્ય.

ચઉદમું પાપસ્થાનક પૈશુન્ય છે, અને તે પણ ૧૩ મા પાપસ્થાનક અભ્યાખ્યાનની માફક હલકા સ્વભાવનું સૂચક છે. પૈશુન્યમાં **ચાડીચુગલી**, એકની વાત બીજાને કહેવી અને **પુંઠ પાછળ નિંદા કરવી** એ સર્વનો સમાવેશ થાય છે, પૈશુન્યને અંગ્રેજી ભાષામાં back-biting કહે છે, જેનો અર્થ પીઠ કરડવી એવો થાય છે. અર્થાત આ દુર્ગુણને વશ થયેલો જીવ લોકોની પુંઠ પાછળ તેમની બદઓઈ કર્યા કરે છે, અને તેમાં એક જાતનો હલકો રસ લે છે.

જેમ અનેક હલકા પ્રકારનાં વ્યસનો હોય છે, તેમ આ પારકી બાબતોની ચાડીચુગલી કરવાનું પણ કેટલાકને વ્યસન પડી જાય છે, અને પછી તે ત્યાગવાનું કામ ઘણું કઠણ થઈ પડે છે. આવું કરનાર મનુષ્ય વગર પૈસાનો ફેરીઓ છે, અને તે જ્યાં એકની વાત બીજાને, અને બીજાની ત્રીજાને કહેતો ફરે છે. આવો મનુષ્ય મોટે ભાગે બીજાઓના દોષોની, નિર્બળતાઓની, ખામીઓની, ભૂલોની વાતો કર્યા કરે છે. તે જાણે છે કે લોકો તેની વાતો સાંભળીને તેને શાબાશી આપશે. પણ તેને વિષે લોકો શું ધારે છે, તેનો તેને ખ્યાલ પણ હોતો નથી. આવો મનુષ્ય સમયનો ઉપયોગ કેમ કરવો તે જાણતો નથી, તેથીજ તે પોતાના સમયનો મોટામાં મોટો દુરૂપયોગ કરે છે. તે પારકી વાતો સાંભળે છે, તેમાંથી જે કાંઈ દોષભર્યું હોય, તે યાદ રાખે છે. અને પછી તે તેના જેવાજ નવરા મનુષ્યો આગળ લલકારીને મનમાં રસ લે છે. લોકોમાં પોતાની વાતોથી વેર વિરોધ વધે છે, તેનું તેને ભાન પણ હોતું નથી. તે લોકોની ખુશામત કરવા બીજાઓના દોષો સંબંધી વાતો સંગ્રહી રાખે છે. તે વગર પૈસાના ગેઝેટનું કામ કરે છે. સામાન્ય ગેઝેટ (વર્તમાન પત્રમાં) તો શુભ અશુભ સર્વ સમાચાર હોય,

પણ આ ગપ્પી ગેઝેટનો મોટો ભાગ તો કોઈ છિદ્રોથી ભરેલો હોય છે, અને તે એવી તો સફાઈથી બીજા આગળ રજુ કરે છે કે લોકો ઝટ તે માની લે છે. જો મનુષ્યે પોતાના સમયનો સદુપયોગ કરવો હોય તો તેને આવી ચાડીચુગલી માટે સમય મળે જ નહિ.

આ ચાડીચુગલીના ગેરફાયદા અનેક છે. તેના પર કોઇ વિશ્વાસ રાખતું નથી. કારણ કે જે મનુષ્ય બીજાની વાતો આપણા આગળ કહે છે, તે આપણી વાતો બીજા આગળ કેમ નહિ કહે? એમ ધારી લોકો તેને અવિશ્વાસપાત્ર માને છે. ચાડીચુગલી કરનારો મનુષ્ય જ્યાં ત્યાં કલહ વધારે છે, અને મિત્રોમાં, સ્નેહીઓમાં, સંબંધીઓમાં ફાટ, ફુટ પડાવે છે. તે આપણને ખબર પણ ન પડે, તેવી રીતે આપણી પીઠ પાછળ—આપણી ગેરહાજરીમાં આપણે વિષે અનેક હલકી બાબતો બોલે છે. તેવો મનુષ્ય આપણી રૂબરૂ મીઠું બોલે છે, પણ પાછળ આપણી નિંદા કરે છે—આપણા અવગુણ કહે છે. વળી તેવા મનુષ્યની વાણીમાં દોષજ મોટે ભાગે હોય છે. જે દોષનો સંગ્રહ કરી વ્હેંચવા માટે નીકળ્યો હોય, તેની પાસે આપણે કયાંથી શુભ બાબતોની આશા રાખી શકીએ? તેનો વ્યાપારજ તેવી જાતનો છે. આથી તેના વચનોમાં સદોષતા આવે છે, અને તેનું વાતાવરણ પણ અશુભ બને છે. આપણે જો થોડીવાર તેવા મનુષ્યના વાતાવરણમાં રહીએ, અને જરા પ્રમાદી બનીએ તો આપણને પણ બીજાની નિંદા કરવાનું મન થઈ જાય. કારણ કે તેવા મનુષ્યનું વાતાવરણ ચેપી રોગ જેવું હોય છે, માટે આત્મ અભ્યાસી મનુષ્યે જાતે કોઇની ચાડીચુગલી કે નિંદા ન કરવી, એટલુંજ નહિ પણ જે તેવી વાતો કરતો હોય તેની સોબત છોડવી. જો આપણામાં શક્તિ હોય, અને તેને સુધારવાના ખાસ હેતુથી તેની સાથે થોડો સમય સંબંધમાં આવીએ તો તે જુદી વાત છે, બાકી તો શરૂઆતના અભ્યાસીઓએ તો તેવા મનુષ્યોની વાતો સાંભળવાથી દૂર રહેવું એજ શ્રેયસ્કર છે.

જે મનુષ્યને આવી પારકાની ચાડીચુગલી કરવાની ટેવ પડી

હોય, તેને તે ત્યાગ કરવાને મદદગાર થાય તેવા કેટલાક વિચારો અત્રે આપવામાં આવે છે.

તેવા મનુષ્યે વિચાર કરવો કે આ ટેવ ઘણી ખરાબ છે. તે વાણીનો અસંયમ સૂચવે છે. જે વાત આપણે અમુક મનુષ્યને જાતે કહી ન શકીએ તે તેની પુંઠ પછવાડે કહેવાનો આપણને શો અધિકાર છે ?

વળી આ ચાડીચુગલી કરવામાં સમય નકામો જાય છે—સમયનો દુરૂપયોગ થાય છે—લોકોમાં વિશ્વાસ ઘટે છે અને અનેક શત્રુઓ નિષ્કારણ ઉભા થાય છે, તો તેવી વાતો કરવાથી લાભ શો ?

બીજાએ અમુક ભૂલ કરી હોય—તેનું જીવન સદોષ હોય, તો પણ તેવી વાતો બીજા આગળ કહેવાથી શું લાભ થવાનો હતો ? દરેક મનુષ્ય પોતાના કર્મને વાસ્તે પોતે જોખમદાર છે. આવો વિચાર કરી તે ટેવને ટાળવી. જો વાતો કર્યા વિના નજ ચાલતું હોય તો જગતમાં અનેક શુભ બાબતો છે, તેનો સંગ્રહ કરો. વર્તમાન પત્રોમાંથી તેમજ મહાન્ પુરૂષોના ચરિત્રોમાંથી વીરતા, ધૈર્ય, કરૂણા, દયા, ક્ષમા, ઉદારતા, પ્રેમ, મૈત્રીભાવનાં દૃષ્ટાંતો અને બનાવો એકત્ર કરો, તે સ્મરણમાં રાખો અને લોકોને જણાવો કે જેથી તમને તથા સાંભળનારાને બન્નેને ઉત્સાહ—પ્રેરણા શક્તિ આવશે અને તમારી પૈશુન્યની ટેવ જતી રહેશે. લોકોની ગુપ્ત વાતો મિત્ર થઈ, સ્નેહી બની સાંભળવી, અને પછી તેવી વાતો બીજા આગળ કહેતાં ફરવું એ મિત્રદ્રોહ નહિ ? એ શું ઓછો વિશ્વાસઘાત છે ?

પૈશુન્યવૃત્તિનો ત્યાગ કરવાને મનુષ્યે હૃદયથી ઉદાર બનવું જોઇએ. આત્મ અભ્યાસી મનુષ્ય બીજાઓની નિર્બળતા પ્રત્યે ઘણોજ ઉદાર બને છે, અને જો કદાપિ સખ્ત બને તો તે પોતાની નિર્બળતા અને ખામીઓ પ્રત્યે સખ્ત બને છે. આવી રીતે—આવા પ્રકારના વિચારો કરીને મનુષ્ય પૈશુન્યના અધમ દોષથી મુક્ત થાય છે. પારકાનાં દોષ

રૂપી મલીન જળમાં જો આપણે આપણાં વસ્ત્ર ધોઇએ તો તે કેવી રીતે નિર્મળ થાય ? માટે ઉદાર વૃત્તિથી—દરેક બનાવ દરેક મનુષ્ય અને દરેક સંસ્થાની શુભ બાજુ જુઓ, તેને ટેકો આપો, અને જ્યાં શુભ વૃદ્ધિ પામશે, એટલે અશુભ આપો આપ ચાલ્યું જશે.

પૈશુન્યનો—બીજાની ચાડીચુગલી કરવાની ટેવનો ત્યાગ કરવાથી મનુષ્યને બેહદ શાંતિ મળે છે. મન વિશેષ નિર્બળ બનતું જાય છે, જ્યારે મન નિંદામાં નથી પરોવાતું ત્યારે કાંઈ શુભ કામમાં રોકાય છે, એટલે સમયનો સદ્ઉપયોગ થાય છે. વાણી અને મન ઉપર સંયમ આવતો જાય છે, અને હૃદય નિર્મળ થતાં અંતરાત્મા વિશેષ તેજથી ઝળકવા લાગે છે.

૧૫
રતિ અરતિ

પંદરમું પાપસ્થાનક રતિ અરતિ છે. રતિ અરતિ એટલે અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં જે સુખ દુઃખની લાગણી થાય તેને રતિ અરતિ કહે છે. આ સ્થિતિ સામાન્ય મનુષ્યને સ્વાભાવિક છે. સુખ આવે તે જીવવાની વાંચ્છા કરે છે, અને તેમાં રતિ માને છે, દુઃખ આવે તે મરવાની ઇચ્છા કરે છે, અને તે દુઃખદ પ્રસંગ વાસ્તે તેને અરતિ પ્રકટે છે.

જૈન શાસ્ત્રમાં ચાર પ્રકારનાં ધ્યાન કહેલાં છે. આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ ધ્યાન. તેમાંના પ્રથમના બે રતિ અરતિની સ્થિતિ સૂચવે છે. તેમાં પ્રથમ આર્ત ધ્યાનના ચાર ભેદ છે. જીવ અનિષ્ટ પદાર્થોના સંયોગથી અથવા ઇષ્ટ પદાર્થના વિયોગથી, અથવા તો રોગથી, અથવા તો આગામી શું દુઃખ આવશે, એવા વિચારથી પોતાના ચિત્તમાં અનેક પ્રકારની ચિંતાઓ કરી દુઃખી થાય છે. વળી રૌદ્ર ધ્યાનના ચાર પ્રકાર નીચે પ્રમાણે છે. હિંસામાં, અસત્યમાં ચોરીમાં અથવા વિષય સેવનમાં આનંદ માનવો તે. આ આનંદ અથવા રતિ ઘણાજ હલકા પ્રકારની છે. અને જે મનુષ્ય આવી બાબતોમાં રતિ લે છે, તે ઘોર કર્મ મનથી બાંધે છે, અને ખોટાં કામ કરીને અનંત દુઃખનો ભોક્તા બને છે. પોતાના શરીરને, ઇન્દ્રિયોને અને પોતાની વૃત્તિ તથા મનને જે વસ્તુઓ રૂચે તેમાં મનુષ્ય રતિ માને છે, અને જે ન રૂચે તે પ્રત્યે અરતિ થાય છે. મનનો સ્વભાવ જ એવો પડી ગયો છે કે કોઇ પણ પદાર્થ, મનુષ્ય કે બનાવ જોતાં કાંતો તેના તરફ પ્રીતિ ધરાવે છે, કે કાંતો તે પ્રત્યે અપ્રીતિ થાય છે. રતિ અને અરતિ એ ખરી રીતે કહીએ તો રાગ અને દ્વેષનાં મંદસ્વરૂપો છે. કોઇ પણ વસ્તુ વિષે રતિ થતાં ધીમે ધીમે તે પ્રત્યે રાગ થતો જાય છે, અને જો અરતિ અથવા અરૂચિ

થઈ તો તેમાંથી બીજાં કારણો મળતાં તે અરતિ દ્વેષનું રૂપ લે છે. શ્રીમદ્ આનંદઘનજી તો એટલે સુધી લખે છે કે "દ્વેષ અરોચક ભાવ," જ્યાં અરૂચિ થઇ ત્યાં દ્વેષજ સમજવો.

રતિ અરતિ મનુષ્યના મનને એક ક્ષણવાર શાંત બેસવા દેતી નથી. અમુક બનાવોથી મનુષ્યને કાંતો હર્ષ થાય છે કે કાંતો ખેદ થાય છે. અમુક મનુષ્યને જોઈ કાંતો આનંદ થાય છે કે કાંતો વિષાદ થાય છે. એટલે મનના કલ્લોલો નિરંતર ચાલ્યાં કરે છે. અને તે આપણને જરા પણ સ્થિર થવા દેતા નથી. રતિ કે અરતિ બેમાંનું એક કલ્લોલ તો દરેક પળે આપણને ધસડતુંજ હોય છે. આ સ્થિતિમાં મનની શાંતિ ક્યાંથી હોય ? આવો મનુષ્ય બહારના સંયોગોને વિશેષ આધીન બને છે. આત્મા મોટે ભાગે નિમિત્તવાસી હોવાથી તેવા મનુષ્યને જે જે સંયોગો–પુરૂષો પુસ્તકો–સુખ દુઃખના પ્રસંગો મળે, તે પ્રમાણે તે હર્ષશોક ધારણ કરે છે. સુખ કે દુઃખ લાભ કે ગેરલાભ, વિજય કે પરાભવ આ બેમાંનું જે એક મળે છે, તેમાં રતિ કે અરતિ જન્મે છે. અને તે સ્થાયી હોય એમ માની જીવ હર્ષ કે શોક ધારણ કરે છે.

આ રતિ અરતિની સ્થિતિમાંથી મુક્ત થવું હોય તો મનુષ્યે પાણીના કલ્લોલો પરથી ખડક ઉપર થોડીવાર પણ ઉભાં રહેતાં શીખવું જોઈએ. કલ્લોલો તેના પગ સાથે અથડાશે, પણ તેને ધસડી જશે નહિ. તે કલ્લોલોના સ્વરૂપોનો હવે દૃષ્ટા બને છે. તે કલ્લોલ રૂપ નહિ બનતાં કલ્લોલોનું હાર્દ સમજવા પ્રયત્ન કરે છે. તેણે સૌથી પ્રથમતો એ વિચારવું જોઇએ કે Nothing is eternal in this universe. આ વિશ્વમાં કાંઈ પણ સ્થાયી નથી. ભગવદ્ગીતામાં લખ્યું છે કે,

હે અર્જુન ! શીત, ઉષ્ણ, સુખ દુઃખ વગેરેને આપવાવાળા ઇન્દ્રિયોના સ્પર્શો આવવા અને જવાવાળા હોઈ અનિત્ય છે. માટે તેને તું સહન કર. અર્થાત્ જગતના બાહ્ય પદાર્થો જેમાં આપણે

આટલું બધું સુખ કે દુઃખ માનીએ છીએ, તે સર્વે સ્થાયી નથી, પણ ક્ષણે ક્ષણે બદલાય છે.

શ્રીમદ્ રાજચંદ્રે એક સ્થળે લખ્યું છે કે,

વિદ્યુત્ લક્ષ્મી, પ્રભુતા પતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ,
પુરંદરીચાપ અનંગ રંગ–
શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ !

લક્ષ્મી વીજળી સમાન ચપળ છે, સત્તા પતંગ જેવી અસ્થિર છે. આયુષ્ય એ પાણીના કલ્લોલ સમાન છે. કામના રંગો તે મેઘ ધનુષ્ય જેવા છે. જ્યાં આવા ક્ષણિક સુખદુઃખ આપનારા પ્રસંગો હોય ત્યાં મનુષ્યે શું રાચે અથવા રતિ કરે ! તેમ જ દુઃખદ પ્રસંગો વિષે શોકપણ શું ધરે? કારણ કે કોઈપણ વસ્તુ સ્થાયી નથી. સુખ પણ સ્થાયી નથી, તેમ દુઃખ પણ સ્થાયી નથી. તે ઉપર એક ટૂંક દૃષ્ટાંત છે.

એક રાજા હતો. તેના કંઠમાં એક માદળીઉં હતું. તે શા હેતુથી નાખવામાં આવ્યું હતું, અને તેમાં શું હતું તે તે જાણતો નહતો. પણ વંશપરંપરાથી તે ઉતરી આવ્યું હતું. તે રાજા પર એક બીજો બળવાન રાજા ચઢી આવ્યો, અને તેને હરાવ્યો. તે રાજા તેના કેટલાક સામંતો સાથે જંગલમાં નાસી ગયો. એક વૃક્ષ નીચે બેસી વિચાર કરતાં તેની દૃષ્ટિ પોતાની કોટમાંના માદળીયા પર પડી. તેણે તે ભંગાવરાવ્યું. તો તેમાંથી જીર્ણ તાડપત્રનો એક કકડો નીકળ્યો, તેના પર લખ્યું હતું કે **इदमपि गमिष्यति** This too shall pass away—આ પણ જતું રહેશે. તેણે વિચાર કર્યો કે હવે શું જતું રહેશે? મારી પાસે શું રહ્યું છે કે તે ચાલ્યું જાય? વિચારતાં તેને લાગ્યું કે આ મારો પરાભવ–હાર ચાલી જશે, અને મને વિજય મળશે. આ વિજયનો વિચાર તેના મનમાં સ્ફુરતાં તેનામાં નવું ચૈતન્ય આવ્યું. તેણે ફરીથી સૈન્ય એકત્ર કર્યું. તે રાજાને હરા-

વ્યો. વિજય મેળવ્યો. તે હવે ફુલાઈ જવાનો સંભવ હતો. તેની દૃષ્ટિ પાછી માદળીયા પર પડી, તેણે વિચાર્યું કે આ પણ ચાલ્યું જશે. આ વિજય પણ જશે.

આ ઉપરથી સાર એ નીકળે છે કે સુખના પ્રસંગોમાં એવો વિચાર કરવો કે આ સુખ પણ ચાલ્યું જશે. માટે ફુલાઈ જવું નહિ. તેમ જ દુઃખના પ્રસંગોમાં એવો વિચાર કરવો કે આ દુઃખ પણ ચાલ્યું જશે, માટે અતિ દીન ન બનવું, પણ સમતોલવૃત્તિ જાળવવી.

જ્યાં સુધી મનુષ્ય બાહ્ય સંયોગોનો–મનુષ્યોનો–વસ્તુઓનો વિચાર કર્યા કરે છે, ત્યાં સુધી રતિ કે અરતિ થવાનીજ, ત્યાં સુધી સુખ દુઃખ થવાનુંજ છે. પણ આત્માની અનંત કાળની જીંદગીમાં આ જીંદગી એ એક દિવસ છે, એવું વિચારતાં સર્વ બનાવો ગૌણ થઈ જાય છે. તે મનુષ્ય સુખ દુઃખમાં સ્થિરતા જાળવી શકે છે. કવિ કાલિદાસ કહે છે કે—

કોને એકાંત સુખ મળ્યું છે ? અથવા કોને એકાંત દુઃખ મળ્યું છે ? આપણી દશા ચક્રની ધાર પ્રમાણે ઉપર નીચે ચાલ્યા કરે છે. આવજા કરે છે. માટે જો રતિ અરતિથી મુક્ત થઈ શાંતિ મેળવવી હોય તો સુખ દુઃખના પદાર્થોની અનિત્યતા વિચારી મનુષ્યે તેના દ્રષ્ટા બનવું.

૧૬
પરપરિવાદ.

સોળમું પાપસ્થાનક પરિવાદ છે. તેનો સામાન્ય અર્થ પારકાની બાબતોની વાત. પણ તે મોટે ભાગે નિંદાની હોવાથી પરપરિવાદનો અર્થ નિંદા એ થયો છે. પારકી નિંદા કરવી, પારકાના સંબંધમાં ઘસાતું બોલવું, અથવા બીજાઓ સંબંધમાં નક્કામા ગપ્પાં મારવાં, એ મનુષ્યનો સ્વભાવ થઈ પડયો છે, મનુષ્યને તેમાં એક જાતનો રસ અને ઉત્સાહ આવે છે. જ્યાં શાંત, વૈરાગી, હિતકર, પરના ગુણોની વાત ચાલતી હોય, ત્યાં મનુષ્ય કંટાળી જાય છે, તેમાં તેને રસ આવતો નથી. પણ જ્યાં બીજાઓનાં દુષણો ચર્ચાતાં હોય, બીજાની બદબોઈ થતી હોય ત્યાં મનુષ્યને સ્ફુર્તિ આવે છે, અને પોતે પણ તે વાતમાં ભાગ લેવા માંડે છે. અને ખોટીખરી અનેક બાબતો તેમાં ઉમેરીને વાતને રસમય બનાવવા પ્રયત્ન સેવે છે.

જો મનુષ્ય પોતાનાજ કાર્યમાં લક્ષ આપે, બીજાઓને મદદની જરૂર હોય અને પોતે તે આપી શકે તેમ લાગતું હોય તો તે આપવા માટે બીજાના કામમાં રસ લે, તે સિવાય જો પોતે પોતાના વિચારો, વચનો અને કાર્યો પર લક્ષ આપે તો પોતાને ઘણોજ લાભ થાય.

પણ મનુષ્યમાં બીજાઓના કામમાં માથું મારવાની ઇચ્છા ઘણી પ્રબલ જણાય છે. બીજાઓ કરતાં પોતાનું જ્ઞાન વધારે છે, અથવા પોતાને સારી આવડત છે, તે બતાવવાને અને આ રીતે પોતાના અહંકારને પોષવા જીવો પારકી બાબતોમાં માથું મારતા જણાય છે. બીજો મનુષ્ય શું કહે છે, કરે છે, અથવા માને છે, તેની સાથે આપણને કશો સંબંધ નથી. તે વિષે આપણે છેક તટસ્થ રહેતાં શીખવું જોઇએ. જ્યાંસુધી તે મનુષ્ય બીજા મનુષ્યોની વચમાં ન આવે, ત્યાં સુધી સ્વતંત્ર વિચાર કરવાને, સ્વતંત્ર શબ્દો બોલવાને, સ્વતંત્ર કાર્ય કરવાને તેને સંપૂર્ણ હક્ક છે. આપણને જે યોગ્ય લાગે તે કરવાની આપણને સ્વતંત્રતા હોવી જોઈએ એવો હક્ક આપણે માગીએ છીએ,

તો પછી આપણે બીજાને તેટલીજ સ્વતંત્રતા ભોગવવા દેવી જોઇએ; અને જ્યારે બીજો કોઇ મનુષ્ય તેવી સ્વતંત્રતાનો ઉપભોગ કરતો હોય, ત્યારે તેની નિંદા કરવાનો આપણને જરા પણ અધિકાર નથી. જો આપણને એમ લાગતું હોય કે અમુક મનુષ્ય :અમુક ખોટું કામ કરે છે, અને જો આપણે સભ્યતાથી અને ખાનગી રીતે તેને આપણા વિચારો દર્શાવવાના પ્રસંગ લઇએ તો તેને સમજાવી શકવાનો **સંભવ** છે, પણ ઘણી બાબતોમાં તો આમ કરવું તે પણ અયોગ્ય રીતે માથું મારવા જેવું કામ છે, પણ જો આપણે ત્રીજા મનુષ્ય સનમુખ જઈ તે બાબત જણાવીએ તો તેની નિંદા કરી કહેવાય, અને નિંદા તે તો મોટો અવગુણ છે.

નિંદાના વિચાર માત્રથી ઘણો અનર્થ પેદા થાય છે. દરેક મનુષ્યમાં ગુણ તેમજ અવગુણ રહેલા છે. પ્રભુ સિવાય કોઈ પણ જીવ પૂર્ણ નથી. "**થોડા ઘણા અવગુણે સૌ ભર્યા રે, કોઈનાં નળીઆં ચુવે, કોઈનાં નેવરે.**" તો પછી આપણે તે અશુભનું ચિંતવન કરી તે સામાના દોષને પુષ્ટિ આપીએ છીએ. જો તેનામાં તે અવગુણ હોય તો તે પુષ્ટ થાય છે, અને ન હોય તો પણ તેનું વારંવાર ચિંતવન કરીને દોષનું બીજ તેનામાં રોપવા જેવો પ્રયત્ન આપણા વિચારથી થાય છે. વળી જગતનું વાતાવરણ બગડતું જાય છે. જગતમાં પરદોષ દષ્ટિ વધે છે. પણ સૌ કરતાં મોટો ગેરફાયદો તો આપણને એ થાય છે કે આપણું વાતાવરણ મલીન બને છે. પારકાના દોષરૂપી મલીન જળમાં સ્નાન કરવાથી આપણી શુદ્ધિ કેવી રીતે થઈ શકે ?

વળી આપણે વિચારો કરવાથી અટકતા નથી. પણ આપણે બીજાના દોષની કરેલી શોધ લોકો આગળ અતિશયોક્તિના સાથીઆ પુરી, મીઠું મરચું ભભરાવી, લલકારીએ છીએ, અને તેઓ પણ તેમાં બહુજ રસપૂર્વક ભાગ લે છે. તેઓ તે વાત બીજાઓને જણાવે છે. આવી રીતે સેંકડો મનુષ્યો તે કમભાગ્ય મનુષ્યની નિંદા કરવામાં ભાગ લે છે; અને તેનો દોષ સુધારવાનું ઘણું કઠણ બને છે. નિંદાથી

કોઈ સુધર્યું નથી, અથવા સુધરવાનું નથી. આપણે ધારીએ તો પ્રેમથી–દીલસોજીથી એકાંતમાં કોઈની ભૂલ જણાવી, તેને આપણો બનાવી તેની ભૂલ કદાચ સુધારી શકીએ.

વળી નિંદા કરવામાં સમયનો દુરુપયોગ થાય છે, લોકોમાં વેર વૃત્તિઓ અને કલહ જાગે છે, મન ઘણું કલુષિત બને છે. નિંદા કરનાર પર કોઈ વિશ્વાસ રાખતું નથી. તે બીજાના દોષોજ શોધતા હોવાથી તેની જ્ઞાનચક્ષુ પર પડલ આવી જાય છે, અને તેને સર્વત્ર દોષ જ જણાવા લાગે છે. તે બીજા સંબંધી વિચારો કરવામાં એટલો બધો મગ્ન થઇ જાય છે કે તે પોતાનું ભાન ભુલી જાય છે.

નિંદા ત્યાગ કરવાને ઘણાં સાધનો છે. દરેક મનુષ્યમાં ગુણો તથા દોષો રહેલા છે. ગુણ ઉપર પ્રીતિ રાખો, અને ગુણોને પુષ્ટિ આપો; એટલે દુર્ગુણો ચાલ્યા જશે. જે મનુષ્યને ઉપયોગી કામો કરવાનાં નથી, તેવો મનુષ્ય જ આવાં નિંદાનાં કામોમાં રસ લઈ શકે. જો મનુષ્ય ધારે તો–વિચાર કરે તો–ઉપયોગી કામોની ખોટ નથી. મનુષ્ય પોતાનું શરીર સુધારી શકે, નવરાશના સમયમાં સારાં પુસ્તકો વાંચી શકે, શુભ ભાવનાઓનું ચિંતવન કરે, કોઈ માંદા મનુષ્યની મુલાકાત લે, કોઈ સેવા કરતી સંસ્થા સાથે જોડાઈ તેના હિતાર્થે કામ કરે, પોતાના પુત્ર પુત્રીઓ તથા અન્ય કુટુંબીજનોના હિતના સવાલો વિચારે, અને તે પ્રમાણે વર્તે. જો મનુષ્ય આવા કોઈ કામમાં પોતાનો સમય વ્યતીત કરે, તો તેને પરની નિંદા કરવાને કે ગપ્પાં મારવાને અવકાશજ મળે નહિ. સમય ઘણો અલ્પ છે, અને કાર્ય કરવાનાં ઘણાં છે. માટે સુજ્ઞ મનુષ્યો તો તે અલ્પ સમયનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ કરે છે. તેઓ અનુપયોગી અને ઉપયોગી કામો વચ્ચે પ્રથમ વિવેક કરે છે. અનુપયોગી કામોનો ત્યાગ કરી તેઓ ઉપયોગી કામો કરે છે, અને આગળ જતાં ઉપયોગી અને **વિશેષ** ઉપયોગી કામો વચ્ચે ભેદ પાડી વિશેષ ઉપયોગી કામો કરવા પ્રેરાય છે. પોતાનાથી બનતું વિશેષમાં વિશેષ ઉપયોગી કામ કરવાને જો મનુષ્ય પ્રયત્ન કરે, તો તેને નિંદા માટે કે ગપ્પાં માટે

કે પારકી કુથલી માટે સમય ક્યાંથી મળી શકે ?

નિંદા ત્યાગ કરવાનો એક બીજો ઉપાય એ છે કે પારકી નિંદાની વાતો સાંભળવી બંધ કરો. બીજો કોઇ પારકાની નિંદા કરતો હોય તો તે સાંભળવા ના પાડો. આ રીતે નિંદા સાંભળવાનો રસ ઓછો થશે, તો પછી નિંદા કરવામાં તો રસ રહેશેજ ક્યાંથી ?

જો કોઈનું શુભ કામ જુઓ તો તેને અનુમોદન આપો, પણ બીજાના ખોટા કામની નિંદા ન કરતાં ઉદાર બનો. જ્યાં ત્યાં નિષ્કારણ કોઈની નિંદા કરવાથી સામાને કે આપણને કોઇને પણ લાભ થતો નથી. નિંદા એ જીભનું મોટામાં મોટું પાપ છે. નિંદા એ દોષ દૃષ્ટિનું પરિણામ છે. જો તેવો મનુષ્ય પારકા કામમાં માથું મારે છે તો તેનો હેતુ મોટેભાગે બીજાઓને મદદ કરવાનો નહિ, પણ બીજાઓનાં છિદ્રો અને નિર્બળતાઓ જાણવાનો હોય છે. જે મનુષ્ય નિંદાના પાપથી બચે છે, તેને સમય મળે છે. તે બહુ સારી રીતે આત્મનિરીક્ષણ કરી શકે છે. તે અંતર્મુખ વળી પોતાના ગુણદોષ સારી રીતે તપાસી શકે છે, અને આ રીતે આત્મસુધારણા કરવા તેને ઘણો અવકાશ મળે છે. તે મનુષ્ય સ્વાધ્યાય પણ સારો કરી શકે છે. સ્વાધ્યાય એટલે સ્વનો અધ્યાય, એટલે આત્માના સ્વરૂપનું ચિંતવન–' હું કોણ છું ? મારૂં સ્વરૂપ શું ? મારૂં કર્તવ્ય શું ? મારૂં સાધ્ય શું ?' આવા વિચારો કરવામાં જો તે પોતાનો સમય પસાર કરે તો તેને અંદરથી ઘણું જાણવાનું મળે. બહારનું રમણ–રટણ જ્યારે બંધ અથવા ઓછું થઇ જાય, ત્યારે અંદરનું રટણ થવા લાગે છે. તો પછી જે મનુષ્ય પરપરિવાદ–પારકા સંબંધી નકામી વાતો કુથલીઓ–ગપ્પાં–નિંદા વગેરેનો ત્યાગ કરે છે, તેની વાણી પર તેમજ મન પર અપૂર્વ સંયમ આવતો જાય છે, અને મનને બહારની પરિસ્થિતિ પર ઓછું ધ્યાન આપવાનું હોવાથી તે અંતર્મુખ વળે છે, અને ત્યાં તેને અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે.

૧૭

માયા મૃષાવાદ

સત્તરમું પાપસ્થાનક માયામૃષાવાદ છે. માયાનું આઠમું પાપસ્થાનક અને મૃષાવાદનું બીજુ પાપસ્થાનક મળી ૧૭ મું માયામૃષાવાદનું પાપસ્થાનક ઉદ્‌ભવે છે. માયામૃષાવાદ એટલે કપટ અને અસત્ય–બીજા શબ્દોમાં કહીએ તો ઢોંગ–દંભ છે. શ્રીમદ્ યશોવિજયજીના શબ્દો પ્રમાણે આ માયામૃષાવાદનો દોષ વિષને વધારવાની સ્થિતિ, અથવા તો સર્પને છંછેડવાની ક્રિયા છે.

ઢોંગની ઉત્પત્તિનું કારણ એ છે કે મનુષ્ય હોય તેના કરતાં સારો દેખાવા ઇચ્છે છે, પોતાનું અજ્ઞાન અને પોતાના દોષ ઢાંકી પોતે જ્ઞાની અને નિર્દોષમાં ખપવા માગે છે. આ કારણથી–લોકોના ખોટા ભયથી પોતે અનેક રીતે અસત્ય બોલે છે, અને કપટ ક્રિયા કરે છે. પોતે બોલેલું એક અસત્ય, અથવા કરેલું એક ખોટું કામ છુપાવવા મનુષ્ય જુઠની પરંપરા સેવે છે. અને પછી તે અસત્ય અને કપટ એટલું બધું વધી જાય છે કે તેનાથી તે છુપાવી શકાતું નથી, અને તેની દશા ઘણી દયાજનક થાય છે.

ઢોંગના એટલા બધા કફાયદા છે કે તેનો પુરો વિચાર પણ આવી શકે નહિ, છતાં કેટલાક કફાયદા વર્ણવ્યા છે. ઢોંગ લાંબો સમય ટકતો નથી. અંતે કપટ પકડાય છે, ત્યારે તેની કેટલીક સત્ય બાબતો હોય તે પણ ઢોંગ ભેગી તણાઈ જાય છે, અને સર્વથા પાપી કે અસત્યવાદી હતો, એમ લોકો માનવાને દોરાય છે. ઢોંગથી તેના આત્મા પર પડલ આવી જાય છે. વારંવાર અસરળ અને કપટમય વિચારો કરવાથી તેનું મન પણ તેવુંજ વક્ર બને છે, એટલે આત્માનાં સીધાં કિરણો તે મન દ્વારા પ્રકટી નીકળતાં નથી. તેથી તેનો આત્મા સત્ય અને અસત્ય વસ્તુ વચ્ચેનો ભેદ પારખી શકતો નથી. સત્યવાદીજ

અનેક અસત્ય બાબતોમાંથી કયી સત્ય બાબતો છે, તે એકદમ સમજી શકે. જે મનુષ્યો બીજાને છેતરવા જાય છે, તે જાતેજ છેતરાય છે. કારણ કે એક મનુષ્ય અપ્રમાણિકપણે થોડો સમય વ્યાપારમાં બીજાને છેતરે, પણ જ્યારે તેનું કપટ પકડાય, ત્યારે લોકો તેની સાથેની લેવડ દેવડ ઓછી કરે, એટલે તેની આવક ઓછી થાય. આમ આખરે તો ઢોંગ અથવા કપટનો આશ્રય લેનાર મનુષ્ય વ્યવહારમાં પણ પાછો પડે છે, અને આટલો સમય કપટ અને અપ્રમાણિપણાનો આશ્રય લઈ પોતાના મનને જે નુકસાન કર્યું, તેની તો કિમત આંકી શકાયજ નહિ. જ્યારે ઢોંગ પકડાય છે, ત્યારે તે ઢોંગી મનુષ્ય પરથી સર્વનો વિશ્વાસ ઉઠી જાય છે.

મનુષ્ય ઢોંગ કરે, અસત્ય બોલે, કુડ કપટ કરે, પણ તેમાં તેનું હૃદય ડંખ માર્યા વિના રહેતું નથી. કપટી મનુષ્ય નિરંતર બીકણ હોય છે. તે ગમે તેટલો નિર્ભયતાનો ડોળ કરે, પણ સૂર્યના પ્રકાશિત કિરણ આગળ જેમ ધુમસ વીખરાઈ જાય છે, તેમ સત્ય અને પ્રમાણિક મનુષ્યની તેજભરી આંખો આગળ તેનું મુખ ઢીલું પડી જાય છે, અને તેનું તેજ ઝાંખું પડી જાય છે. આખુ વિશ્વ સત્ય પર રચાયું છે, માટે સત્યના નિયમોનો ભંગ કરી જગતને છેતરનાર મનુષ્ય લાંબો કાળ વિજય પામી શકે નહિ. કુદરત પોતાના નિયમોનો ભંગ લાંબો સમય સહન કરી શકેજ નહિ. માટે આત્મ અભ્યાસી મનુષ્યે કપટ અને અસત્યને પોતાના હૃદયમાંથી દેશ-વટો આપવો.

શ્રી તિલકપુરમાં ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ નામના બે વણિક રહેતા હતા ધર્મબુદ્ધિ સરળ સ્વભાવી અને પરહિતચિંતક હતો, અને પાપબુદ્ધિ કપટી, માયાવી અને વિશ્વાસુને છેતરનારો હતો. બંનેને વેપાર નિમિત્તે મૈત્રી થઈ. લોકો એમ કહેતા હતા કે કાષ્ટ અને કર-વત જેવો આ યોગ છે. તથાપિ પોતાના ઉત્તમપણાથી ધર્મ બુદ્ધિએ તે પાપબુદ્ધિનો ત્યાગ કર્યો નહિ. બન્ને જણ વેપાર નિમિત્તે બીજે

દેશ ગયા, અને વ્યવસાય કરી દરેક હજાર સોના મહોરો કમાયો. તે બન્ને પોતાના ગામ તરફ પાછા વળ્યા. જ્યારે પોતાનું નગર પાસે આવ્યું ત્યારે પાપબુદ્ધિએ તે ધર્મબુદ્ધિને કહ્યું, "મિત્ર! આટલું બધું ધન નગરમાં કેમ લઈ જવાય? માટે કેટલુંક અહીંજ દાટી મૂકીએ, પછી યોગ્ય અવસરે તે લઈ જઈશું. કારણ કે ધનને અનેક પ્રકારે રાજા ભાગીદાર અને ચોરથી ભય હોય છે." આમ સાંભળી ધર્મબુદ્ધિએ પાંચસે સોના મહોર એક વૃક્ષ નીચે દાટી. તેને વિશ્વાસ પમાડવા પાપબુદ્ધિએ પણ તેમજ કર્યું. પછી તેઓ પોતપોતાને ઘેર ગયા. પાપબુદ્ધિ રાત્રે છાનો માનો બન્નેનું દાટેલું ધન લઈ ગયો. એક દિવસ પાપબુદ્ધિને ધર્મબુદ્ધિ આવી કહેવા લાગ્યો કે "મિત્ર! ચાલો હવે આપણે તે દાટેલું ધન કાઢી આવીએ" ત્યાં જઇને જોયું તો ખાડો ખાલી જોવામાં આવ્યો. પાપબુદ્ધિ ઘણો વિલાપ કરવા લાગ્યો અને છેવટે તેણે ધર્મબુદ્ધિ ઉપર આક્ષેપ મૂકતાં કહ્યું; "હે દુષ્ટ! તેંજ આ કામ કર્યું છે, કારણ કે આપણા બે વિના બીજું કોઈ આ વાત જાણતું નહોતું." ધર્મબુદ્ધિ કહે "હું કદી એવું કામ કરૂં નહિ. કોઈ પાપીએ તે કામ કર્યું હશે." આમ બન્ને વચ્ચે વિવાદ થયો. અને વાત રાજસભામાં ગઈ. બન્નેના સાક્ષી વિષે પૂછવામાં આવતાં પાપબુદ્ધિ બોલી ઉઠ્યો કે મારો સાક્ષી દેવતા છે. રાજાએ કહ્યું પ્રભાતે તેની પરીક્ષા થશે. પાપબુદ્ધિએ રાત્રે પોતાના પિતાને સઘળી હકીકત કહી અને જંગલમાં જઈ વૃક્ષના કોતર (પોલ) માં ભરાઇ બેસવા જણાવ્યું અને રાજા પૂછે ત્યારે કહેવું કે "પાપ બુદ્ધિ નિષ્કલંક અને ધર્મબુદ્ધિ તસ્કર છે," પ્રભાતે રાજા પ્રધાન વગેરે અમલદારો તથા ધર્મ બુદ્ધિ પાપબુદ્ધિ વગેરે લોકો ત્યાં હાજર થયા. સવાલ પૂછતાં પાપબુદ્ધિના પિતાએ ગોઠવેલો જવાબ આપ્યો. લોકો આમ તેમ જોવા લાગ્યા. પણ કોઇ મનુષ્ય નજરે પડ્યો નહિ. ધર્મબુદ્ધિએ તરતજ સમયસૂચકતા વાપરી જણાવ્યું કે કોતરને બાળી નખાવો એટલે દેવ કે મનુષ્ય પ્રત્યક્ષ થાય." કોતર

બાળવાની શરૂઆત કરી કે તરતજ પાપબુદ્ધિનો પિતા તે કોતરમાંથી ગભરાતો ગભરાતો બ્હાર નીકળ્યો, પ્રશ્ન પૂછતાં તેણે સર્વ સત્ય નિવેદન કર્યું. લોકો તથા અમલદાર વર્ગ તેને તથા તેના પુત્રને ધિક્કારવા લાગ્યા. રાજા પાપબુદ્ધિને ભારે શિક્ષા કરવા તૈયાર થયો, પણ ધર્મબુદ્ધિએ તેને તેમ કરતાં વાર્યો. રાજા વગેરે ધર્મબુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા. માયામૃષાવાદ આ ભવમાંજ દુઃખ આપે છે.

હવે માયામૃષાવાદ તજવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય **સત્ય** અને **સરળતા** છે. જો કે સત્ય અને સરળ મનુષ્યોને પ્રારંભમાં દુઃખ પડે, કેટલીક અડચણોમાંથી પસાર થવું પડે, પણ અંતે સત્યનો જય થાય છે. સત્ય અને સરળ પ્રકૃતિનો જીવ ઘણી ત્વરાથી પોતાનો વિકાસ કરી શકે છે, તે નિર્ભય બને છે, તે નિરંતર શાંતિ જાળવે છે, અને તેવાં આંદોલનોથી તેનું શરીર પણ નીરોગી રહે છે. પરસ્પર અનુકૂલ આંદોલનો તેના શરીરમાં ચાલે છે. તેથી રોગના વિરોધી આંદોલનો જવા માંડે છે. નિષ્કપટી અને સત્યપ્રિય મનુષ્ય હજારો અસત્ય બાબતોમાંથી, સત્ય બાબતો કયી છે તે તરતજ પારખી શકે છે. સત્યનો સદ્દગુણ આવતાં બધા દુર્ગુણો નાશ પામવા લાગે છે. કારણ કે જે મનુષ્યને સત્ય બોલવાનું હોય, તે કેટલાંક પાપો તો કરી શકેજ નહિ. તેને જે સત્ય હોય તે બોલવાનું હોય છે, તેથી ઘણા પ્રકારની કુટિલતાથી તે બચે છે.

જે મનુષ્ય અસત્યથી, કપટથી અથવા ઢોંગથી બીજાને છેતરવા પ્રયત્ન કરે છે તેનો પોતાનો અંતરાત્મા છેતરાય છે. તેથી તે અંતરાત્માનો અવાજ સાંભળી શકતો નથી, અથવા તો તેની ઝાંખી પામી શકતો નથી. માટે જેમબને તેમ મનુષ્યે ઢોંગનો ત્યાગ કરી સરળ પ્રકૃતિના બનવું. જ્યાં સરળતા ત્યાં પવિત્રતા, અને જ્યાં પવિત્રતા ત્યાં પ્રભુનો વાસ છે.

૧૮
મિથ્યાત્વ શલ્ય

આ મિથ્યાત્વશલ્ય એ અઢારમું આત્માના પ્રકાશને રોકનારૂ પાપસ્થાનક છે. તે છેલ્લું છે, પણ સૌથી પ્રથમ સ્થાન ભોગવે તેવું છે. તેનો અર્થ એ થાય છે કે મનુષ્યોના હૃદયમાં જ્યાં સુધી મિથ્યાત્વરૂપી તીર પ્રવેશેલું છે, ત્યાં સુધી તે મનુષ્યો કોઈ પણ કામ તથાવિધ ભાવથી કરી શકશે નહિ. મિથ્યાત્વ એટલે સત્યને અસત્ય માનવું, અથવા અસત્યને સત્ય માનવું તે. મિથ્યા એટલે જુઠું. વસ્તુને વસ્તુ સ્વરૂપે ઓળખવી તે જ્ઞાન, અને વસ્તુને અવસ્તુરૂપે ઓળખવી તે મિથ્યાત્વ છે. સાધુને અસાધુ તરીકે, અને અસાધુને સાધુ તરીકે, માર્ગને ઉન્માર્ગ તરીકે અને ઉન્માર્ગને માર્ગ તરીકે, ટુંકમાં વસ્તુને અવળે રૂપે સમજવી, એ સર્વ મિથ્યાત્વ છે. જ્યાં સુધી મિથ્યાત્વ અથવા અસદ્‌જ્ઞાન હોય, ત્યાં સુધી સદ્‌જ્ઞાન સંભવે નહિ. અને અસદ્‌જ્ઞાન રૂપી તીર હૃદયમાં પેઠું હોય, ત્યાં સુધી અનેક પ્રકારની શંકાઓ અને પ્રશ્નો થયાં કરે. તેવી સ્થિતિમાં મનુષ્ય દૃઢ નિશ્ચયથી કાંઈ પણ કામ કરી શકે નહિ. શ્રદ્ધા પૂર્વકના જ્ઞાન વિના ચારિત્ર સંભવી શકેજ નહિ.

આ મિથ્યાત્વ ઉત્પન્ન થવાનાં બે મુખ્ય કારણો છે, એક અજ્ઞાન અને બીજું દુરાગ્રહ.

મનુષ્યને રૂપાનું જ્ઞાન ન હોય તો ચળકતી છીપને રૂપા તરીકે માની લે. જેને સાચા હીરાનું જ્ઞાન નહોય તે પુખરાજને હીરો ગણી લે. તેમ સદ્‌વસ્તુનું જ્ઞાન જીવને ન હોય તો અસદ્‌વસ્તુને સદ્‌વસ્તુ તરીકે માનીલે. આનું નામ મિથ્યાત્વ–અથવા અસત્યજ્ઞાન. આ મિથ્યાત્વ સદ્‌જ્ઞાનથી નાશ પામે. સત્ય વસ્તુ જાણતાં મનુષ્ય અસત્યનો ત્યાગ કરે. શ્રી મહાવીર પાસે જે દ્વિજો–બ્રાહ્મણો દીક્ષા લઇ ગણધર થયા, તે સર્વેને જ્ઞાન નહોતું એમ નહિ. જ્ઞાન તો હતું, પણ તેમાં કેટલાક દોષ હતા; પણ તેઓ જ્ઞાનના સત્ય તત્ત્વ જાણવાને આતુર

હતા. તેથી સત્ય જ્ઞાન મળતાં તેઓએ પોતાનો **અજ્ઞાનમત** છોડી દીધો, માટે મિથ્યાત્વ–અથવા અસદ્જ્ઞાન દૂર કરવાનો સારો ઉપાય સદ્જ્ઞાન છે. લોકોને સદ્જ્ઞાન આપવામાં આવે તો ઘણા જીવો પોતાની ભૂલો સુધારવા તૈયાર હોય છે.

ઇંગ્લાંડમાં એક એવો વિચારક પક્ષ છે કે જે પોતાને Agnostic કહેવરાવે છે. તેનો અર્થ 'અજ્ઞાનવાદી' એવો થાય છે. તેઓ કહે છે કે "અમને અમુક બાબતોના પુરાવા આપો, એટલે અમે તે વાત માનવાને તૈયાર છીએ." આવા મનુષ્યો જ્ઞાનના જીજ્ઞાસુ કહેવાય, અને તેમને સદ્જ્ઞાન આપવામાં આવે, તો પોતાની ભૂલ ક્યાં છે, તે સમજી તે દૂર કરવાના પ્રયત્ન કરે.

પણ કેટલાક એવા મનુષ્યો હોય છે કે જેઓ ખોટા દુરાગ્રહી હોય છે. તેમને સમજાવવાનું કામ ઘણું કઠણ છે. તેઓ પ્રથમ પકડેલી વાતને કદાપિ મૂકતા નથી.

तातस्य कूपोऽयं इति ब्रुवाणाः क्षारंजलं कापुरुषाः पिबन्ति– આ બાપનો કુવો છે, એમ કહી કાયર પુરૂષો બીજે મિષ્ટ જળ મળતું હોય છતાં ખારૂં જળ પીએ છે. તેમનામાં વિવેક શક્તિ હોતી નથી. એ તો સમય જતાં દુઃખ પામીને જ્ઞાન પ્રાપ્ત કરશે. દુરાગ્રહીને સુધારવાનો બીજો માર્ગ નથી.

તત્ત્વવિદ્યા ઉપર શ્રદ્ધા એનું નામજ સમ્યગ્દર્શન, એમ જૈનશાસ્ત્રકારો કહે છે. જ્ઞાન અને ચારિત્રની વચ્ચે આ શ્રદ્ધાના અંકોડાની ખામી જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય છે. મનુષ્ય જાણે, **પણ તે પ્રમાણે,** વર્તી શકે નહિ. કારણ કે તેના દિલમાં તે જ્ઞાન વિષે પૂર્ણ શ્રદ્ધા હોતી નથી. જ્યાં શ્રદ્ધા આવી, એટલે તે પ્રમાણે અવશ્ય કાર્ય થવાનું. કદાચ મનુષ્ય પોતાના જ્ઞાન પ્રમાણે આચરણ ન કરી શકે, પણ જો તેને તે જ્ઞાનપર શ્રદ્ધા હોય તો વ્હેલો મોડો તે પ્રમાણે વર્તવાનો. આ જ્ઞાન તે Right belief–સાચી શ્રદ્ધાનું છે. તેટલા વાસ્તે કહેવામાં આવ્યું છે કે ચારિત્રથી ભ્રષ્ટ થએલા જીવો

પણ સિદ્ધિ પામે, અર્થાત્ અત્યારે પોતાની માન્યતા પ્રમાણે જીવો આચરણ ન રાખી શકતા હોય, છતાં જો તેમની માન્યતા સત્ય હોય તો ધીમે ધીમે તેમની માન્યતા કાર્યમાં ઉતરશે, અને તેઓ ઈષ્ટસિદ્ધિ કરી શકશે. અને જો મનુષ્ય સત્યશ્રદ્ધાથી ડગ્યો તો તે સર્વથા ડગ્યો સમજવો. આ બાબતપર જૈનશાસ્ત્રકારો ઘણો ભાર મૂકે છે, અને તે વાજબી પણ છે. સચ્ચારિત્રનું મૂળ સત્શ્રદ્ધા અને સદ્જ્ઞાન છે. માટે જ કહેવામાં આવ્યું કે તત્ત્વોને યથાર્થ **સમજી** તે પર **શ્રદ્ધા** રાખો અને જ્યાં સદ્જ્ઞાન પ્રાપ્ત થયું, એટલે મિથ્યાત્વ ચાલ્યું જશે. હૃદયમાં અપૂર્વ બળ આવશે. કારણ કે અજ્ઞાન જતાં જીવને આત્માના અસ્તિત્વપર, આત્માના અમરત્વપર, કર્મના નિયમ પર, પુનર્જન્મના સિદ્ધાંતપર, સાધુઓ, ઉપાધ્યાયો, આચાર્યો, અર્હંતો, સિદ્ધોપર તથા પોતાનામાં રહેલા અપૂર્વ બળપર વિશ્વાસ આવશે—શ્રદ્ધા પ્રકટશે; પછી સર્વ મુશ્કેલીઓ દૂર થશે. આત્માના બલુનમાં શ્રદ્ધાનો પવન ભરાશે, પછી નજીવી દોરીઓ તુટતાં વાર લાગશે નહિ. અને બલુન પોતાનો ઉંચે ઉડવાનો માર્ગ લેશે, માટેજ કહેવામાં આવે છે કે સમ્યગ્દર્શન થતાં—તત્ત્વોપર પૂર્ણ શ્રદ્ધા થતાં જીવનો ઘણો માર્ગ કપાઇ જાય છે, અને તેને પાછા પડવાનું ભાગ્યેજ થાય છે. તે જીવ હવે નિર્વાણ સુધી વહેતા ઝરામાં પગ મૂકે છે. ત્યાંથી આગળ વધ્યાં કરે છે. શ્રદ્ધા પર્વતને હલાવે છે. શ્રદ્ધા એ પરમબળ છે. શ્રદ્ધા એટલે દૃઢ નિશ્ચય. મનુષ્યને જ્યાં સત્ તત્ત્વો પર શ્રદ્ધા થઇ એટલે તેનું જીવન ઉન્નત થયા વિના રહેતું નથી.

અધમ પુરૂષ રાજદંડના ભયથી પાપકર્મ કરતો નથી, મધ્યમ પ્રકારનો મનુષ્ય પરલોકના ભયથી ખોટું કામ કરતો નથી. અને ઉત્તમ પુરૂષ તો સ્વભાવથી જ તેવા કામથી અલગ રહે છે. જે ઉત્તમ પુરૂષ છે, તેતો જ્ઞાનદૃષ્ટિથી પોતાના આત્માના સ્વભાવને સમજે છે, અને પાપકર્મ કરતો નથી, પણ મધ્યમ પ્રકારનો મનુષ્ય પણ જો તેને ધર્મનાં તત્ત્વો પર શ્રદ્ધા હોય તો પાપકર્મ કરે નહિ. પરભવમાં અશુભ

કાર્યોનાં અશુભ ફળો ભોગવવાં પડશે, એવી તેને પૂર્ણ પ્રતીતિ હોય તો તેનાથી ખોટાં કામો થાય જ કેવી રીતે ? કેપ્ટન પર શ્રદ્ધા રાખી આપણે વહાણમાં બેસી સમુદ્રને ઓળંગી જઇએ છીએ. તેમ જ્ઞાની-સર્વજ્ઞ મહાત્માઓ-તીર્થંકરોનાં વચનો પર શ્રદ્ધા રાખી તેમનાં વચન પ્રમાણે આપણું જીવન ગાળી આપણે આત્મશ્રેય સાધી શકીએ. તેઓ નિષ્કારણ જગદ્‌બંધુ હતા. તેમને અસત્ય બોલવાનો હેતુ નહતો. તેઓનું ઉચ્ચ અને પરોપકારી જીવન જ આ બાબતની સાક્ષી પુરે છે. અને જો આપણે તેમના કહ્યા પ્રમાણે વર્તવા માંડીએ તો અહીંને અહીં આપણને તેમના વચનની સત્યતા જણાઈ આવે છે, તો પછી જે બાબતોમાં આપણી મતિ કામ ન કરતી હોય, તેવી બાબતોમાં તેમના વચનપર શ્રદ્ધા રાખી વર્તીએ તો લાભ થવાનો મોટો સંભવ છે. જે કામ આપણી નૈતિક ભાવના કે અંતઃકરણ વિરૂદ્ધ હોય તેવું કાર્ય ગમે તેવો મહાપુરૂષ કહે તો પણ આપણે કરવાનું નથી. પણ જ્યાં ધર્મોનાં સત્યોપર શ્રદ્ધા રાખવાથી બળ, ઉત્સાહ, ઉચ્ચતા અને સમભાવ પ્રકટ થતાં હોય ત્યાં તેવી શ્રદ્ધા રાખવી એ વાજબી છે.

શ્રદ્ધાથી માનેલી સત્ય વાતો ધીમે ધીમે આપણા અનુભવજ્ઞાનમાં આવશે; અને પછી શ્રદ્ધા તે સાચી શ્રદ્ધા થશે. પછી મિથ્યાત્વનું શલ્ય (તીર) હૃદયમાંથી હમેશના વાસ્તે ચાલ્યું જશે, અને આપણે પણ જોશપૂર્વક-શક્તિ પૂર્વક આપણા ખરા ઉદ્‌ગારો કાઢીશું, આપણને સમ્યગદર્શન થશે, અને આપણું જીવન તદ્દન બદલાઈ જશે. આ મિથ્યાત્વ-અજ્ઞાન ગયું, અને સત્યતત્ત્વોપર શ્રદ્ધા થઇ એટલે બીજાં પાપસ્થાનકોનો ત્યાગ કરવાનું કામ ઘણું સુગમ થશે અને આપણાં પૂર્વનાં કર્મ ઘણાં નિબીડ (તીવ્ર) નહીં હોય તો અલ્પ સમયમાં આપણે આત્મકલ્યાણ કરી શકીશું.

સમાપ્ત.

અમદાવાદ—ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં,
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.